આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૧ | સળંગ અંક : ૪૯૨ | અંક : ૨ | મે-૨૦૧૮

## ગ્રીષ્મ ઋતુ




ધાર્મિન રૈયાણી (ભૂતપૂર્વ વિદ્યાર્થી, શેઠ અ.હ.સરસ્વતી વિદ્યાલય, (સાયન્સ ૨૦૦૨)

તમે કરકસરને ઉત્તેજન આપ્યા વિના
સમૃદ્ધ થઈ શકો નહીં.

તમે સબળને નિર્બળ કરી
નિર્બળને સબળ કરી શકો નહીં.

તમે મોટા માણસને હલકા પાડી,
બળવાનની ખુશામત કરી શકો નહીં.

તમે માલિકની નિંદા કરી
નોકરને મદદ કરી શકો નહીં.

તમે વર્ગવિગ્રહને ઉત્તેજન આપી,
બંધુત્વને પોષી શકો નહીં.

તમે ધનિકનો નાશ કરી
ગરીબને સહાય કરી શકો નહીં.

તમે ઉધાર લઈ નિરાંત ભોગવી શકો નહીં.

તમે કમાણી કરતાં વધુ ખર્ચ કરી મુશ્કેલી ઓળંગી શકો નહીં.

તમે માનવીને સ્વતંત્રતા કે આત્મનિર્ભરતા પર કાપ મૂકી
તેને ચારિત્ર્યવાન કે નિર્ભય બનાવી શકો નહીં.

તમે બીજાએ જે કરવું જોઈએ તે કરીને, તેને મદદરૂપ થઈ શકો નહીં.

- અબ્રાહમ લિંકન

# ઘરશાળા

**મે - ૨૦૧૮**

**વર્ષ : ૪૧ સળંગ અંક : ૪૯૩**

સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| **લવાજમ :** | **ભારત** | **પરદેશ** | |
|---|---|---|---|
| **વાર્ષિક :** | **૧૫૦/-** | **૪૦** | **૨૫** |
| **આજીવન** (૨૦ વર્ષ) | **૨,૦૦૦/-** | **૨૦૦** | **૧૦૦** |



**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | હેતલબેન શાસ્ત્રી / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૬ |
| ચારિત્ર્યની ઓળખ સામાજિક ઉત્તરદાયિત્વમાં | મનસુખ સલ્લા / ૧૯ |
| 'પહેલું સુખ તે જાતે નર્યા' | ડૉ.ઉર્મિલા શાહ / ૨૧ |
| "પ્રકૃતિ વસંત સંગાથી" | રાજેશ બારૈયા "વનવાસી" / ૨૨ |
| ડેલોર્સ શિક્ષણ પંચ અને બાળ શિક્ષણ | ડૉ. રવીન્દ્ર અંધારિયા / ૨૩ |
| વડીલોના વર્તનનો વારસો | રણછોડ શાહ / ૨૫ |
| પ્રાથમિક શાળામાં અસરકારક અંગ્રેજી પ્રત્યાયન | પ્રવીણ કે. મકવાણા / ૨૮ |
| નિવૃત્ત શિક્ષકોનું શૈક્ષણિક દાયિત્વ | સંજય આર. તલસાણિયા / ૩૦ |
| આંબેડકર અને ગાંધી : કેટલીક ગેરસમજૂતીઓ દૂર... | નારાયણ દેસાઈ / ૩૧ |
| પરિવાર | મિત્તલ પટેલ / ૩૫ |
| પરમવીર ચક્ર - | પાલખીવાલા અમિતા મનુભાઈ / ૩૭ |


# "ઘરશાળા"
# શૈક્ષણિક માસિક

### લેખક જોગ - વાચકો જોગ

**માહિતી મોકલવા માટે ઈ-મેઈલ**

**gharashala@saraswatividyamandal.org**

**વાંચવા માટે**

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## માતા-પિતાની જીવનશૈલીની બાળવિકાસ ઉપર અસર


બાળકના સમગ્ર જીવનવિકાસ અને વ્યક્તિત્વ ઉપર તેનાં માતા-પિતાની જીવનશૈલી અને ઘરના વાતાવરણની ભારે અસર પડે છે.

કોઈપણ બાળક જન્મથી કંઈ મહાપુરુષ કે નિષ્ફળ થવા નાલાયક હોતું નથી. આ મહાનતા કે નિષ્ફળતાના માપદંડો બાળપણમાં તેનાં માબાપે તેને કઈ રીતે ઉછેર્યું છે; તેને કેવો, કેટલો અને ક્યારે પ્રેમ આપ્યો છે, તેના ઉપર આધાર રાખે છે.

બાળઉછેર કઈ રીતે કરવો તેના જ્ઞાનથી મોટા ભાગનાં માબાપ અજાણ હોય છે. સામાન્ય રીતે બાળક સૌ પ્રથમ તેનાં માબાપ અને ઘરના વાતાવરણથી પ્રભાવિત થાય છે. ઘર અને તેની પ્રાથમિક તાલીમશાળા કે સંસ્કારધામ છે અને માબાપ તેનાં પ્રથમ શિક્ષકો છે.

માતા-પિતાની જીવન-પદ્ધતિ, વર્તન-વ્યવહાર અને સુટેવો-કુટેવોની બાળક ઉપર ઘણી મોટી અસર થાય છે. તેથી બાળકના સર્વાંગી વિકાસ માટે માબાપે પોતે સમતોલ વર્તન કરવું જોઈએ ને સુમધુર વાતાવરણ જાળવવું જોઈએ. પોતાના બાળકને જેવું બનાવવું હોય તેવું પ્રથમ માબાપે બનવું જોઈએ. બુદ્ધિશાળી, નિયમિત, વિવેકી અને આજ્ઞાંકિત તથા પરિશ્રમી બાળક બનાવવાની અપેક્ષા રાખનાર માબાપે તેવાં બનીને બાળકને દાખલો બેસાડવો જોઈએ. શિસ્તનું પાલન કરાવતાં પહેલાં પોતે શિસ્તબદ્ધ બનવું પડશે. બાળકનું આચરણ અને વર્તન-વાણી-વ્યવહાર શ્રેષ્ઠ બનાવવાની ઈચ્છા રાખનાર માતા-પિતાએ તેવું અને તેટલું શ્રેષ્ઠ આચરણ જીવનમાં કરવું જોઈશે.

ભણવામાં અને તે પછી જીવનમાં તેજસ્વિતા પ્રાપ્ત કરનારાં બાળકોના વિશિષ્ટ અને પ્રેરક ઘડતર માટે તેમનાં માતા-પિતાએ તેવી ભૂમિકા ઘરમાં અને બહાર ભજવવી જોઈશે. અતિ પ્રભાવશાળી અને મહાન વ્યક્તિઓનું બાળપણ તેમનાં માબાપોએ કેટલી સારી રીતે પસાર થવા દીધું હશે, કે જેના પરિણામે તેઓ આ ઊંચાઈએ પહોંચી શક્યાં !



# સંપાદકીય

હેતલબેન શાસ્ત્રી

## વેકેશન

મે મહિનો એટલે બાળકો માટે આનંદો, આનંદો... શાળામાંથી ગૃહકાર્યમાંથી મુક્તિ. આવા ફુરસદના સમયનો સદ્ઉપયોગ કેવી રીતે થાય તે માટે માતા-પિતાએ વિશેષ કાળજી લેવી જોઈએ. જેથી બાળક મોબાઈલ, ટીવીના અતિરેક્તનો ભોગ ન બને. પોતાના બાળકને અન્ય સ્વજનો જેવા કે મામા, કાકા, ફોઈના ઘરે મોકલવા જોઈએ અથવા અન્ય સ્વજનોના બાળકોને પોતાના ઘરે આમંત્રવા જોઈએ. જેથી કૌટુંબિક ભાવના, આત્મિયતા, અન્યોનું સન્માન, સહનશીલતા જેવા ગુણો બાળકો કેળવી શકે. વેકેશન દરમ્યાન બાળકોને ગ્રામ્ય દર્શન કરાવી ગ્રામ્ય જીવનનો અનુભવ મળે તેવું આયોજન કરી શકાય. ખેતરમાં રાખેલ નાના નાના ધરુઓ, ઝાડ પર ઉગેલા લીંબુ, ચીકુ, કેરીઓના ઝૂમખાં જોઈને બાળકને રોમાંચિત થવા દેવા જોઈએ. નદીના પાણીમાં છબછબિયાનો આનંદ લેવા દેવો જોઈએ. કાલ્પનિક, શ્રમ વગરની રમતો રમવાને બદલે બાળકો પોતાના વયસ્કો સાથે કે માતા-પિતા કે કુટુંબના અન્ય સભ્યો સાથે ઘર બહારની પારંપરિક રમતો સાથે મળીને રમે તેવું આયોજન ઘરના વડીલો દ્વારા કરવું જોઈએ. જુદાં જુદાં પ્રાણીઓ, પક્ષીઓથી પરિચિત થાય તેમના પ્રત્યે કરુણા જાગે તેવા પ્રસંગો માતા-પિતાએ ઊભા કરવા જોઈએ. બાળક ઘરનું નાનું નાનું કામ શીખી જેમ કે પોતાની પથારી બનાવવી, ઉપાડવી, શાકભાજી, કરિયાણું ખરીદવા માતા-પિતા સાથે જવું. ઘરના રસોડામાં મનપસંદ વાનગી માતા-પિતાની હાજરીમાં બનાવવી અને ઘરના બધા સભ્યો સાથે માણવી. ઘરની, આંગણાની સાફ-સફાઈ કરવી વગેરે... આવા અનેક નાના-નાના કામો દ્વારા બાળકની સામાજિક, પ્રાકૃતિક, સર્વાંગિક લાગણીઓનું ઘડતર આપમેળે થતું રહે છે. જે બાળકના સર્વાંગી વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપે છે. બાળકના ફુરસદનો સમય નવીનતાભર્યો, આનંદભર્યો બને તો તેને આગામી નવા શૈક્ષણિક વર્ષ માટે નવીન ઊર્જા મળી શકે જે તેના અભ્યાસમાં ઉપયોગી બને. માતા-પિતા જો પોતાના પાલ્ય માટે થોડીક જાગૃતિ દર્શાવે તો ચોક્કસપણે બાળકનો ફુરસદનો સમય જીવનલક્ષી કેળવણીમાં જરૂર ઉપયોગી નીવડે.



# સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

**મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.**

## એક ગૌરવગાથા

**સ્વાતંત્ર્યની ઝંખનાનો જન્મ :**

પ્રારંભમાં જ અમારું ગૌરવ
નવ અરુણોદય જય જય હો...
પૂર્વ દિગંચલ હો... જ્યોતિર્મય... જય નવ અરુણોદય...

રઘુભાઈએ નાના પ્રશાંતને ઊંચકી ઊંચો કર્યો. તેઓ ગોળ ગોળ ફરે અને ગીત ગાતા જાય. ખૂબ આનંદમાં હતા. 'નવ અરુણોદયનો જય' ગુરુદેવની આ પંક્તિઓ ૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે કેવી બંધબેસતી હતી ? જાણે આજને માટે જ આ કવિતા ગુરુદેવથી લખાઈ હશે ? રઘુભાઈ તો આ પંક્તિઓ ગાતા જાય અને ગોળ ફરતા જાય - પ્રશાંત એમના માથા પર તાલ દેતા જાય. "બાપુ રમવાની મજા પડે છે હોં" કોમળ અવાજે પિતા સાથે તે વાત કરવા લાગ્યો. રઘુભાઈ કહે, "નાનકડા પઠાણ, આજે તો તને હું કંઈક સરસ દેખાડવા લઈ જાઉં છું. ત્યાં હું એકલો નહીં નાચતો હોઉં - ઘણા ઘણા લોકો નાચતા હશે. આવવું છે ને ?

"પણ કેમ આજે નાચતા હશે ?" નાના બે વર્ષના પ્રશાંતને જિજ્ઞાસા થઈ. બધું સમજાતું ન હતું એટલે પૂછ્યું. નાચતા એટલા માટે હશે કે આપણો દેશ છે ને ? જ્યાં આપણે રહીએ છીએ, એ અંગ્રેજોના હાથમાં હતો. તે આપણે પાછો લઈ લીધો." મેં કહ્યું, "એને શું આવું બધું સમજાય ?" તેમાં પણ મોટી મોટી વાતો કેવી રીતે સમજાય." "ભલે, ચાલો. આજે પ્રશાંતને બધું યે દેખાડીએ." પ્રશાંત બે મિનિટમાં આપણે અમદાવાદ શહેરમાં પહોંચી જઈએ. જો તો ખરો કેવું જોવા મળશે."

અમે શહેરમાં પહોંચ્યા. સ્વતંત્રતાનો (૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટનો) ઉત્સવ જોવા અમે રીચી રોડ પર પહોંચી ગયા. માનવમેદની તો જાણે રસ્તાઓ ઉપર સમાતી ન હતી. "વંદે માતરમ્", "ભારતમાતાની જય", "મહાત્મા ગાંધી અમર રહો." માનવ મહેરામણના એ બુલંદ અવાજોથી આકાશ ભરાઈ જતું હતું. રઘુભાઈએ હવે પ્રશાંતને ખભા પર બેસાડી દીધો. "જો પ્રશાંત હવે બધું દેખાય છે ને ?"

"હા, બાપુ ઝંડાઓ પણ દેખાય છે, રંગબેરંગી છે હોં." ત્રિરંગા ધ્વજથી રસ્તાઓ છવાઈ ગયા હતા. શું એ આનંદ ? સૌને આજે સ્વાતંત્ર્યની વાતથી હૈયું હાથમાં રહેતું ન હતું. સ્વાતંત્ર્યની એ પૂર્વ સંધ્યા-લોકોના આનંદને ઉજવવા ઊમટી પડી હતી.

રીચી રોડ, રીલિફ રોડ, પોળો, ભદ્ર પાસેનો ચોક, એલિસબ્રિજ અને ત્યાંના લત્તાઓ જાણે ચારેય દિશાઓમાં માનવ - મહેરામણ ઊભરાઈ રહ્યો હતો. અંગ્રેજોની ગુલામીમાંથી છૂટ્યા એનો હરખ આજે કેમ છુપાવી શકાય ? રાષ્ટ્રગીતો, રાષ્ટ્રધ્વજ અને ગીતો સાથે લોકો નાચતા હતા.

આ બધું જોઈને પ્રશાંતે પૂછ્યું : "બાપુ આમ આટલા બધા લોકો ભાવનગરમાંયે નાચતા હશે ?" અમે હસી પડ્યાં. તેને મન તો અમદાવાદ અને ભાવનગર ભારત દેશ હતો. "હા... હા... ભાવનગર શું ? દેશની એકએક જગા પર નાચતા હશે." ત્રણ કલાક સુધી ફરીને પછી અમે ઘેર ગયાં. "લક્ષ્મણ ઑફિસમાંથી ભારતનો નકશો લઈ આવ તો." રઘુભાઈએ પ્રશાંતને બતાવવા નકશો મંગાવ્યો હતો. નકશામાં આખું યે ભારત પ્રશાંતને દેખાડ્યું. કદાચ થોડું સમજાયું હશે. પણ અમે ત્રણે તો સવાર સુધી અમારા આ નાના રૂમમાં સ્વાતંત્ર્યનો ઉત્સવ ઉજવ્યો, નાચ્યા, કુદ્યા. લક્ષ્મણ પ્રેક્ષક બન્યો.

**કરુણ કહાની આઘાત (સ્વતંત્ર ભારતના ઈતિહાસનું પહેલું પાનું)**

પણ હજુ તો આનંદોત્સવની હૃદયમાં જન્મેલી ભાવનાઓનો પૂરો અનુભવ - પૂરો થયો ન હતો ત્યાં આ શું ? કોમવાદનો ક્રૂર પંજો દેશભરમાં ફેલાઈ ગયો ? દેશના બે ભાગ થતાં દેશવાસીઓને ભારે હેરાનગતિ થઈ. અંગ્રેજો

કોમવાદનું મૂળ નાંખતા ગયા હતા. આ તેની ઝેરી અસર હતી. પાકિસ્તાનથી હિન્દુઓ નિરાશ્રિત થઈ ભારતમાં આવી રહ્યા હતા. જ્યાં જે પ્રાંતમાં જગા મળે ત્યાં જતા હતા. પોતાના સરસામાન માથે ઊંચકી લેતાં. નાનકડી જમીન કે જગ્યા જ્યાં મળે ત્યાં રહેતા. આમ પાકિસ્તાનથી લાખો હિન્દુઓ - સિંધીઓ આવ્યા. ગુજરાતમાં પણ સિંધીઓનાં ટોળાં જિંદગી બચાવીને આવ્યા.

આવી રીતે અમદાવાદ શહેરમાં પણ નિરાશ્રિતોનાં ટોળાં આવ્યાં. શહેર ભરાઈ ગયું. ગલીઓ, ફૂટપાથો, ખાલી ઘરોના ખુલ્લા ઓટલાઓ, બધુંયે ભરાઈ ગયું. ખાલી જમીન તેમનું ઘર બની ગયેલું હતું. રેલવેના પ્લૅટફૉર્મ પરનું દૃશ્ય જોઈ શકાતું ન હતું.

લાખો નિરાશ્રિતોના દુઃખોથી ધરતી - આંસુ ભીની થઈ ગઈ. કેટલાયે કુટુંબોનું રહેઠાણ નીચે ધરતી, ઉપર આસમાન. તેમની પાસેથી પસાર થઈએ તો નિઃસહાય ચહેરાઓ, નિઃસાસાઓ જ જોવા અને સાંભળવા મળતા.

પોતાના દેશમાં પાછા જતાં જતાં અંગ્રેજોએ દેશને - વેરણછેરણ કરી નાંખ્યો. બળતું ઘર દેશના નેતાઓ આપતા ગયા. કાપાકાપી, હત્યાકાંડના સમાચારોથી છાપાંઓ ભરાઈ જતાં. પાકિસ્તાનથી આવતા લોકોને જે ટ્રેનો ઠાંસોઠાંસ ભરાઈને દેશમાં લાવતી. તો વળી કોઈ ટ્રેનમાં કપાઈ ગયેલા મૃતદેહો જોવા મળતા. સ્ટીમર મળે તો સ્ટીમરમાં લોકો આવતાં. મારાં ભાભી મૃદુલાબહેન હજુયે કોઈવાર સ્ટીમરમાં આવવા માટે બંદર પર કેટલો સમય રાહ જોવી પડેલી - બંદર પર કેવો ડર હતો. હિંદુઓ ઉપર કેવો જુલમ થયેલો તેનું સ્મરણ કરતાં.

૫૦ વર્ષ પછી પણ વાત સંભારતા મૃદુલાબહેનનું હૃદય ધ્રૂજી જાય છે. જેમ જગા મળે એમ સૌ આવતા. લોકો પગપાળા પાકિસ્તાનની બોર્ડર ઓળંગીને ચાલી આવતા. લોકોની વણઝારથી રસ્તાઓ ભરેલા રહેતા હતા. આ દેશમાં પાછા આવતા જે કંઈ થોડું ઘણું બચ્યું હતું તે લઈને સામાનનાં પોટલાંઓ વારાફરતી ઊંચકતા અને ચાલ્યા જ કરતા. રસ્તામાં જ કોઈની 'મા' તો કોઈની બહેનનો ભાઈ તો કોઈના પિતા મૃત્યુ પામતા અથવા તેમને ઉપાડીને અદશ્ય ઇતિહાસનું અર્ધું પાનું, દેશમાં દરેક માનવીનું હૃદય હચમચાવી ગયું. આખાયે દેશમાં ક્રૂરતાનો પંજો અને કરુણાનું મોજું ફરી વળ્યું.

**આપણો જ લત્તો :**

"આ બધા નિરાશ્રિતો કેવા ફેલાઈને પડ્યા છે. તેમના દુઃખો પર એક નજર નાંખીએ. શહેરમાં કે જ્યાં તેઓ હોય ત્યાં ત્યાં જઈએ તો ?" નિરાશ્રિતોની વાતો સાંભળી મન જ્યારે ખૂબ અકળાઈ ગયું ત્યારે મેં રઘુભાઈને કહ્યું, તેઓ તરત જ બોલી પડ્યા. "શહેરમાં કે બીજી કોઈ જગ્યાએ જવાની જરૂર નથી. ચાલો ને મારી સાથે કાલુપુર રેલવે સ્ટેશન. રેલવેનું પ્લૅટફૉર્મ. બ્રિજની આસપાસ આવેલી ખાલી જગ્યાઓ. વસોભુવન - સરસપુરની જરાક બહાર જઈએ તો ખાલી જગ્યાઓ પર સિંધીઓ જોઈ શકશો. આપણી આસપાસની જગાઓ તરફ નજર કરીએ. શાળાની આસપાસના જ લત્તાઓ જોઈ જઈએ.

રઘુભાઈનો આ વિચાર ખરેખર વાસ્તવિક હતો. બીજે જ દિવસે સવારમાં અમે બહાર નીકળ્યાં. સિંધી મંડળીઓ નજીક જતાં પહેલાં જ મન અકળાવા લાગ્યું.

"જોયું ? આ કોમવાદનું પરિણામ ?" મનની અકળામણ બહાર આવી ગઈ. આપણાં જ ભાઈ-બહેનો પણ ક્રૂર કોમવાદનો ભોગ બનેલા જોવા મળશે. તેઓ જાણે સ્વગત બોલી રહ્યા હતા. અવાજમાં દર્દ હતું.

**અમે શું જોયું ?**

શાળાના દરવાજાની બહાર નીકળ્યા. અમે વસોભુવન તરફ ગયાં તો તેમની સામેની ફૂટપાથ ઉપર જે કંઈ જગાઓ હતી તેના પર બેઠેલાં કુટુંબો જોયાં. એવું જ દશ્ય કાલુપુર પુલ પાસે જોયું. આસપાસથી ત્રણ ઈંટો લઈને તેનો ચુલો બનાવીને તેના પર રોટલી શેકતી બહેનો જોઈ. માત્ર એકલી રોટલી ખાતા બાળકો જોયાં. જરાક આગળ ચાલ્યા. મેલાં-ઘેલાં, એક જ વસ્ત્ર પહેરેલા છોકરા-છોકરીઓ રમતાં જોયાં. જ્યાં રહેતા હતાં - એ જગાએ ગંદા પાણીની નીક વહેતી હતી. તેમનાં કપડાં, રહેવાની જગા વગેરે જોઈને મનમાં ઉદ્વેગ થતો હતો.

એક વખત તો હિંમત એકઠી કરીને અમે પેલા રમત

રમતા છોકરાં-છોકરીઓ પાસે ગયાં. માથા પર હાથ મૂકીને રઘુભાઈએ પૂછ્યું, "દોસ્ત, તુમ્હારા નામ ક્યા હૈ ?" થોડીવાર તો તે અમારી સામે જોઈ રહ્યો. કદાચ પ્રેમાળ અવાજ એણે પહેલી વાર જ સાંભળ્યો હશે ? પણ તરત જ પાસે આવીને કહે, "મૈં કનૈયા હૂં" તેને વાતો કરતો જોઈને બે-ત્રણ છોકરીઓ પણ પાછળ દોડી આવી. એક બાળકી કહે, "સર, મેરા નામ રાધા હૈ." બીજો છોકરો કહે, "મૈં રમણ હૂં" આમ નામ પૂછવાથી અમને એકબીજા સાથે પરિચય થયો. બીજા અમારી આસપાસ આવીને વીંટળાઈ વળ્યા. દસ-બાર ડગલાં આગળ ચાલ્યાં. એક મંડળી પાસે ઊભા રહ્યા. તેમાં બે ત્રણ યુવાનો હતા. પંદર સોળ વર્ષના. શાળામાં ભણતાં હશે એમ લાગ્યું. તેઓ પણ અમારી તરફ આવ્યા. યુવાન હતા પણ ચહેરો નિસ્તેજ હતો. ઉદાસીનતાના ભાવો મોં પર છવાઈ ગયા હતા. તેમને જોઈને અમને પણ મનમાં દુઃખ થયું. પાસે ઊભેલા એક યુવાનને પૂછ્યું, "આપ કૌન સી કક્ષા મે પઢતે હૈ ?નામ ક્યા હૈ ?" આખરે તો શિક્ષકનો જ જીવ ને ? ક્યા ક્લાસમાં ભણો છો ? એવું પૂછાઈ ગયું. થોડીવાર તો એ એકીટસે અમારી તરફ જોઈ રહ્યો. પછી કહે કે "સર, મૈં દસવી ક્લાસ મેં પઢતા થા. અભી તો યે રાસ્તે પર પડે હૈ. મૈં ચેતન હૂં."

થોડીવાર તો તેનો જવાબ સાંભળી અમે હેબતાઈ ગયાં. અમે ચૂપ થઈ ગયા પણ એ યુવાને અમારી સાથે વાત ચાલુ રાખી. "બહેનજી પઢાઈ કી બાત ભૂલ ગયે હૈ લેકિન પિતાજી બહોત યાદ આતે હૈ. પિતાજી કો હમ ભૂલ નહીં સકતે, સિંધમેં સે નિકલને વાલે થે ઇતને મેં રાત કો કોઈ આયા, ઘરમેં ઘૂસા ઔર પિતાજી કો ઊઠા કર લે ગયે. હમારે સામને સે લે ગયે."

યુવાનની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. શા માટે તેનો ચહેરો નિસ્તેજ હતો તેનું ભાન અમને થયું. દુબળા-પાતળા હાથની આંગળીઓથી તેણે આંખો લૂછી. એટલામાં એક યુવાન પાસે આવ્યો. કહે કે "મૈં કનૈયા હૂં. (મેં ભી એક સ્કૂલ મેં નવમી ક્લાસ મેં થા) સાહબજી, મેરી બહન થી. હમારી આંખ કે સામને ઉસકો કાટ દિયા. ઘરકી બહાર ઘસીટા ઔર માર ડાલા. સાહબ ઐસી બાત કૈસે ભૂલ સકતે હૈ ?" ને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યો. ચેતને એને પકડી રાખ્યો. કનૈયાની મા ત્યાં આવીને ઊભી રહી ગઈ. દીકરાને પકડીને રડવા લાગી. દુઃખની વાતો કહેવા લાગી. બીજી સ્ત્રી પાસે આવી. સૌ હવે પોત-પોતાનાં મન ખોલવાં લાગ્યાં હતાં. રમણ પાસે આવીને કહે, "જૈસે હી હિન્દુસ્તાન આને કો ટ્રેન મેં હમ બૈઠે થોડી હી દેર મેં ટ્રેન ખડી હો ગઈ. મેરે ભૈયા કો ટ્રેન કે બહાર ફૂંક દિયા ઔર માર ડાલા ઔર યહીં હાલ દસ-બાર લોગોં કા હુઆ." જેમ જેમ સાંભળતા ગયા તેમ તેમ દુઃખોના ડુંગરોની વાત સાંભળવા મળી. સાંભળતાં પણ હૈયું હાથમાં નહોતું રહેતું તો જોનારાના હાલ શું હશે ? 'અરે, આ કોણ વળી, પેલી નાની બાળકી રાધા હતી." બહેનજી, મેરી મા કો ઢૂંઢ દીજીએના, વો મિલતી હી નહીં હૈ." રાધા જોરથી રડવા માંડી.

પાસે ઊભેલાં રાધાના પિતાએ એને તેડી લીધી. પિતા પણ રડ્યા. ખૂબ રડ્યા. "જબ સે રાધા કી મા એકદમ અદૃશ્ય હો ગઈ હૈ. તબ સે ઢૂંઢતી રહતી હૈ, ક્યા કરું ?" આંખમાં શ્રાવણ-ભાદરવો અને બોલવાનો પ્રયત્ન કરતો હતો. જ્યાં જુઓ, ત્યાં સાંભળો ત્યાં સૌ દુઃખિયા હતાં. અમને થયું કે, અમે હવે નહીં સાંભળી શકીએ. રાધા, તેના પિતા, દેવકી, કનૈયો, રુકિમણિ સૌ અમારી સામે જ ઊભા હતાં. ન સાંભળી શકાય તો ય એવી સાચી કથાઓને સાંભળી રઘુભાઈ કહે, "મેં તમને કયા ક્લાસમાં ભણો છો એ પૂછીને ભૂલ કરી એવું લાગે છે નહીં ? હું જવાબ આપું એ પહેલાં જ પેલી રાધા રડતી બંધ થઈ ગઈ હતી અને આવીને પૂછ્યું : "અંકલ મૈં ચોથી ક્લાસ મેં પઢતી થી." મોટી ઉંમરના યુવાનો પણ હવે શાંત થઈને અમારી પાસે આવ્યા. કયા કયા વર્ગમાં ભણતા હતા એ કહ્યું, "સર આપ કૌન હૈ ?કોઈ સરકારી અફસર હૈ ?" તરત જ એમણે પોતાની ઓળખાણ આપી. મૈં રઘુભાઈ હૂં, યે મેરી પત્ની હૈ. હમ દોનોં યહાં એક સ્કૂલ ચલાતે હૈ, લેકિન આપ કો કોઈ સરકારી અફસર કા કામ હો તો હમ જરૂર પતા કરેંગે." પેલા સિંધી ભાઈ કહે, ઔર તો કુછ નહીં લેકિન દેખિએના, હમ કહાં પડે હૈ, નહીં ઘર

હૈ, સુના હૈ, નિરાશ્રિતો કે લિયે સરકારને કેમ્પ બનાયે હૈ તો વો મિલે તો જાકે રહ સકતે હૈં. "હમ જરૂર પતા લગા કે આપકો બતાને કે લિયે આયેંગે." મેં જલદીથી જવાબ આપ્યો. માનવીના દુઃખની કોઈ સીમા ન હતી. કોણ કોને દુઃખ કહે, જયાં જાઓ ત્યાં આંસુ જ દેખાતાં હતાં. રેલવે પ્લૅટફૉર્મ પર ગયાં. ત્યાં પણ એ જ કરુણતા. અર્ધ નગ્ન બાળકો રઝળતાં હતાં. અમે આ બાળકોને જોઈ શકતા ન હતા. મિલકત, ઘર, સગાંવહાલાંથી દૂર એવો માનવસમૂહ જમીન પર પડ્યો હતો. રેલવે સ્ટેશનના, કાલુપુર તરફના દશ્યો જોઈ શકાતાં ન હતાં. તેથી ઘર તરફ વળ્યાં. નિઃસાસા, આંસુ, અસહ્યતા, સ્વજનોનો વિયોગ વગેરે તાદશ્ય ચિત્ર જોઈને મન સૂનમૂન બની ગયું. તેઓના આઘાતમાં અટવાઈ ગયાં. મન થંભી ગયું. હું, આવી મનની આ સ્થિતિમાં ચાલતા ચાલતા શાળાના દરવાજા પાસે પહોંચી ત્યાં જ એક સિંધી ભાઈ જાણે અમારી રાહ જોઈ રહ્યા હતા. પાસે આવીને રઘુભાઈને કહે કે, સા'બ મેરી ચાય કી લારી આપકા યે દરવાજા હૈ ન વહાં ઉસકી પાસ રખ શકતા હું ? તેઓ સિંધી હિન્દી બોલી રહ્યા હતા. "આપ જરૂર આપકી ચાયકી લારી યહાં રખીએ યે રાષ્ટ્ર કી સંપત્તિ હૈ. મૈં આપકો જો સહયોગ દે સકતા હૂં જરૂર દુંગા."

"તેના મોં પર પ્રસન્નતા દેખાઈ." આપકા ક્યા નામ ? મેં સૂરજમલ હૂં સા'બ. દુઃખ મેં ઇતના સહારા ભી મેરે લિયે બહુત હૈ."

તરત જ તેના ખભા પર હાથ મૂકીને રઘુભાઈએ ફરી મંજૂરી આપી. "બસ, તો અબ થોડા કપ-રકાબી ખરીદુંગા" તેણે કહ્યું. રઘુભાઈ કહે, "અભી મત ખરીદો. મૈં અભી આતા હું"

ઝડપથી રઘુભાઈ ઘેર જઈને અડધો ડઝન કપ-રકાબી ઘરમાં પડ્યા હતા તે લાવીને સૂરજમલને આપ્યા. અબ આપકી મંજૂરી પક્કી મિલ ગઈ." આપ છોટે બચ્ચોં કે ટીચર હૈ, લેકિન આજ સે મેરે લિયે બાપ જૈસે બન ગયે હૈ. તેણે કહ્યું.

વાત વાતમાંથી ખબર પડી કે તેનું તો આખું યે કુટુંબ ક્યાંક ખોવાઈ ગયું હતું.

"ચલો, આજ સે હમ દોસ્ત." એક સિંધીને દોસ્ત બનાવી શક્યો એથી સમુદ્રના એક નાનકડા ટીપાં જેટલો સંતોષ મને મનમાં થયો. મેં ઘરે જતાં જતાં રઘુભાઈને પૂછ્યું : તેઓ કહે "હજુ તો ઘણાં ટીપાંઓ બનવાનુ શરૂ કરવાનું છે." મને થયું જરૂર કંઈક પ્લાન કરી રહ્યા હતા. અમે ઘરે પાછા ફર્યા ત્યાં સાંજ પડવા આવી હતી. લક્ષ્મણ આવ્યો. પેલો પઠાણ ભૈયો પણ આવ્યો. "સા'બ કુછ બાત ક્યોં નહીં કરતે હૈ ?" એણે પૂછ્યું. મૈં ભૈયાને બધી વાત કરી. એ પણ દુઃખી થઈ ગયો. રાત પડી. જમ્યા વિના જ અમે સૂઈ ગયા. રાતના ૧૨ વાગ્યા હશે. મેં પડખું ફરીને જોયું તો રઘુભાઈ પથારીમાં બેઠા હતા. મેં પૂછ્યું : "કેમ ઊંઘ નથી આવતી ? શું વિચારમાં છો ? તેમણે સામેથી મને પૂછ્યું : તમને પણ ઊંઘ નથી આવતી ?" મેં કબૂલ કર્યું. "તો સાંભળો, હું શું વિચારું છું તે." રઘુભાઈ આગળ બોલ્યા.

આ દુઃખી માનવ પરિવારનાં બાળકોને સંભાળી લેવાનું કામ આપણે કરી લેવું જોઈએ. બધું જ સરકાર કરે અને લોકોનો કોઈ ફાળો નહિ ? સમાજની કોઈ જવાબદારી નહિ ?

"સરકાર પોતાની રીતે પ્રશ્નને હલ કરશે જ. પણ આપણે આ દુઃખી લોકોનું, દરિયા જેવું દુઃખ જોઈને મહાસાગરનું એક ટીપું બનવું જોઈએ." રઘુભાઈના અવાજમાં વ્યથા હતી જ. પણ કંઈક કરવા માટે વિચારી રહ્યા હતા. વળી, કહે આપણી શાળાની જ આસપાસ આટલો દુઃખી માનવ-મહેરામણ પડ્યો છે. શું કરીશું ? આમ આવા વિચારો કરતાં કરતાં જ સવાર પડી.

**મનોમંથન :**

બીજે દિવસે શાળા શરૂ થઈ. પ્રાર્થના શરૂ થતાં પહેલાં જ જેટલા શિક્ષકો આવ્યા હતા - તેને અમે જોયેલા. દશ્યની વિગતવાર વાત કરી. રાધાની અને તેના પિતાની વાત સાંભળતા સાંભળતા તેઓના હૈયા પણ ભરાઈ ગયાં હતાં, એ એમની આંખોમાં જોયું. "સર, આ રિપોર્ટ બાળકોને પણ આપો ને." એક શિક્ષકે કહ્યું, "પણ તમે બધી યે વાત સાંભળી છે. અમે શું જોઈ આવ્યા તે તમે જ પ્રાર્થનામાં કહો તો ?" મેં કહ્યું, "સર, પ્રાર્થનાની તૈયારી થઈ ગઈ છે. મહામંત્રી પ્રાર્થનામાં સૌ ગોઠવાઈ ગયા પછી રઘુભાઈને

બોલાવવામાં આવ્યા.'' પણ રઘુભાઈ તમે અને જશીબહેને બધુ આંખોઆંખ જોયું છે - તમે જ કહો ને ?'' ભલે હું કહીશ. રઘુભાઈ સંમત થયા. સંગીત અને શ્લોક પછી સુવિચાર પણ વંચાયો. બે મિનિટનું મૌન પૂરું થયું.

''વહાલા વિદ્યાર્થી દોસ્તો, શિક્ષકબંધુઓ, આટલું બોલીને તેઓ પાંચ-સાત સેકંડ એકદમ શાંત થઈ ગયા. મનમાં સ્વસ્થતા મેળવી. આગળ બોલ્યા, ''આજે તમને જે વાત હું કરવાનો છું એ તમે રોજ રેડિયો પર સાંભળો છો અને છાપામાં વાંચો છો.'' જશીબહેન અને હું કાલે સિંધથી આવેલા દેશ બાંધવોની હાલત જોવા ગયા. અમે એમની દુર્દશા જોઈ. કોઈએ ભાઈ ગુમાવ્યો છે. તો કોઈએ મા. કોઈએ પિતા કે કોઈએ યુવાન બેટી. નથી પૂરતું ખાવાનું અનાજ. નથી કપડાં.

આ બધાની મુશ્કેલી સરકાર જ ઉકેલે એવું ન વિચારતા તેમાં મારો -તમારો સમાજનો, શાળાનો, મહાશાળાનો સૌનો ફાળો હોય. સૌએ દુઃખના ભાગીદાર બનવાનું હોય એમ તમારા સૌના શિક્ષક તરીકે મને લાગે છે.

એમના રુદનથી ભારતમાંની ધરતી ભીંજાઈ રહી છે. વિચારીએ શું કરી શકાય તે ? તમે સૌ એક આખો દિવસ ભણવાનું બંધ કરીને સિંધીઓના કુટુંબો બેઠાં છે તે જુઓ. તેમની કથની સાંભળો. ક્યાંય દૂર નહીં જતાં શાળાની આસપાસ જ જજો. તમને એમની દર્દકથા સાંભળવાની મળશે.''વાત પૂરી થઈ. સૌ શાંત થઈ ગયા. ધીરે ધીરે સૌ વર્ગમાં ગયા.

રિસેસમાં મહામંત્રી અને બીજા ત્રણ ચાર યુવાનો ઑફિસમાં આવ્યા. ''રઘુભાઈ, દરેક વર્ગમાંથી ૩ વિદ્યાર્થીઓએ સિંધી પરિવારોને મળવા જવાનો કાર્યક્રમ રાખ્યો છે.'' જરૂર જાઓ. પછી શું કરવું એનો વિચાર કરજો.'' મેં કહ્યું...

બીજે દિવસે સવારમાં લગભગ ૨૦ જેટલા વિદ્યાર્થીઓ શાળા શરૂ થાય એ પહેલાં જ રઘુભાઈ પાસે પહોંચી ગયા. 'અમે જઈ આવ્યા સર.' તેઓ બોલ્યા, મને સર ક્યાં સુધી કહેવાના છો ? હું તો રઘુભાઈ અને આ જશીબહેન. બસ તે દિવસથી 'સર-સાહેબ' શબ્દ જતો રહ્યો.

'રઘુભાઈ, અમે કનૈયો, રાધા, દેવકી, રમણ - સૌને મળી આવ્યા. તમે મળેલા એનાથી યે વધારે કરુણકથાઓ સાંભળવા મળી. આપણે આ માટે શું કરી શકીએ ?'' મહામંત્રીએ પૂછ્યું.

**શાળા ચલાવવાના વિચારનો જન્મ :**

'જુઓ, સમાજમાં ઘણા લોકો બેસીને તમાશો જુએ છે. મહાસાગરનું એવું ટીપું આપણે નથી કરવું ને ?' મેં પૂછ્યું. ના જશીબહેન. ''પણ તમે શું સૂચન કરો છો ? આવડી મોટી આફતમાં આપણે શું કરી શકીએ ?'' એક વિદ્યાર્થીએ પૂછ્યું.

રઘુભાઈ કહે, આપણે સમુદ્રનું એક ટીપું બનીએ. સિંધી પરિવારોનાં બાળકોને ભણાવવા માટેની યોજના આપણાથી થઈ શકે ? આપણી શાળા છે. મકાન છે. ભણાવી શકે એવા વિદ્યાર્થીઓ છે. બોલો, એ લોકોની આવડી મોટી આફત અને આઘાત વખતે તેમના બાળકોની સંભાળ લઈને તેમને ભણાવીએ તો ? મને આવું કરવાની શક્યતા લાગે છે, કારણ કે આપણે કરી શકીએ તેમ છીએ.

મોટી આફત છે ને ? મહાસાગર કેવડો મોટો છે ? એનું એક એક ટીપું બનીએ તો પણ એક મદદ થઈ શકે અને તે એમના બાળકોને સંભાળીએ તે છે.'' રઘુભાઈએ કહ્યું.

આટલી વાત થઈ. થોડીવાર શાંતિ ફેલાઈ.

એકાએક દસમીનાં ભણતા યુવાન વિક્રમે હાથ ઊંચો કર્યો. 'રઘુભાઈ, અમારે મહાસાગરનું ટીપું બનવું છે. તેમના દુઃખને જોઈને બેસી નથી રહેવું. એમનાં બાળકોને અમે ભણાવશું.''

''બે-ત્રણ શિક્ષકો જેઓ અહીં બેઠા હતા તેમણે પણ રોજ એક-દોઢ કલાક ભણાવવા માટે સમય આપવાની સંમતિ આપી. વિદ્યાર્થીઓ ખુશ ખુશ થઈ ગયા.''

''તો સાંભળો'' મેં જ વાત શરૂ કરી.

તમે બધા ય ફરી પાછા કાલે એ સૌને મળો અને તેમને કહો કે તમારાં બાળકો આવે તો અમે ભણાવશું. પછી આપણે યોજના ઘડીએ.

''પણ જશીબહેન, અમે હમણાં જ જઈએ તો ? સારા કામમાં મોડા શા માટે પડવું ?'' મહામંત્રી બોલ્યા.

હવે વિદ્યાર્થીઓ જાતે આ યોજનામાં રસ લેશે અને મદદરૂપ થશે એમ અમને બરાબર લાગ્યું. મનમાં શાંતિ થઈ. વિદ્યાર્થીઓ ફરી સિંધી કુટુંબોને મળવા ઉપડી ગયા.

"હાશ, વિદ્યાર્થીઓ આ સિંધી કુટુંબોને ભણાવવાની યોજનામાં ભળે તો શિક્ષક તરીકે આપણને એમને ભેળવ્યાનો સંતોષ થશે." મેં કહ્યું, સાંજ પડી ગઈ તોયે વિદ્યાર્થીઓ પાછા ફર્યા ન હતા. રાત પડી. અમે તો લીમડા નીચે બેસીને એમની રાહ જોતા હતા. બસ, ત્યાં જ ઝડપથી વિદ્યાર્થીઓનું ટોળું અમારા ઘર તરફ આવ્યું.

તેઓ બોલ્યા, 'રઘુભાઈ, જશીબહેન ! અમે સો જેટલા વિદ્યાર્થીઓનાં નામ લઈને આવ્યાં છીએ. સૌ બાળકોના માતા-પિતા ખુશ હતાં.

"અમારા બાળકોને તમે ભણાવશો ? વાહ, આવો તો વિચાર તમને જ આવે. છોકરાઓ ભણવા માંડશે તો યે અમારું દુઃખ ઓછું થશે. આ રખડતાં, રઝળતાં અમારા બાળકો ઠેકાણે પડશે !" મોટેરાંઓએ કહ્યું અને પછી તેમણે અમારો આભાર માન્યો.

અમને તો ખાતરી જ છે કે કદાચ ૧૦૦ કરતાં પણ વધુ બાળકો થશે. આપણે ચાર-પાંચ રૂમની તૈયારી રાખવી પડશે. વિદ્યાર્થીઓએ ૧૦૦ બાળકોના નામનું લિસ્ટ તૈયાર કરી તેની એક કોપી અમને આપી અને એક કોપી તેમણે રાખી.

'રઘુભાઈ, એ લોકો કયા વર્ષમાં ભણતા હતા એ પણ તેમણે દરેકના નામ સામે જણાવ્યું છે.' મેં કહ્યું.

"મારા વહાલા બાળકો - વિદ્યાર્થીઓ, તમારા હાથે એક પુણ્યનું કાર્ય થઈ રહ્યું છે." બોલતાં બોલતાં તેમનું હૈયું ભરાઈ આવ્યું.

'રઘુભાઈ, જશીબહેન ઉદાસ ન થશો. તમારો વિચાર એટલો માનવતાથી ભરપૂર અને ઉમદા છે, અમે જો કામ ન કરીએ તો અમે જીવનમાં નાપાસ થયા ગણાઈએ.

મેં કહ્યું, 'તમારામાં વિશ્વાસ છે. શાળાની યોજના બે-ત્રણ દિવસમાં તૈયાર થઈ જશે. આજે ગુરુવાર છે. સોમવારથી શાળા શરૂ થઈ જશે. સૌ ઘરે ગયાં.

**અનોખી યોજના : (સિંધી બાળકોની શાળા)**

રવિવારની બપોર હતી. ત્યાં વિદ્યાર્થીઓની મંડળી આવી પહોંચી.

'કેમ અત્યારે સૌ આવી પહોંચ્યા ?' અમે પૂછ્યું.

'કાલની તૈયારી કરવા આવ્યા છીએ. આ બાળકો શાળામાં પ્રવેશે ત્યારે વાતાવરણ સરસ હોય તો તેમને અહીં જલદી ગમી જશે. તેમણે કહ્યું.

મહામંત્રીએ જ પ્રાર્થના સ્થળને સાફ કરવાની શરૂઆત કરી દીધી. બીજા બે વિદ્યાર્થીઓ પાણીની બે ડોલ ભરી આવ્યા.

'લલિત, વિવેક, તમે આખાય કંપાઉન્ડમાં પાણી છાંટી દો.' અમે પણ આ મંડળીમાં જોડાઈ ગયા.

'વિનોદ ! તારા અક્ષર સરસ છે ને ? 'સ્વાગતમ્' એવું બ્લેકબૉર્ડ પર લખો.' મેં કહ્યું.

તેણે બ્લેકબૉર્ડ દરવાજાની પાસે ગોઠવ્યું. રંગબેરંગી ચોકથી લખ્યું 'સ્વાગતમ્' 'સરસ્વતી વિદ્યાલયના સૌ નાના મોટા તમને આવકાર આપે છે. તમે અને અમે આજથી એક જ દેશના, એક જ શાળાના વિદ્યાર્થીઓ છીએ.'

શાળાનું પ્રાર્થના સ્થળ સુંદર લાગતું હતું.

'તમે સૌ તમારું કામ પૂરું કરો. હું હમણાં જ આવું છું.' એમ કહેતા રઘુભાઈ શાળાના દરવાજા બહાર ઝડપથી નીકળી ગયા.

'લલિત, તું રઘુભાઈ સાથે જા. દોડીને પહોંચી જા. તેઓ જરૂર કંઈક કામ માટે ગયા હશે.' મહામંત્રીએ કહ્યું.

લલિત દોડી ગયો.

'હવે આ સ્વાગત લખાણ બાળકોનાં અંતરમાંથી લખાયું હોય એવું લાગે છે નહીં ?' પાસે ઊભેલા શિક્ષકને મેં પૂછ્યું : 'અરે બહેન, તમે બંનેએ તો અમારા ઉપર અને વિદ્યાર્થીઓ પર એવી કામ કરવા અંગેની અસર ઉપજાવી છે કે બસ ! આ કામ આપણા સૌનું બની રહેવાનું છે.' અમારા શિક્ષકનો આવો જવાબ પણ હવે પછીના કામ માટે ટેકારૂપ બની ગયો.

આમ વાત ચાલતી હતી ત્યાં લલિતે રઘુભાઈને અંદર આવતા જોયા.

'આ શું લઈ આવ્યા ?' સૌએ પૂછ્યું. લલિતે ડબ્બો ખોલ્યો. ૨૦૦ પીપરમેન્ટ હતી.

'કાલે બાળકો આવે ત્યારે સૌનું મોં મીઠું કરાવવા માટે છે.' રંગબેરંગી કાગળોથી વીંટળાયેલા પીપરમીંટ જોઈને અમે પણ ખુશ થયા.

'રઘુભાઈ, આવો વિચાર અમને કેમ નહીં આવ્યો ?' મહામંત્રીએ પૂછ્યું.

'આપણે સૌ સાથે કામ કરીશું ત્યારે તમને મારા કરતાં પણ ઘણી સારી વાતો સૂઝશે. આ પણ વર્ગની બહાર ભણવાનું કહેવાય.' મેં ઉમેર્યું.

'જશીબહેન પ્રાર્થનામાં કયું ગીત રાખીશું ?' વિનુએ પૂછ્યું.

'વિનુ, કાલે તો હું જ પ્રાર્થના કરાવવાની છું, 'સબ સે ઊંચી પ્રેમ સગાઈ.' બરાબર લાગે છે ?' બહુ ગમ્યું. સૌ બોલી ગયા.

આમ સોમવારે સિંધી બાળકોને આવકાર આપવાની બધી તૈયારીઓ હવે પૂરી થવા આવી હતી.

દરવાજા પાસે ચાની લારી ચલાવતા સૂરજમલ અંદર આવ્યા અને કહે કે, 'નમસ્તે સા'બ. આ બધું શું ચાલતા હૈ ?' તેઓ થોડું હિન્દી-ગુજરાતી ભેગું કરીને બોલતાં.

'સૂરજમલજી ! આ બધા વિદ્યાર્થીઓ આવતી કાલથી સિંધી બાળકો માટે શાળા ચલાવવાના છે. ઉસ દિન મૈં ગયા થા, યાદ હૈ ? હમ સિંધી લોગ કો મિલકે વાપસ આ રહે થે તબ સબ બાતે બચ્ચોં કો ભી બતાઈ. હમકો ઈન કે બચ્ચોં કે લિયે કુછ કરના હૈ. કલ સે યહીં મકાન મેં સુબહ મેં ૮-૩૦ સે લેકર ૧૧-૩૦ તક બચ્ચે પઢેંગે.' આ વાત સાંભળીને એ ખુશ થઈ ગયો.

'ગુજરાતી-અંગ્રેજી-ગણિત પઢેંગે ! હમ સબ એક હી દેશ કે લોગ હૈ ન ? ઉનકે બચ્ચોં કો આગે બઢાના હૈ, ઉન્હોં ને બહુત કષ્ટ સહન કિયા હૈ !

અમને એમ હતું કે લારીવાળા સૂરજમલ તો સાંભળીને ખુશ થઈ જશે. પણ એની તો આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યા. તેનો એક મિત્ર હતો તે આંસુ લૂછવા લાગ્યો. સુરજમલે નીચા વળીને રઘુભાઈના પગને સ્પર્શ કર્યો. એને ઊભો કરીને રઘુભાઈએ એના ખભા પર હાથ મૂક્યો અને કહ્યું, 'સૂરજમલ, હમ તો આપ કે મુંહ પર હસી દેખના ચાહતે હૈ ! હવે સુખના દિવસો આવી રહ્યા છે રડાય નહીં.'

'સાહેબ, યે તો ખુશીકા રોના હૈ.' પછી તેના મોં પર હાસ્ય આવ્યું. હવે વિનુ બોલ્યો, 'હવે અમે સૌ ઘેર જતાં પહેલા કાલુપુર સ્ટેશન સામે ફૂલની દુકાન છે ત્યાંથી ૧૦૦-૧૫૦ ફૂલો તમને આપીને ઘેર જઈશું.

મેં કહ્યું, 'વિનુ, લે આ પૈસા, તારી પાસે રાખ.'

'નહીં બહેન, મૈં હી સુબહ મેં દો સો ગુલાબ લેકે આઉંગા. પ્રિન્સિપાલ સાહેબ કી દુવા સે આપકી લારી અચ્છી ચલતી હૈ, બસ, વોહી કમાઈ મેં સે ફૂલ લાઉંગા.' વિદ્યાર્થીઓ તો સૂરજમલની વાત સાંભળી જ રહ્યા.

માથું નમાવીને નમસ્કાર કરીને તે ગયો. વિદ્યાર્થીઓને પણ હવે ઘેર જવા કહ્યું.

વિનુ કહે, 'આ ચાની લારીવાળાથી અમને ડર લાગતો હતો - લક્ષ્મી વચ્ચેથી જ બોલી, પણ એ તો બહુ માયાળુ છે.'

'અરે, એ તો કોઈ-કોઈવાર આ મિલના મજૂરો રોટલા ખાતા હોય ને ? એ જુએ, તો તેઓને ચા પણ આપી દે છે.' મેં કહ્યું, 'આપણી મંડળીમાં એક સિંધી મિત્ર સભ્યનો તો ઉમેરો થયો.' સૌને ખૂબ આનંદ થયો.

**એક અનોખી શાળાનો આરંભ :**

એ અમારા માટે એક ગૌરવનો દિવસ હતો. નિરાશ્રિત બાળકોને પોતાના બનાવવાની ઘડી આવી પહોંચી. સરસ્વતી વિદ્યાલયની આ એક ગૌરવગાથા છે એમ કહું તો મને વધારે ગમશે. સોમવારની સવાર આવી. નવ વાગતાની સાથે જ અમારા વિદ્યાર્થીઓની સાથે ચાલતા સિંધી બાળકો પ્રવેશી રહ્યાં હતાં. નાના બાળકોએ એકબીજાના હાથ પકડ્યા હતા. મોટા વિદ્યાર્થીઓ થોડાં સારાં કપડાંમાં હતાં. બાળકોએ વાળ તેલ નાંખીને ઓળેલા.

સૌથી વધારે ખુશ કદાચ આજે મહામંત્રી હતા. તેઓ દરવાજામાં ઊભા હતા. બે વિદ્યાર્થીઓ ફૂલો આપતાં હતાં. તો બે પીપરમીંટ, બીજા લોકો એમને આવકાર આપતા હતા. જમીન પર દોરેલી સફેદ રંગની બે લીટીઓની વચ્ચે એક સરખી ઉંમરવાળા બાળકોને બેસાડેલ. અંદર આવતા

બાળકોનાં માથા પર ધીમે રહીને હાથ ફેરવતા સૂરજમલ પણ વિદ્યાર્થીઓની સાથે જ ઊભા હતા.

'બસ, આજ કા દશ્ય - ભાવનાએં દેખ કે મન પ્રફૂલ્લિત હો જાતા હૈ.' સૂરજમલ અમારા વિદ્યાર્થીઓને એકની એક જ વાત કર્યા કરતા હતા. અગરબત્તીની સુવાસ અને આછો વાદળી ધૂમાડો વાતાવરણમાં ફેલાઈ રહ્યો હતો. બાજુના બે ટેબલ પર બે ફૂલદાનીઓ મૂકી હતી. સંગીત શરૂ થયું. 'સબ સે ઊંચી પ્રેમ સગાઈ' દરેક મહાન પુરુષોએ શું શું કાર્ય કર્યું હતું એ ગીતમાં આવતું હતું. સંગીત પૂરું થયું એટલે શ્લોક ગવાયો. બે મિનિટ શાંતિ પણ થઈ.

'પ્યારે બચ્ચોં' આજ સે આપ સબ હમારી સ્કૂલ કે વિદ્યાર્થી હૈ. હમ આપ કા સ્વાગત કરતે હૈ. યહાં બૈઠે હુએ સબ શિક્ષક લોગ, મૈં - વિદ્યાર્થી, યે શાલા, યે લક્ષ્મણ, જશીબહેન, સૂરજમલ, હમ સબ - આપકા સ્વાગત કરતે હૈ. તુમ સબ અચ્છા પઢો, ખુશ રહો ઔર આગે બઢો. અપને માતા-પિતા કો આપ અપના સાથ દીજીએ. યે શાલા આપકી હૈ. આપ સબ વહાં જાઈએ. આપ કો થોડી સી ભી તકલીફ હો તો આપ કીસી કો ભી પૂછ લીજીએ. મેં કહ્યું.

સૌ શિક્ષકો બાળકોને તેઓ પાછલી શાળામાં જે વર્ગમાં હતા તે રીતે તેમને ભાગલા પાડીને એ વર્ગમાં લઈ ગયા. સૌ વિદ્યાર્થીઓને પાટલી પર બેસાડ્યા. શિક્ષકો હસી હસીને સૌના નામો પૂછતા. રાધા, કનૈયો, ચેતન, દેવકી ઉપરાંત રમણ, સતરામ સૌ હતા.

આમ એકાદ કલાક ગયો. શિક્ષકોએ તેમજ બીજા વર્ગોમાં ભણાવતા વિદ્યાર્થીઓએ કહ્યું, 'કાલે તમે સૌ આવો ત્યારે એક નોટ, પેન્સિલ, રબર વગેરે લેતા આવજો. તમને નોટબુકમાં લખાવીશું.

રમણ ઊભો થયો. તેણે કહ્યું, લેકિન હમારી પાસ તો કુછ નહીં હૈ.'

હવે અમારા માટે એક નવી સમસ્યા ઊભી થઈ. એક સો પચાસ બાળકો માટે એક સો પચાસ નોટબુકો, પેન્સિલો અને રબર્સ. આ બધું કેવી રીતે મેળવીશું ?લલિતે ૧૧-૩૦ પછી સિંધી બાળકો માટે તેઓ ગયા પછી અમારી સાથે વાત શરૂ કરી.

સિંધી બાળકોને આ બધું લાવવા માટે કહ્યું કે, નહીં એ પ્રશ્ન આ ગુજરાતી બાળકોને કઠણ લાગ્યો. બ્લેકબૉર્ડ ઉપર કામ કરવું કે વંચાવવું એ લાંબો સમય નહીં બની શકે. ભણાવવું પડશે. ભણીને પછી પાછા નોર્મલ વર્ગોમાં અને શાળામાં એ બાળકો જાય એ જોવું તો પડશે જ ને ?

સરસ્વતી વિદ્યાલયના બાળકો સિંધી બાળકોને ઘેર મૂકીને પાછા શાળામાં આવ્યા.

'રઘુભાઈ, અંદર ઑફિસમાં આવીએ ? થોડીક સિંધી શાળા અંગે વાત કરવી છે.' તેમણે કહ્યું.

વિદ્યાર્થીઓ હોશિયાર એટલે પાંચ શિક્ષકોને પણ બોલાવી લાવેલા.

'સર, આ સિંધી બાળકો પાસે તો નોટ, પેન્સિલ કે રબર કંઈ નથી. તેમને ભણાવીશું કેવી રીતે ? હવે શું કરીશું ?'

મેં કહ્યું, 'મને એક વિચાર આવે છે. જોકે મુશ્કેલ છે. આપણા વિદ્યાર્થીઓને આવતીકાલે પ્રાર્થનામાં વિનંતી કરીએ કે, 'જે બાળકો એક પેન્સિલ કે નોટબુક અથવા રબર લાવી શકે તો લાવે. જો કે આપણા વિદ્યાર્થીઓની પણ આર્થિક સ્થિતિ બહુ સારી તો ન જ કહેવાય. તો પણ આવા આપત્તિકાળમાં જો તેઓ બચાવીને કંઈ આપી શકે તો સરસ. તેમને પણ ખ્યાલ આવશે કે સિંધથી આવતા આ બાળકોની સ્થિતિ તેમના કરતા પણ ખરાબ છે.' કંઈ નહીં તો તેમને રહેવા માટે ઘર તો છે ને ? પણ આવી વિનંતી તેમના મનને સ્પર્શે તેમ કરવી જોઈએ.'

લલિત અને વિનુ મહામંત્રીએ સામેથી જ કહ્યું. શિક્ષકો કહે, "અમે ૧૨-૧૨ નોટબુકો લાવીશું."

આ સાંભળીને મહામંત્રીએ સામેથી જ કહ્યું, તો રઘુભાઈ, કાલે હું જ પ્રાર્થનામાં નોટબુકો વગેરેની વાત આપણાઓને સમજાવીશું.'

બીજા દિવસની પ્રાર્થનામાં મહામંત્રીના કહેવાથી વિનુએ વાત મૂકી. 'આપત્તિમાંથી, દુઃખમાંથી નીકળીને આવેલા સિંધી કુટુંબો માટે આપણી શાળાએ, તેમને માટે, બાળકોના જીવનમાં સ્થિરતા લાવવા સિંધી શાળા શરૂ કરી છે. પણ સાધન-સામગ્રી વિનાના બાળકોને તમે જો એક એક નોટ કે એક એક પેન્સિલ લાવી શકો તો સારું. તમારે ઘર છે. એમને

ઘર પણ નથી.'' પછી મહામંત્રીએ વાત કરી કે, 'તેણે શું શું જોયું હતું. રાધા, દેવકી, રમણ વગેરે બધાની વાત કરી. આપણા એ બાળકો સૌનું ગૌરવ છે. શાળાનું નામ રોશન કરવાની આ ઘડી આપણે આવી છે. આ પળ ચૂકશો નહિ.''

આમ બોલતા બોલતા તો તેમનો અવાજ પણ ગળગળો થઈ ગયો. પ્રાર્થનામાં બેઠેલા દરેક વિદ્યાર્થીને સહાનુભૂતિ થઈ આવી. એણે મહામંત્રીની વિનંતીને ટેકો આપતો હાથ ઊંચો કર્યો.

મેં ખાતરી કરી જોઈ. અડધાથી પણ વધારે બાળકોના હાથ ઊંચા થયા હતા.

''અમારા માતા-પિતા મહિને જે બે-ચાર આના અમને આપે છે એમાંથી અમે નોટો ખરીદશું.'' એક વિદ્યાર્થિનીએ તો પ્રાર્થનામાં જ હાથ ઊંચો કરી સંમતિ દર્શાવી. એ રડી પડી. એના કાકાની દીકરી સિંધથી આવવા નીકળી હતી તે ક્યાં ગઈ એની જ કોઈને ખબર પડી નહીં. આટલો બધો ટેકો જોઈને યુવાન કાર્યકરોના હરખનો પાર ન રહ્યો.

બોલો બાળકો, ''સરસ્વતી વિદ્યાલય ઝિન્દાબાદ'' ''સિંધી બાળકો ઝિન્દાબાદ.''

તરત જ એ નારાનો બુલંદ અવાજ વાતાવરણમાં ફેલાઈ ગયો.

''તમે કાલે નવ વાગે જરૂર આવજો.'' વિદ્યાર્થી કાર્યકરો ખૂબ ગૌરવ અનુભવતા હતા.

બીજે દિવસે સવારમાં ૧૦-૧૫ વાગે શિક્ષણનું કામ સરસ ચાલ્યું. સવારમાં ૨૫-૩૦ વિદ્યાર્થીઓ નોટો-પેન્સિલો લઈને શાળામાં મહામંત્રીને મળ્યા. નોટો આપી.

વિનુ કહે, ''આજે બાળકો એક એક નોટ-પેન્સિલ સિંધી બાળકોને જાતે જ આપશે.''

દરેક બાળકે તેમ કર્યું. બાળકોને પણ કંઈ કર્યાનો સંતોષ થયો. રઘુભાઈએ વિદ્યાર્થી કાર્યકરોને અભિનંદન આપ્યા. બાળકોને નોટો આપવાની રીત વાસ્તવિક હતી. નોટો-પેન્સિલો આપનારને પણ કંઈક કર્યાનો આનંદ થયો. આમ સિંધી બાળકોને ભણાવવામાં બીજાં બાળકો અને શિક્ષકોનો સારો સાથ મળી રહ્યો.

સિંધી શાળાના વર્ગો ચાલતા હતા. અમે બંને ત્યાં આંટો મારતા હતા. એ વર્ગો કેવા ચાલે છે તે જોતાં હતાં. તેવે સમયે સફેદ ખાદીના કોટ-પાટલૂનમાં ઊંચા ગોરા સિંધી ભાઈ આવ્યા.

'રઘુભાઈ ક્યાં છે ?' એમણે પૂછ્યું.

મેં કહ્યું, 'આ જ રઘુભાઈ છે.'

'મેં સાંભળ્યું છે કે તમે સિંધી બાળકો માટે સ્કૂલ ચલાવો છો ? હું જોવા આવ્યો છું હું પણ શિક્ષક છું. જો કંઈ મદદ કરી શકું તો કહો. હું ગણિત, અંગ્રેજી ભણાવીશ. મારું નામ ગોપલાની છે.'' અમે ત્રણેયે નમસ્કાર કર્યા. અવાજમાં ભારોભાર સંસ્કાર હતા. રઘુભાઈને તો તેઓ ખૂબ ગમ્યા.

''તમને સમય હોય તો અઠવાડિયામાં બે-ત્રણ કલાક જરૂર આવો. બાળકોનું ભવિષ્ય સુધરશે.''

બંનેએ શેકહેન્ડ કર્યા.

'બે વાર જરૂર આવીશ.' ગોપલાની સાહેબે કહ્યું. તેઓ અંગ્રેજી ભણાવવા આવતા. તેમનું પૂરું નામ હતું 'સુજ્ઞામલ ગોપલાની.'

સવારે સિંધી શાળા ૧૧-૩૦ વાગે પૂરી થાય. એ વખતે સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓ પણ આવવા લાગતા. પણ બંને શાળાના સમયે ૧૫-૨૦ મિનિટ બધા જ બહાર ઊભા રહેતા. આથી શાળામાંથી છૂટીને જતાં સિંધી બાળકોને અને સ.વિ.માં આવતા બાળકોને એકબીજાને મળવાનું થતું. સૌ એકબીજાની સામે જુએ અને ઘેર જાય. આ દૃશ્ય જોઈને રઘુભાઈ કહે, 'એક જ શાળામાં ભણતા સૌ વિદ્યાર્થીઓએ સિંધી બાળકોની દોસ્તી કરવી જોઈએ.' આમ વિચાર આવ્યો અને તે માટે શું કરી શકાય એ અંગે સક્રિય થયા. સિંધી અને ગુજરાતી વિદ્યાર્થીઓ વચ્ચની દોસ્તી જામે. શાળામાં આવે ત્યારે બંને દોસ્તો બને. આ અંગેનો એક સરસ વિચાર આવ્યો. પ્રાર્થનામાં રઘુભાઈએ આ અંગેનો વિચાર મૂક્યો.

**દોસ્તીનું આમંત્રણ : અમે સૌ એક :**

'તમારામાંથી ઘણાએ નોટબુકો, પેન્સિલો અને બીજી નાની મદદ સિંધી બાળકોને કરી છે. એ લોકોને અમદાવાદના બીજા પરિવારો સાથે ઓળખાણ થાય, એ

માટે તમે સૌ એક એક બાળકને તમારે ઘેર ચા પીવા બોલાવો. તમારા ઘરના બીજા પરિવારો સાથે ઓળખાણ કરાવો. એમને દોસ્તો મળ્યા છે એવું લાગશે તો એમને બહુ ગમશે. તેઓને લાગશે કે તેઓ કોઈના દોસ્તો છે તો હાથ ઊંચા કરો.'' રઘુભાઈએ કહ્યું.

પ્રાર્થનામાં બેઠેલા સૌએ હાથ ઊંચા કરી સંમતિ આપી. બે-પાંચે તો ઊભા થઈને તેમને કહ્યું, અમે રવિવારે જ અમારે ઘેર તેમને બોલાવીશું.'

અમારા હૃદયમાં આનંદનો પાર રહ્યો નહીં.

'હવે માત્ર તેઓને ભણાવવાની યોજના ઘડી છે એમ નથી, તેઓ તમારામાંના એક છે એવી લાગણી ઊભી કરવાની તક તમને મળી છે એનું અમને ગૌરવ છે.'

બીજે દિવસે તેમના બાપુ મિલમાં જતાં જતાં અમને અભિનંદન આપવા આવ્યા.

અમે ચા સાથે બિસ્કિટ પણ આપીશું હોં સાહેબ ! આમ દોસ્તીના હાથથી સિંધી બાળકોમાં એક જાતનું પોતાપણું ઊભું થયું.

બંને રીતે તેમને સફળતા મળી. લગભગ ૩૦૦ બાળકોનું આમંત્રણ તેમને આવ્યું.

એક કપ ચાએ તો સરસ દોસ્તી કેળવી આપી : હવે તો ૧૧-૩૦ વાગે નિશાળના બાળકો અને સ.વિ.ના બાળકો વાતો કરતા. નવા બનેલા દોસ્તોને મળવા સૌ આતુર રહેતા. કનૈયા, સતનામ, રાધા સૌને વિનુ, લલિત, ઉષા, નીતા વગેરે દોસ્તો મળી ગયા. સિંધી બાળકો પણ ખાવાનું લાવીને સૌને શોખથી આપતા.

આમ શાળા સરસ ચાલી. તેઓ પોત-પોતાના મૂળ સ્તરે પહોંચી ગયા અને નવાં વર્ષે જેને જ્યાં ભણવા જવાનું હોય ત્યાં પહોંચી ગયા. કોઈનું યે વર્ષ ન બગડ્યું.

અમારી શાળામાં અચાનક ઈન્સ્પેક્શન આવ્યું. ઈન્સ્પેક્ટર સિંધી બાળકોને ભણાવવાનો પ્રોજેક્ટ જોઈને નવાઈ પામી ગયા. ત્યાં સૂરજમલભાઈ પણ આવેલ. તેમણે સૌ સિંધી બાળકોના મા-બાપવતી ઈન્સ્પેક્ટરને લળીને નમસ્કાર કર્યા. તેમણે રિપોર્ટ મોકલ્યો. તેમાં સિંધી શાળાનો પ્રયોગ એક સારો રિપોર્ટ હતો.

સિંધી શાળાનો પ્રયોગ એક યુનિક પ્રયોગ છે. માટે તમને સૌને અભિનંદન.' ઈન્સ્પેક્ટરે લખેલ.

પરંતુ અમારે મન તો માણસ, માણસને ચાહતો થાય એ પ્રયોગ યુનિક હતો.

તે સાંજે સૂરજમલે વિદ્યાર્થીસંઘના બધા ય સભ્યોને શાળામાં આવીને ચા-નાસ્તો આગ્રહભરી રીતે કરાવેલ.

આ હતી 'સબસે ઊંચી પ્રેમ સગાઈ' સરસ્વતી શાળાનો આઘાતમાં રાહતનો માનવતાયુક્ત યુનિક પ્રયોગ.

**ગોપલાની સાહેબનું આગમન :**

'રઘુભાઈ ઘરમાં હૈ કે ? બહારથી અવાજ સંભળાયો. મિક્સ ગુજરાતી હતું.

''રઘુભાઈ ઘર પે હૈ ?'' ફરી એ જ પ્રશ્ન સંભળાયો.

''તમે કોના બાપુ છો ?'' બારણામાં ઊભેલા નાનકડા પ્રશાંતે સામે પ્રશ્ન પૂછ્યો. તેઓ થોડીવાર ઊભા જ રહ્યા. ''તમે કોના બાપુ છો ?'' ફરી એ જ નિર્દોષ પ્રશ્ન. સામે ઊભેલા ભાઈ હસી પડ્યા ને કહ્યું, 'મારે તારા જેવો એક દીકરો છે ને ? એનો ડેડી છું. અમને બંનેને લાગ્યું કોઈ ''શિક્ષકનો જીવ'' લાગે છે. પણ જવાબ સાંભળતા જ નાનકડો પ્રશાંત રઘુભાઈનો હાથ પકડીને બારણાં સુધી લઈ આવ્યો.

''બાપુ'' કોઈના પાપુ તમને મળવા આવ્યા છે. જુઓ, આ રહ્યા. હું પણ પાછળ જ આવી.

ઓહો, મિ. ગોપલાની ! સિંધી શાળાનું કામકાજ પતી ગયું પછી ક્યાં ખોવાઈ ગયા હતા ?'' રઘુભાઈએ પૂછ્યુ અને મારી ઓળખાણ આપી.'' આ મારાં પત્ની 'જશીબહેન'. અમે નમસ્કાર કર્યા. તેમણે કહ્યું - ''અમે દોનોને એક દુસરે કા નામ સૂના હૈ, ક્યું બહિન ?'' બોલવામાં સ્વાભાવિકતા હતી. અવાજ એક સજ્જનનો. મોં પર સ્મિત અને નમ્ર ભાવો જોઈએ તો ''સજ્જન'' જ પદ આપી શકાય.

''પ્રશાંત સાકુમા ને કહેજે ચા-નાસ્તો લાવે - તું મદદ કરજે.'' મારું સાંભળ્યું ન સાંભળ્યું - ''પ્રશાંત રસોડામાં દોડ્યો. ચા આવે એ પહેલા ''સાકુમા'' પાણીના ચાર-પાંચ ગ્લાસીઝ લઈ આવ્યા. સૌને ઠંડું પાણી આપ્યું.

ગોપલાની કહે, 'ગુજરાતમાં મળવા આવતા પહેલા ઠંડું પાણી આપવાનો રિવાજ બહુ સરસ.'' આ ગરમ દેશમાં પાણી પી લીધા પછી ખૂબ જ શાંતિ થાય.' બસ, એટલામાં સાકુમા ચા લઈને આવ્યા. પ્રશાંતે હાથમાં સેવની ટ્રે... મોટી પ્લેટ બે પાંચ સેવના સળિયા પડી જતા હતા. તરત જ ગોપલાની પ્લેટ પકડીને કહે, ''મારા દીકરાને સેવની પ્લેટ પકડવામાં મદદ કરું છું એટલે તને પણ કરું ને ?''

આમ પાછા 'શિક્ષકના જીવે' દેખા દીધો. ૧૫-૨૦ મિનિટમાં જ આ ભાઈના સ્વભાવનો પરિચય થયો. આમ અમારી ચા શરૂ થઈ. ત્યાં એક વાલી હાથમાં પુસ્તકોનો થોકડો લઈને આવ્યા. તેઓ શાળાને પુસ્તકો આપી જતાં. ''આવો નરેન્દ્રભાઈ ! આ અમારા મહેમાન છે - એમને ઓળખો છો ?'' નરેન્દ્રભાઈ વાંકા વળીને તેમને પગે લાગ્યા. કહે ''સિંધી બાળકોનું ભણવાનું ચાલતું હતું ત્યારથી હું અને મારા મિત્રો તેમને ઓળખીએ. સિંધી બાળકોનો પ્રોજેક્ટ પણ તમે સારો કર્યો હતો.

''એમનું નામ ગોપાલાની અને પોતે સિંધી છે.'' રઘુભાઈએ આગળ ઓળખાણ આપી.

''અરે ના રે ના, એ તો સિંધી નથી. સિંધીઓ તો વેપારી હોય. આ સજ્જન તો સિંધી નહીં શિક્ષક છે. ફરી મારા પાયલાગણા ગોપલાનીજી'' પગે લાગ્યા. અમારી શાળામાં આવતા રહેજો'' જતાં જતાં નરેન્દ્રભાઈ કહેતા ગયા. ચોપડીઓનું બંડલ લક્ષ્મણને સોંપી દીધું. અમારા બંનેના મનમાં એક વિચાર વીજળીની જેમ ચમકી ગયો. સિંધમાંથી આવેલા કોઈ નાગરિકને ભીખ માંગતા અમે જોયો નથી. કાયમ નાની ટ્રે ગળામાં દોરાથી લટકાવીને, નાની નાની ચીજો વેચતા જોયા. રસ્તા પર, બસસ્ટેશન પર પણ.

''ગોપલાની સાહેબ બોલો, રઘુભાઈએ પૂછ્યું. ''આજે તમારું આવવાનું કેમ બન્યું ? તમને મળીને તો ખૂબ જ આનંદ થાય છે.

''રઘુભાઈ ! બહિનજી ! એક વાત તો એ કહેવા આવ્યો છું અને આજે મારી લાગણી વ્યક્ત કરવા આવ્યો છું. નિરાશ્રિત સિંધી બાળકો માટે તમે જે કામ કર્યું - તેમને પોતાના માન્યા - અને શાળાઓમાં ભણતા કર્યા - રખડવાને બદલે અહીં લઈ આવ્યા એ ભાવના તમારી, મારાથી ભૂલાતી નથી. હું સિંધી છું અને સિંધી બાળકો અને કોમ્યુનિટીની ખુશી વ્યક્ત કરવા આવ્યો છું. તેઓ સૌ અને હું ખૂબ ખુશ નસીબ ગણાઈએ.'' તેમની આંખમાં સહેજ પાણી ઝબક્યા.

'બસ બસ, ગોપલાની સાહેબ - એ તો આપણાં સૌની ખુશી હતી. સિંધી - ગુજરાતી એવું શું ? દુઃખી થનાર માટે જો ન જીવ્યા - તો પછી માનવી અને પ્રાણીમાં ફરક શું ?' મેં કહ્યું.

''ચાલો હવે સરસ ચા પીવો.'' મેં ફરી વિનંતી કરી અને વાત બદલી. ''આપણે તો પહેલીવાર મળ્યા એની ખુશી માણીએ. ફરીથી ''નમસ્તે'' કર્યા. એટલે પ્રશાંતે કહ્યું, ''બા હું પણ નમસ્તે કહું ?'' આ નાનકડો છોકરો બહુ વહાલો લાગે છે હો.'' એમ બોલતાં બોલતાં તેમણે પ્રશાંતને ખોળામાં લઈ લીધો. મેં કહ્યું. ''ગોપલાની સાહેબ, આજે હવે તમારી પૂરી ઓળખાણ આપો. શાંતિ છે. અત્યારે હમણાં શાળામાં જવાની ઘંટી વાગવાની નથી. એટલે બધી વાત શાંતિથી કરો. આમ અમારી વાત ચાલતી હતી ત્યાં અમારા સાથીદાર હિંમતભાઈ પહોંચી ગયા.

ને જાણે યોગ્ય ટાઈમે તમે આવી ગયા હો હિંમતભાઈ.' અને ગોપલાણીની ઓળખાણ આપી. ચારેય બેઠા. ''જુઓ બહિનજી'' તેમણે પોતાની વાત શરૂ કરી. સિંધી-ગુજરાતી તો મિક્સ થયા જ કરતું હતું.

''હું સિંધમાં હૈદ્રાબાદ પાસે એક ગામમાં - હાઈ સ્કૂલમાં ભણાવતો હતો. સિંધ એ સમયે મુંબઈ ઈલાકામાં હતું. શિક્ષક હોવાથી બી.ટી. કરવાનું તો હતું જ. કરાંચી જવાને બદલે મેં મુંબઈ આવવાનું - મુંબઈમાં ભણવાનું નક્કી કર્યું ભણવાને બહાને મુંબઈમાં જુદા જુદાનો પરિચય થાય. વળી નવું શહેર પણ જોવા મળે.

તેઓ સહજ થોભ્યા. એટલે મેં તરત જ પૂછ્યું. ''તમે ત્યાં કોઈ ગુજરાતીના પરિચયમાં આવેલા કે નહીં ?'' તરત જ કહે, હા, હા, મારી સાથે જ મિ. ભગત કરીને ગુજરાતી ભાઈ હતા. બંને સાથે ભણતા. તમે એમને જરૂર પિછાનતા હશો.

અમદાવાદમાં ડેમોક્રેટિક હાઈ સ્કૂલના પ્રિન્સિપાલ છે. આખું યે વર્ષ બી.ટી. વખતે સાથે પઢેલા ઉનકી શાળા દેખી હૈ.''

એમની ભાષા સાંભળવામાં ખૂબ જ મજા પડતી. આપણા દેશનાં ભાગલા પડ્યા ત્યારે અમે ગુજરાતમાં આવવાનું નક્કી કર્યું. ઇસમેં મિ. ભગત સા'બનો ફાળો બડો છે. એમને ઘર પે ફેમિલી કે સાથ ખાને પે ભી ગયા હું.'' આમ એમનો પરિચય અમને લગભગ મળી ગયો. પરિચય સરસ થયો. ''ગોપલાની સાહેબ. હવે તમારો ફ્યુચર પ્લાન શું છે ? સિંધી વેપારી હોય છે, પણ તમે સ્વભાવે શિક્ષકના જીવ છો. શિક્ષક રહેવું ગમે કે નહીં ? સીધો સવાલ અમે પૂછ્યો. તેઓ તો ખડખડાટ હસી પડ્યા. ''તમારી વાત ખરી. તમે સિંધી કોમ્યુનિટીના બાળકોને કદી યે ભીખ માંગતા જોયા નથી ખરું ને ? પણ હું તો શિક્ષક થવા માંગુ છું. સિંધમાંયે શિક્ષક હતો. ગુજરાતમાં પણ શિક્ષક થવાનો અને જો તમે તક આપો તો તમારી સાથે જ રહીને કામ કરવું છે શિક્ષણનું કામ કરવું છે. મારા મનની વાત એવી છે કે તમારી જોડે જ કામ કરવું. તેઓ હવે શાંત થઈ ગયા. ધીર-ગંભીર અવાજે રઘુભાઈ કહે, ''ગોપલાનીજી ! ગરીબ લત્તામાં આ જૂના-પુરાના ખખડધજ મકાનમાં તમને કામ કરવું ગમશે ? તમારે બીજી શાળાઓની મુલાકાત લેવી જ જોઈએ.'

''હા બીજી શાળા પૈસા આપશે - આત્મા નહીં. "The satisfaction that I will get here, I want get anywhere."

આ મારા મન કી બાત તમને બતાવી દીધી. આ સજ્જનની આંખ ભીની થઈ. પણ તેઓ તરત જ સ્વસ્થ થઈ ગયા.

''બસ મારે તો હૃદય - આત્મા જોઈએ છે.'' પછી શાંત, આંખ ભીની.

''બાપુ ! તેમના દીકરાના ડેડી કેમ રડે છે ?'' પ્રશાંત ચૂપચાપ અમારી પાસે આવીને બેસી ગયો. પણ નાના બાળકના પ્રશ્ને અમને સૌને હસાવ્યા. વાતાવરણ હલકું બન્યું. ''મૈં તો હસતા હું લડકા - ઈધર તારા બાપુકી સાથ કામ કરુંગા.'' બસ હવે તો તેમનો નિર્ણય અમે જાણી લીધો એટલે વાતાવરણને હળવું રાખવા અને તેમના મનને શાંત કરવા અમે તરત જ પૂછ્યું. ''બોલો ગોપલાનીજી, ક્યારથી જોડાશો ?'' વચ્ચે જ હિંમતભાઈ બોલી પડ્યા. ''કલ સે ઠીક હૈ ને ? ગોપલાનીજી. પછી સૌ છૂટા પડ્યા. છૂટા પડતાં પડતાં સૌએ એકબીજાને શેકહેન્ડ કર્યા. તેઓ ગયા. ''આપણા ભોન્દે સાહેબ છે એનું શું ? વિજ્ઞાન ભણાવે છે ને ?'' હિંમતભાઈને મનમાં ચિંતા થઈ. તેઓ આ શાળામાં ક્યાં સુધી ટકશે એની મને શંકા છે.'' તેમને તો પોતાની શાળા છે.'' રઘુભાઈએ જવાબ આપ્યો.

બીજે દિવસે શાળાનો બેલ વાગે એ પહેલાં જ સજ્જન ગોપલાનીજી આવી પહોંચ્યા. એમને શાળા શરૂ થાય એ પહેલાં જ નાનું મકાન છે, એ પણ દેખાડી દઈએ.' હું અને હિંમતભાઈ ચક્કર લગાવવા ઉપડ્યા. ત્યાં જ રસ્તામાં રઘુભાઈ મળી ગયા. વેલકમ, વેલકમ ગોપલાનીજી.'' રઘુભાઈ ખૂબ ખુશ હતા. પછી એમની સાથે જે વાતો કરવાની હતી. તે કરવા ઑફિસમાં ગયા.

''ગોપલાનીજી, આ શાળામાં કોઈ એકબીજાને સાહેબ નથી કહેતું - પણ તમને સાહેબ શબ્દ શોભે છે. સાહેબ એટલે સજ્જન.'' તેઓના મોં પર સ્મિત ફરકી રહ્યું. ''ગોપલાનીજી અંગ્રેજી, વિજ્ઞાનના વિષયો તો બાળકોને કેળવણી આપવાનું સાધન છે. તેમનો વિકાસ કરવાનું સાધન છે. સાધનમાંથી સાધ્ય તરફ જવું છે ને ?''

આજે જ વિજ્ઞાનના શિક્ષક ગેરહાજર છે.

તમને ગમે તો પીરિયડ લો.

''અરે એ તો સારી તક છે. હું નસીબદાર કે કોઈને બદલે ભણાવી શકીશ.'' ગોપલાનીજી તો જાણે પીરિયડ લેવા જવા માટે તુરત જ ઊભા થઈ ગયા... ''હા પણ એક વાત કહું છું. આ ગરીબોના બાળકો સાથે કામ કરવાનું છે એ યાદ રાખજો.''

''રઘુભાઈ યુરોપમાં જઈને પીએચ.ડી. થયા. અહીં બેસીને કામ શરૂ કર્યું. તો મને વળી શું મુશ્કેલી ? હું તમારા મિશનમાં જોડાયો છું એમ માનજો. We wish good luck for each other બંને જણાએ એકબીજાના ખભા પર હાથ મૂક્યા.

પહેલે જ દિવસે ગોપલાનીજી વર્ગમાંથી ભણાવીને બહાર આવ્યા ત્યારે મોં પર પ્રસન્નતાના ભાવો હતા. આવીને કહે, આ બાળકો સમૃદ્ધ શાળાના બાળકો જેટલા

જ હોશિયાર છે.'' તેઓ તે દિવસથી સરસ્વતીના બની ગયા. આમ સંસ્થા બની સમૃદ્ધ કાર્યકરોથી...

દિવસો જતા ગયા. ગોપલાની તો સામેથી આવીને અમારી ઑફિસમાં મદદ કરે. શિક્ષકોનું સમયપત્રક બનાવે. કેળવણી ખાતા સાથે પત્રવ્યવહારમાં પણ મદદરૂપ થવા લાગ્યા. ખાતાનાં છેલ્લાં ફેરફારો નિયમો તેઓ ઝડપથી સમજી લેતા. હિમંતભાઈ સાથે દોસ્તી થઈ. તેથી રિસેસમાં તેઓ એમના ટેબલ પાસે આવીને બેસે. પછી પાછા બંને અમારી ઑફિસમાં આવે. એ રિસેસમાં જ ઘણાં અઠવાડિયાના બાળકો માટેના અને શિક્ષકો માટેના કામોનું Planning થઈ જતું. સાથે બેસીને ચા-નાસ્તામાં પણ ખૂબ જ મજા પડી હતી.

એક વખત ગોપલાનીજીને ઘરે વહેલા જવું હતું. એટલે રજા લઈને તેઓ ગયા. અમે રિસેસમાં બેઠા હતા. એમની ગેરહાજરીને લીધે મજા નો'તી પડતી. એકાએક રઘુભાઈ કહે ''હિંમતભાઈ, આ ગોપલાનીજી કામમાં સૂઝ જબરજસ્ત ધરાવે છે. શાળાનું સંચાલન કરી શકે એવા મને લાગે છે. ''બહુ અનુભવી હોય એવું તો મને પણ લાગે છે. ''હિંમતભાઈ બોલ્યા - આમ વાત કરીને અમે છૂટા પડ્યા.

**ગોપલાનીજી મન ખોલે છે :**

એક દિવસ હસતાં હસતાં રઘુભાઈ કહે, ''ગોપલાનીજી તમારી આ એફિશિયન્સીનું સર્ટિફિકેટ તમારા પ્રિન્સિપાલ પાસેથી મંગાવોને. આપણે નિમણૂકપત્ર appointment લેટર મૂકીએ.'' પણ એપોઈન્ટમેન્ટ લેટર પણ નથી આપ્યો નહીં ? આપણે સૌ કેવા મળ્યા છીએ.'' કોઈ દિવસ નહીં અને આજે રઘુભાઈ હસતાં હતાં. તો ગોપલાનીજી ગંભીર બની ગયા.'' એમને દુઃખ લાગે એવું તો કંઈ નથી કીધું ને ?'' અમે પણ વિચારે ચડી ગયા.

હું એમની પાસેની ખુરશીમાં જઈને બેઠી. ''ગોપલાનીજી કેમ શાંત થઈ ગયા છો ? અમારી સાથે વાત કરો ને ?'' ધીરે રહીને તેઓ બોલ્યા. ''તમારા ત્રણેયથી એક વાત મેં છૂપાવી રાખી હતી. હું જે સિંધની શાળામાંથી આવ્યો છું. - ત્યાં હું શિક્ષક નહીં પ્રિન્સિપાલ હતો પણ હું સામાન્ય શિક્ષક તરીકે કામ કરીશ. જો એમ ખબર પડે કે હું પ્રિન્સિપાલ હતો તો તમને ન ગમે એટલે આ વાત છૂપાવી હતી. પણ ઘણી મોટી સંસ્થાનો હેડ હતો.'' તેઓ પણ શાંત થઈ ગયા. અમે ત્રણેય તો સ્તબ્ધ જ થઈ ગયા. શું બોલવું એ જ બે પાંચ પળ તો સમજાયું નહીં. રઘુભાઈ કહે, ગોપલાનીજી તમે સંત સજ્જન છો એટલું જ કહી શકું ધન્ય છે તમને.'' પછી સૌ શાંત...

બીજે દિવસે ગોપલાની શાળાએ આવ્યા ત્યારે એમના આવવાના સમયે રઘુભાઈ શાળાના દરવાજા પાસે ઊભા ઊભા એમની રાહ જોતા હતા. તેઓ દૂરથી ચાલ્યા આવતા હતા. એમને જોઈને રઘુભાઈ તો એમની સામે ગયા. એમનો હાથ પકડીને પોતાની સાથે લઈ ગયા. ઑફિસના એક ખૂણામાં એમને માટે ટેબલ મુકાયું હતું. સારી ખુરશી અને ફૂલદાની.

''આ ખુરશી ઉપર બેસો. ગોપલાની સાહેબ, આજથી આ સંસ્થામાં મારું અને તમારું સરખું સ્ટેટ્સ છે. સરસ્વતી વિદ્યાલયના આપણે બંને હેડ.'' વજ્ર જેવાં લાગતા રઘુભાઈ આજે ફૂલ જેવાં કોમળ બની ગયા. પાસેની ખુરશી પર બેસીને પોતાની આંખમાંથી વહી જતાં આંસુ લૂછ્યા અને સ્વસ્થ થયા. ''ચાલો હવે હસીએ. આનંદ કરીએ.''

બસ એ દિવસથી તો પોતાની બધી જ ફરજોનું પાલન સંપૂર્ણપણે કરી રહ્યા.

અમે દિલ્હી ગયા ત્યારે સરસ્વતીના પ્રિન્સિપાલ તો એ જ હતા એટલે કોઈ ફેરફાર બીજાઓને દેખાયા નહીં. હા હિંમતભાઈ અને વિઠ્ઠલભાઈને મન મોટો ફેરફાર જરૂર હતો.

પછી તો અસારવા વિદ્યાલયના આચાર્ય પણ બન્યા. છેવટે નિવૃત્તિ પછી સ.વિ.મંડળના મંત્રી પણ બન્યા. આમ એમનું સારું યે જીવન, સિંધમાંથી આવ્યા પછી સરસપુરની એ સંસ્થામાં જ ગયું. હજુ તો બીજા ઘણા પ્રસંગોએ એમને યાદ કરીશું.

રઘુભાઈએ તો તેમનું નામ જ રાખેલું ''સજ્જન સંત''
૫૦ વર્ષના ઇતિહાસમાં આજે એમને ય સલામ.
સજ્જનનો સલામ.

# ચારિત્ર્યની ઓળખ સામાજિક ઉત્તરદાયિત્વમાં

**મનસુખ સલ્લા**

સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ, સત્યાગ્રહ છાવણી સામે,
જજીસ બંગલા વિસ્તાર, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૮૨૫૦૪૨૪૫૩

આપણે ત્યાં એવો ભ્રમ પ્રચલિત છે કે માણસ દાન કરતો હોય, માળા ફેરવતો હોય, કોઈની વાતમાં પડે નહિં એટલે તે સારો માણસ, ભલો માણસ. પરંતુ આ વ્યાખ્યા અધૂરી છે. આવી વ્યાખ્યા પ્રચલિત થવાનું કારણ એ જ હશે કે સદીઓથી અન્યધર્મી પ્રજાના વહીવટ નીચે રહેવાથી ગુણની ઓળખ વ્યકિતલક્ષી બની. વળી સદીઓથી આપણે રાજાશાહી અમલ નીચે જ જીવ્યા છીએ એટલે રાષ્ટ્રનો અર્વાચીન સંદર્ભ આપણને પચ્યો નથી.

એક માણસ રોજીરોટી કમાતો હોય, પૂજાપાઠ કરતો હોય, કીડિયારું પૂરતો હોય, ચકલાંને ચણ અને કૂતરાને બટકું નાખતો હોય, મંદિરે પગે લાગવા જતો હોય તો તે સારું છે, પરંતુ પૂરતું નથી. ખાસ કરીને પ્રજાસત્તાક લોકશાહી રાષ્ટ્રમાં. રાષ્ટ્ર કહીએ છીએ ત્યારે દેશાભિમાન પૂરતું નથી, રાષ્ટ્ર પ્રત્યેની ફરજો અંગેની જાગૃતિ અને તેનો કર્તવ્ય તરીકે સ્વીકાર પણ સૂચિત છે.

ભારતીય સમાજમાં ધર્મના ઈષ્ટ-અનિષ્ટ બંને પ્રકારના ખ્યાલો દઢમૂલ થયેલા છે, એનાં પરિણામો પણ જોઈ શકાય છે. અસ્પૃશ્યતા, સ્ત્રીઓના વ્યકિતત્વનો અસ્વીકાર, શ્રમ પ્રત્યેની સૂગ, નીચેના માણસોને એડી નીચે રાખવામાં ગૌરવ, બીજાની મહેનતનો બદલો આપ્યા વિના ઉપભોગ એ ભારતીય સમાજનાં વ્યાપક દૂષણો છે. પરંતુ એમના પ્રત્યે ઉપેક્ષા સેવાય છે અને માળા, દેવદર્શન, પૂજાપાઠથી 'સારા' માણસનું લેબલ કમાઈ શકાય છે.

વિદેશી શાસકોના વહીવટમાં વ્યકિતગત ગુણો જાળવીને જીવવું એ ચારિત્ર્ય માટે ભલે પૂરતું ગણાયું હોય, પરંતુ આજે એટલું પૂરતું નહીં થાય. લોકશાહી વ્યવસ્થાનો પાયો સમાનતા, સ્વતંત્રતા અને બંધુતા છે. આ ત્રણે લક્ષણોનો લાભ ઉપરના ફાવી ગયેલા વર્ગ પૂરતો સીમિત રહેવો ન જોઈએ, સમસ્ત પ્રજાને મળવો જોઈએ. એટલે હવે ચારિત્ર્યની વ્યાખ્યા સામાજિક સંદર્ભમાં કરવાની રહેશે.

માણસ ધ્યાન, ધારણા, યમનિયમ પાળતો હોય એ અધ્યાત્મનો માર્ગ છે. પરંતું તેનો સંદર્ભ આખરે તો સામાજિક છે. આધ્યાત્મિકતા એટલે જ સર્વજનહિતબુદ્ધ. આત્મવત સર્વ ભૂતેષુ. અધ્યાત્મ કદી વ્યકિતગત સુખ-સુવિધા-અનૂકૂળતામાં રાચનારું ન હોઈ શકે. સ્વામી વિવેકાનંદને નિર્વિકલ્પુ સમાધિની બહુ હોંશ હતી. રામકૃષ્ણદેવે તેમને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ કરાવ્યો. વિવેકાનંદ ત્રણ દિવસ સુધી સમાધિમાં લીન રહ્યાં. જગાડ્યા ત્યારે કહેવા લાગ્યા, 'મને શું કામ સમાધિમાંથી જગાડ્યો ? કેવી પરમ શાંતિમાં અને આનંદમાં હું હતો ?' ત્યારે રામકૃષ્ણદેવે ઠપકો આપેલો કે, 'હવે પછી કદી નિર્વિકલ્પ સમાધિની માગણી કરતો નહિ. તારા કરોડો દેશબાંધવો દુઃખદર્દથી પીડાતા હોય અને તું સમાધિના આનંદમાં ડૂબી જવા માંગે છે?'

ધર્મનો આ નવો ઉન્મેષ છે, નવી ગતિ છે. કારણ કે આજ સુધી તો 'સંસાર મિથ્યા છે, બંધનરૂપ છે, કોઈ કોઈનું નથી, આત્માના મોક્ષ માટે જ જીવન છે' એમ ગાઈવગાડીને ધર્મ-સંસ્થાઓએ પ્રજાને સમજાવ્યું હતું. એટલે સ્વામી વિવેકાનંદે ધર્મસંસ્થાની સામાજિક જવાબદારી સ્વીકારી. રામકૃષ્ણ મિશનના સાધુઓ સામાજિક કર્તવ્યો પણ નિભાવે એ સ્થાપ્યું. કદાચ, તેમને આની વધુ સ્પષ્ટતા પશ્ચિમમાંથી મળી હોય. પરંતુ આ દેશ માટે તો આ નવો પ્રારંભ છે. ધર્મસંસ્થા પોતાના કોચલામાંથી બહાર નીકળીને સામાજિક કર્તવ્યો ( શિક્ષણ, આરોગ્ય, ચારિત્ર્યઘડતર, આફત વખતે રાહતકાર્ય વગેરે.) નિભાવે એ આ દેશમાં પ્રથમ વખત શક્ય બન્યું. આનું ઉત્તમમાં ઉત્તમ દષ્ટાંત મહાત્મા ગાંધી છે. તેમણે વ્યકિતગત શુદ્ધિ અને સામાજિક સદ્‌ગુણોનો અદ્‌ભુત સમન્વય સાધ્યો. દર્શક કહે છે તેમ સદ્‌ગુણોનું સામાજિકીકરણ કર્યું.

એટલે શું સંસારી કે શું સંન્યાસી, બંનેના ચારિત્રિક

વિકાસની પારાશીશી તો આખરે સામાજિક સંદર્ભ જ હોઈ શકે. માણસ ભલો, નિરુપદ્રવી, દયાળુ હોય તેટલું પૂરતું નથી, તે સામાજિક કર્તવ્યો અંગે જાગ્રત, નિસ્બતવાળો અને આગ્રહી હોય તે નવા યુગનો સંદર્ભ છે.

આ સંદર્ભને ચરિતાર્થ કરવો હોય તો તેનાં બે પ્રબળ માધ્યમો છે. (૧) પરિવાર (૨) કેળવણી. ધર્મસ્થાનો હવે ભપકા અને દેખાડાની હરીફાઈમાં ઊતર્યાં છે. તેમનો મહિમા મકાનોની ભવ્યતા, સોનાનાં આભૂષણો અને ગાદીપતિઓનાં વૈભવી જીવનને આધારે નક્કી થાય છે. એ તો ઊલટો માર્ગ છે, પતનનો માર્ગ છે. ધર્મસ્થાનો આંતરયાત્રા માટે પ્રેરનારાં અને સામાજિક કર્તવ્યોનું પાલન શીખવનારાં હોવાં જોઈએ. તેને બદલે માનસિક વશીકરણ કરેલા, મોહમુગ્ધ ભક્તોની અંધશ્રદ્ધાને ચરી ખાનારાં બન્યાં છે, એટલે તેઓ અસરકારક બની શકે તેમ નથી.

પરિવારો આજે સંક્રાન્તિકાળમાં છે. તેઓ કઈ દિશામાં જવું, સંતાનોનું ઘડતર કેમ કરવું, એની અવઢવમાં છે. મોટા ભાગના પરિવારો વધુ પૈસા કમાવાને જ લક્ષ્ય બનાવી લે છે. ચારિત્ર્ય ઘડતરને બદલે ખોટું કરીને પણ વધુ મેળવવાની લાહ્યમાં તેઓ સાચો માર્ગ છોડી દે છે, પરંતુ તેઓ ભૂલી જાય છે કે સામાજિક કર્તવ્યોની ઉપેક્ષા કરવામાં કે તેનો ભંગ કરવામાં તેની આકરી કિંમત તમામ નાગરિકોએ અને આખા સમાજે ચૂકવવી પડે છે.

ત્યારે સૌથી વધુ આધાર શિક્ષણક્ષેત્ર છે. પરંતુ આપણા નીતિનિર્ણાયકો આજ સુધી આ અંગે ગંભીર બન્યા નથી યા તો પક્ષીય બન્યા છે. શિક્ષણસંસ્થાઓનું આકર્ષક રૂપરંગ એ ચારિત્ર્ય ઘડતરનો વિકલ્પ કદી ન બની શકે. આજે શિક્ષણકર્મીઓ ચારિત્ર્ય ઘડતરને પોતાની અનિવાર્ય કામગીરી ગણતા નથી. વિષયો શીખવાડવા અને તેને યાદ રાખવાની પ્રયુક્તિઓ શીખવાડવામાં જ તેઓ ઈતિશ્રી ગણે છે. તેઓ ભૂલી જાય છે કે આ કેવળ અન્યના ઘરનો પ્રશ્ન નથી. આવતી કાલે પોતાના ઘરનો પણ હલાવી નાખનારો પ્રશ્ન બનશે.

મૂળભૂત ઉપાય છે વાલીઓની જાગૃતિ અને શિક્ષણના નવા અવતારની. શિક્ષણમાં મુગ્ધાવસ્થાથી પ્રારંભ થાય છે અને સમજણ એનો આધાર બને છે. સંબંધ અને અભ્યાસમાંથી જન્મેલી સ્પષ્ટતા જીવનમૂલ્યોને દૃઢ કરે છે. આજે વાલીઓ અને તંત્રવાહકો શિક્ષણના બાહ્યરૂપની પૂજા કરીને સંતોષ માને છે, પણ મનોવૃત્તિગત ફેરફારો (વલણો, ટેવો, વિચારો, મૂલ્યો ) અંગે ઉપેક્ષા સેવીએ છીએ. એનાથી સાચો રાષ્ટ્ર વિકાસ નહીં થાય. ગમે તેવી ખરાબ રાજયરચનામાં ૧૫-૨૦ ટકા લોકો તો સુખપ્રાપ્તિ કરી લેતા હોય છે. ૮૦ ટકા વિશાળ પ્રજાના હિત માટેની નિસબત ઊભી કરે એ સાચું શિક્ષણ છે. તેમના પ્રત્યે ભણેલાનું, સમજદારનું, સંવેદનશીલ વ્યક્તિનું વિશેષ કર્તવ્ય છે. ભણ્યા પછી કામગીરી મળે એ વ્યક્તિગત પરિણામ છે, પરંતુ સામાજિક કર્તવ્યની જાગૃતિ અને આગ્રહ જન્મે એ આખા સમાજનું, સમગ્ર રાષ્ટ્રનું પરિણામ છે. સાથે જ પર્યાવરણની જાણવણી અંગેના વલણો કેળવાય એ પણ એટલાં જ મહત્ત્વનાં છે. નહીં તો સુખનાં અપાર સાધનો વચ્ચે માણસ રોગગ્રસ્ત, એકલવાયો, કુદરતની થપાટોથી ભયગ્રસ્ત બની રહેવાનો.

ચારિત્ર્યશીલતાને આપણે સ્ત્રી-પુરુષ સંબંધ સુધી મર્યાદિત કરી નાખી છે તે અધૂરી સમજ છે. એક માણસ લગ્નબાહ્ય સંબંધો ન રાખે, પણ સામાજને અને પર્યાવરણને નિરાંતજીવે આઘાત પહોંચાડતો હોય તો એ ચારિત્ર્યહીન જ ગણાશે. એને ચારિત્ર્યની ગંભીર ઊણપ ગણવી જોઈએ એટલે શિક્ષણ સ્વરૂપનો નવેસરથી વિચાર કરવો અનિવાર્ય છે. મનુષ્યને માપવાનાં-મૂલવવાનાં ધોરણો અંગે પુર્નવિચાર કરવો જરૂરી છે.

રાષ્ટ્ર એનાં સાધન, સંપત્તિ કે સુવિધાઓથી મહાન નથી બનતું, પરંતુ એના નાગરિકોની ચારિત્ર્યશીલતાથી જ મહાન બને છે. નાદાર નાગરિકો દેશને ડૂબાડે છે એટલે લોકશાહી અને સર્વના સુખનો, સમાન તકનો વિચાર કરનારી સમાજ રચનામાં ચારિત્ર્યશીલતાની નવી વ્યાખ્યા કરવી જરૂરી છે. વ્યક્તિગત સદ્‌ગુણો સામાજિક સદ્‌ગુણો બને તો જ રાષ્ટ્ર ઉન્નત બની શકે. આ સંદર્ભમાં આપણા શિક્ષણને નવો ઘાટ આપવાનો સમય પાકી ગયો છે. જે આ કરશે તે પ્રજાના હૃદયસિંહાસને બિરાજશે.

# 'પહેલું સુખ તે જાતે નર્યા'

**ડૉ.ઉર્મિલા શાહ**

૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી કલબ સામે,
એસ.જી. હાઈવે, અમદાવાદ.

"આવી ગયો બેટા ! આજે કેમ આમ થાકેલો અને અકળાયેલો લાગે છે ? તબિયત નથી સારી ? રોજ તો તું ઘેર આવે છે ત્યારે કેવો ખુશખુશાલ હોય છે ! અને આજે ! કંઈ થયું છે ? સ્કૂલમાં ભાઈબંધો સાથે કંઈ થયું ? કે પછી ટીચર લઢયાં ? ટીચરનો તો તું લાડકો છે, ભાઈબંધો સાથે ય તને તો બહું સારું ફાવે છે. તો પછી થયું છે શું ? તું કોઈ દિવસ આમ ઘેર આવીને દફતર ફેંકતો નથી, મને ખબર છે તને દાદાજીએ શિખવ્યું છે કે 'દફતરમાં તારી ચોપડીઓ હોય એ ફાટી જાય એ વાત તો ખરી જ પણ એમાં તો મા સરસ્વતીનો વાસ હોય, એને આમ ફગાવાય નહી; એને તો પગે લાગવાનું હોય...'

'જાવ ને દાદીમાં ! હું તમારી સાથે બોલતો જ નથી. તમે મારા ટિફિનમાં કેવું ખાવાનું મોકલો છો ? મને તો એ ટિફિન ખોલવું કે ખાવું ગમતું જ નથી. સાવ બે..કા..ર મને જે દિવસે પીઝા ખાવાનો મૂડ હોય એ દિવસે એમાંથી પાસ્તા નીકળે અને પાસ્તા ખાવાનો મૂડ હોય એ દિવસે એમાંથી પાંઉભાજી નીકળે, જે દિવસે જે ખાવાનું મન થયું હોય એ તો તમે બનાંવતા જ નથી. કાલે મારા ભાઈબંધના ટિફિનમાં છોલે-પૂરી હતી અને તે જોઈને મને તો મોંમાં પાણી આવી ગયું, પછી મને મારાં પાસ્તા કયાંથી ભાવે ?'

અર્ચન ઘરમાં સૌનો લાડકો, એનો પડતો બોલ ઝીલાય, મમ્મી-પપ્પાને તો વહાલો હોય જ પણ દાદા-દાદીને તો 'મૂડી કરતા વ્યાજ વહાલું' જ લાગે ને ! એટલે રોજ સવારે એને મમ્મી દૂધ અને નાસ્તો કરાવી સ્કૂલમાં મોકલી દે, પણ દાદીમાનો એવો આગ્રહ કે સાડા આઠ કે નવ વાગે સ્કૂલબસમાં જાય ત્યારે સાથે જમવાનું ટિફિન ન જ આપે, બીજા બધાં છોકરાં તો ટિફિન લઈને જ આવે ને ! પણ દાદીમાને એમ થાય કે ભલે પૈસા વધુ થાય, કે મહેનત વધુ પડે પણ ટિફિનવાળો મોડેથી ટિફિન લઈને જાય તો અર્ચનને ગરમ ખાવાનું મળે એટલું જ નહીં, પણ દાદીમા પોતે જ રોજ કંઈક નવીન વાનગી બનાવી તેનાં ટિફિનમાં મૂકે, એ તો પોતે જ કહે 'ટિફિનનાં દાળ-ભાત, રોટલી-શાક તે કંઈ ભાવતા હશે ? બિચારા છોકરાંઓને રોજ નવું નવું ખાવાનું મન ન થાય !'

હવે છોકરાંઓને રોટલી તો ભાવે છે જ કયાં ? હા... હજી છોલે કે બીજી કોઈ વેરાઈટી ડીશ હોય તો પરોઠા ચાલે પણ આ ઉગતી પેઢીને હવે રોટલી તો આઉટડેટેડ થઈ ગઈ છે.. અરે ! જમવા બેસે ત્યારે ગરમ ગરમ રોટલી ઉતારીને ખવડાવીએ તો પણ એમનું નાકનું ટેરવું ચઢી જાય. મને લાગે છે કે જેમ અંગ્રેજી માધ્યમના મોહમાં ગુજરાતી ભાષા ભૂલાતી જાય છે તેમ દાળ-ભાત, રોટલી અને શાક જેવી પૌષ્ટિક અને બેલેન્સડ ખોરાકને બદલે જીભને સ્વાદ આવે એવી ચટાકેદાર વાનગીઓ જ આજની ઉગતી પેઢીને ભાવે છે, પછી ભલે એ આરોગ્ય ને માટે લાભકારક ન હોય, કે તબિયતને નુકસાનકારક હોય, પીઝા, પાસ્તા, વગેરે મેંદામાંથી બનતી એ વાનગીઓથી મોંને મઝા આવે પણ પેટને ? તબિયતને કેટલું બધું નુકસાન કરે છે ! તેનો વિચાર મા-બાપ કે વડીલોને પણ આવે છે ખરો ? આપણે તો બસ આપણું છોકરું નીત નવું ખાઈને ખુશખુશાલ રહે એટલે બસ ! વધુ પડતી ચીઝ, પનીર, અરે ! અર્ચન હજી આઠ જ વર્ષનો છે પણ એનું વજન જોયું છે ? આજે દુનિયામાં ચારે બાજુ સ્થૂળતાની સમસ્યા જોવા મળે છે, ટી.વી, ઈન્ટરનેટ, સેલફોન અને ટેબ્લેટ આવવાથી છોકરાંઓ સતત એમાં જ ડૂબેલા રહે છે, એમને જરાય શારીરિક કામ કે કસરત મળે ખરાં ! અરે ! સોસાયટીના નાકેથી એકાદ વસ્તુ લઈ આવવાનું કહીએ તો કહે, 'પપ્પા આવે એટલે સ્કૂટર પર જઈને લઈ આવીશ' ચાલવાનું કે ખુલ્લી હવામાં રમવાનું તો સાવ જ જતું રહ્યું છે. બાળક ચાર-પાંચ વર્ષનું

થાય એટલે એને માટે એના મનમાનીતા રમકડાં એટલે સેલફોન, ટેબ્લેટ, કમ્પ્યૂટર, ઈન્ટરનેટ પાછાં માં-બાપ ખુશ થતાં રહે. 'બાળકની બુધ્ધિ એમ જ ન ખીલે ને' સાતતાળી, ટપલીદાવ, ગિલ્લીદંડા, પગથિયા, દોરડા, લખોટી, થપ્પો, હુતુતુતુ, ખો-ખો, બાળ રમતો તો સાવ જ ભૂલાઈ ગઈ છે. આજનાં છોકરાઓને લેઝીમ અને ડંબલ્સ પણ ખબર છે ખરી !

નાના હોય ત્યારથી જ વજન વધે એટલે પછી એક પછી એક રોગ તો થાય જ ને ! પાંત્રીસ જ વર્ષની ઊંમરે પેલા પેકિલને ડાયાબીટિસ ! વધુ વજનની સમસ્યા અને છતાં ય એમને ભાવે તો પનીર, ચીજ એવું જ.

જેમ અંગ્રેજી મિડિયમનો મોહ લાગવાથી ગુજરાતી ભાષા ભૂલાતી જાય છે તેમ રોટલી અને દાળ-ભાત, શાક પણ ભૂલાતાં જાય છે, પણ ગરમ ગરમ રોટલીની મીઠાશ તો જેણે માણી હોય તેને જ તેની સમજ પડે. એટલે ઉગતી પેઢીની સ્થૂળતા અને આરોગ્યની સમસ્યાને કારણે સ્કૂલમાં 'ફૂડ અને ન્યુટ્રીશિયન' માટે લેકચર રાખ્યું, જેમાં ધોરણ ૬ થી બધાં વિદ્યાર્થીઓને ખૂબ સરસ રીતે સમજાવવામાં આવ્યું, તેમની સાથે ચર્ચા પણ થઈ, તો વિદ્યાર્થીઓએ કહ્યું, 'મેડમ ! તમે અમને આ બધુ તો સરસ સમજાવ્યું પણ અમારા મમ્મી-પપ્પાને બોલાવીને એમને પણ આવી સમજ આપોને ! મમ્મી પોતે જ અમને પૌષ્ટિક ખોરાક ન આપે તો અમે શું કરીએ ! મમ્મી એવો ખોરાક બનાવે ત્યારે ને ! અરે ! રવિવારે તો મમ્મી અચૂક બહાર ખાવાં જવાનો જ આગ્રહ રાખે છે 'કેમ ! અમારે એક દિવસ આરામ ન જોઈએ !' પણ બહેન રવિવારે હોટલમાં તો ગરદી હોય, અને આખરે કોઈ લારી ઉપર જ ઉભા રહીને ખાવાનું થાય છે ત્યારે બીજે દિવસે કેવા હેરાન થઈએ છીએ ? લારી પરનાં રગડો-પેટીસ, પાંઉ-ભાજી, ઢોંસા બધું ય અમને ય ભાવે છે તો બહુ જ પણ આજે તમે અમને આટલું સરસ રીતે સમજાવ્યુ ત્યારે અમને પણ લાગે છે કે 'મોંને મીઠું લાગે પણ પેટને કડવું લાગે' એ કેવી રીતે ચલાવી લેવાય ! આજે મમ્મીઓને બોલાવવી હતી ને !

એટલે સામાન્ય રીતે જયારે કંઈક બરાબર થતુ ન હોય ત્યારે સૌથી પહેલો દોષ નાના હોય તેનો જ નીકળે છે પણ એ માટે આપણે વડીલો પણ ઓછાં જવાબદાર નથી. અઠવાડિયામાં બે કે ત્રણ દિવસ ફરસાણ ખવડાવાય પણ તે ય તળેલાને બદલે ઢોકળાં, હાંડવો, મૂઠિયા, મેંદો, ચીઝ અને પનીર વગરની પણ કેટલી બધી વાનગી બનાવી શકાય ! બાળકોને ભણવામાં ટોપર બનાવવા આપણે કેટકેટલું કરીએ છીએ ! તો તેનાં આરોગ્ય માટે પણ આપણે જાગૃત તો રહેવું જ જોઈએ ને 'Healthy Mind in Healthy body' પેહેલું સુખ તે જાતે નર્યા.

## "પ્રકૃતિ વસંત સંગાથી"

**રાજેશ બારૈયા "વનવાસી"**

મુ.પો-બોરડા, તા. તળાજા, જિ. ભાવનગર ૩૬૪૧૩૦.

*એક અટૂલી પ્રકૃતિ,*
*ક્યાંક ફૂલડું ખીલતું.*
*ઝાડે પંખી ટહુકયું,*
*મંદ હલકી હવાથી.*
*વૃક્ષનું પર્ણ ખરતું,*
*વસંત વાચા ફૂટતી.*
*કેસૂડાંને કેસરી ફૂલ,*
*માથે કેસરી સાફો.*
*ભમરા ફૂલે-ફૂલે ભમે,*
*વસંતનો રંગ લાગ્યો.*
*આંબા ડાળે કોયલ,*
*ગાય મધુરા ગીત.*
*સાંભળી સૌ પ્રકૃતિ,*
*વસંત સાથે ખીલતી.*

# ડેલોર્સ શિક્ષણ પંચ અને બાળ શિક્ષણ

**ડૉ. રવીન્દ્ર અંધારિયા**

પ્લોટ નં. ૨૨૨૫/બી/૧/બી, પૂજાપાર્ક, વરલ હાઉસ પાસે,
વાઘાવાડી રોડ, ભાવનગર-૩૬૪૦૦૨.

બાળ સાહિત્યકાર અને શિક્ષણ વિદ્ સર્વ શ્રી મોહનલાલ પટેલે બાળ વર્તનનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરીને તારવ્યું કે બાળક તો ઉકેલવું મુશ્કેલ એવું ઉખાણું છે. બાળક વિશેનું આ તારણ સત્ય છે કારણ કે...

દશ્ય (૧) મોટેરાઓએ નકામી કે ફાલતું ગણીને જે ચીજ-વસ્તુને કચરાપેટીમાં નાખી દીધી હોય તેને ઉપાડી લાવીને બાળક તેમાં એવા તો પરોવાઈ જાય છે કે તેમને બીજું કશું દેખાતું જ નથી. આમ મોટેરાઓએ નકામી ગણીને ફેંકી દીધેલી વસ્તુ બાળકોની દૃષ્ટિમાં મોંઘેરી મૂડી. મોટેરા અને બાળકોનો ચીજવસ્તુ જોવાનો આ દૃષ્ટિભેદ જ બાળકોને અણઉકલ્યું ઉખાણું બનાવી દે છે. પછી મોટેરા કે મા-બાપ પોતાની દૃષ્ટિએ આ ઉખાણાંને ઉકેલે છે, ને લેબલ લગાવી દે છે "છેને અક્કલનો ઓથમીર!!..." કચરાને ઘરમાં ઘાલે છે.

દશ્ય (૨) આવતી કાલે રુચિરનો જન્મ દિવસ છે. ઉત્સાહી માબાપ ગિફ્ટ આપીને વિશ કરવા માંગે છે. બજારમાંથી પસંદ કરીને એક મોંઘીદાટ કાર લઈ આવે છે. એ દોડે ત્યારે રંગબેરંગી ઝબૂક ઝબૂક લાઈટ થાય છે, અથડાઈ તો આપો આપ દિશા બદલે છે. માતા પિતા વિચારી લે છે, રુચિરને આ ખૂબ ગમશે, મજા પડશે. તેઓ ખૂબ ઉત્સાહથી હેપી બર્થડે કહેતા કહેતા મિત્રોની હાજરીમાં તેને આ ગિફ્ટ પેકેટ આપે છે. રુચિરના ચહેરા પર આનંદ આનંદ છવાઈ જાય છે. એ જોઈને આખો દીવાનખંડ ખુશીથી ઉભરાઈ જાય છે. મહેમાનો વિદાય થાય છે ને રુચિરભાઈ મમ્મી-પપ્પાએ આપેલ ગિફ્ટ પેકેટ ખોલે છે. કાર જોઈને રાજી થાય છે. ધક્કો મારીને તેને દોડાવે છે. રંગબેરંગી ઝબૂક ઝબૂક થતી લાઈટો જોઈ હસી પડે છે. ને મનમાં પ્રશ્ન થાય છે, 'કારમાં બેસીને આ લાઈટો કોણ કરે છે ?' બસ કારનું પોસ્ટમોર્ટમ શરૂ થઈ ગયું. તેના માતાપિતા કામકાજમાંથી પરવારીને રુચિર પાસે આવ્યાં. જોતા જ આંચકો ખાઈ ગયાં, કારનાં પૈડા જુદી જુદી દિશામાં પડ્યા છે, બારણું તૂટીને નોખું પડ્યું છે, લાઈટોની બધી સર્કિટો વેરવિખેર પડી છે. ને માતાપિતા બંને ક્રોધથી બરાડે છે, "અલ્યા ! આ તેં શું કર્યું ? રૂપિયા ૨૦૦ નો કચરો કરી નાખ્યો ? મૂરખ ! ઢાંઢો થયો ! ! હે ભગવાન હવે આ ક્યારે સમજશે ?"

રુચિર તો એમની સામે પ્રશ્ન સૂચક : મેં એવું તે શું કર્યું છે ? કે આમ ગુસ્સે થાવ છો ?: દૃષ્ટિથી જુએ છે. આ દૃષ્ટિ ભેદ જ બાળકને અણઉકલ્યું ઉખાણું બનાવી દે છે. તેથી જ વાલીઓએ, માતાપિતાએ કે બાળશિક્ષકોએ બાળકને સાચી રીતે ઓળખવો પડે અને યોગ્ય રીતે સમજવો પડે. બાળક પર કોઈપણ પ્રકારનું લેબલ લગાડવાની ઉતાવળ ન કરવી જોઈએ, કારણ કે...

બાળક કુતૂહલનો કળાયેલ મોર છે. જિજ્ઞાસાનો મહાસાગર છે. કૃપા કરીને એ કળાયેલ મોરને પીંખી ન નાખશો, જિજ્ઞાસાના મહાસાગરને સૂકવી ન નાખશો. આ હેતુ સર બાળ વર્તનને તમારી દૃષ્ટિથી ન જોતા...ન મૂલવતા... બલકે બાળ વર્તનને બાળકોની દૃષ્ટિએ જોશો ને મૂલવશો. બાળ વર્તનને બાળકોની દૃષ્ટિએ જોવું એટલે શું ? આ પ્રશ્ન શિક્ષિત માબાપને પણ મૂંઝવતો હોય છે. તો એનો સીધો સરળ જવાબ છે : પ્રથમ તો બાળકનાં કોઈ પણ વર્તનને ધીરજ પૂર્વક જુઓ. પછી તે આવું શા માટે કરે છે ? તેવા પ્રશ્નો મનમાં ઊભા કરો... તેના સંભવિત ઊત્તરો શોધો... તમે શોધેલા દરેક ઉત્તરને બાળક વિશેનાં તમારા પૂર્વ નિરીક્ષણો તથા તમારા અનુભવની એરણ પર ચકાસો. તેમાંથી જે ઉત્તર ખરો ઉતરતો હોય એવું લાગે, તેને આધારે બાળક સાથે સંવાદ કરો. સંભવ છે કે આ સંવાદમાંથી બાળકની સાચી ઓળખ મળશે. ત્યારે તમને તમે જેણે નકામી ફાલતું વસ્તુ ગણી ને ફેંકી દીધેલી તે ચીજ વસ્તુંનું મૂલ્ય સમજાશે કે તમારા ૨૦૦ રૂપિયાની કાર એ બાળકનાં જ્ઞાન, સમજણ અને સર્જનાત્મકતા

માટેનો કેટલો મોટો ભંડાર બન્યો છે તેનો અફસોસ થશે ને એ અફસોસ ઓગળી પણ જશે કારણ કે....

નવું નવું શીખવું ને એ માટે પ્રતિક્ષણ તત્પર રહેવું એ બાળકનો સ્વભાવ છે. શીખવાની જેટલી ઉતાવળ બાળપણમાં હોય છે તેટલી ઉતાવળ ઉંમર વધતા રહેતી નથી. તેનું પણ કારણ છે, ત્યારે પ્રાયોરિટી (સ્વાર્થ) ભૂમિકા ભજવતી થઈ જાય છે. આ કારણ સર જ બાળપણમાં ચરાચર જગતની દરેક બાબત, ચીજ-વસ્તુ તેને આકર્ષે છે, પોતાની તરફ ખેંચે છે, પછી તે સૂકાયેલું પાંદડું હોય કે ખરેલું પીંછું, ખાલી થયેલ બોકસ હોય કે ગિફ્ટ બોકસ હોય. ટૂંકમાં આસપાસના પરિવેશમાં જે કંઈ હોય છે તે તેના માટે એક પ્રશ્ન હોય છે. તેનો ઉત્તર મેળવવા તે તેની રીતે મથતું હોય છે. માટે તેના આ વર્તનને સમસ્યામૂલક વર્તન ન ગણશો. બલકે તેને જ્ઞાન સર્જનની સ્વાભાવિક પ્રક્રિયા સમજશો. બાળકના ચિત્તમાં રેડીમેડ જ્ઞાન ઠાંસવાં કરતાં તેને ખૂદને જ્ઞાન સર્જન કરવા દેશો તો ભવિષ્યમાં ફાયદો થશે. તે જ તેનો લર્નિંગ ટ્રેઝર વિધીન બનશે. સયુંકત રાષ્ટ્રસંઘે એક ઠરાવ કરીને યુનેસ્કોને એકવીસમી સદીના શિક્ષણ માટેનો માસ્ટર પ્લાન બનાવી આપવાની જવાબદારી સન ૧૯૯૧માં સોંપી હતી. એ સંસ્થાએ ફેડરિકો મેયરે જેકસ ડેલોર્સના અધ્યક્ષ પદે આંતર રાષ્ટ્રીય શિક્ષણ પંચ રચીને જે માસ્ટર પ્લાન રજૂ કર્યો તેનું નામ ‘લર્નિંગ ટ્રેઝર વિધીન’ રાખવામાં આવેલું. તેમાં શિક્ષણના ચાર આધાર સ્તંભો દર્શાવ્યા હતાઃ

(૧) લર્નિંગ ટુ નો (જાણવા માટે શિક્ષણ)
(૨) લર્નિંગ ટુ ડુ. (કાર્ય કરવા માટે શિક્ષણ)
(૩) લર્નિંગ ટુ લીવ ટુગેધર. (સહજીવન માટેનું શિક્ષણ)
(૪) લર્નિંગ ટુ બી. (અસ્તિત્વ માટેનું શિક્ષણ)

આ ચારેય આધાર સ્તંભોને સાકાર કરવાની, તેને મજબૂત કરવાની જવાબદારી શાળા અને સમાજની સંયુકત રીતે છે. આધાર સ્તંભોને સાકાર કરવાની અને મજબૂત કરવાની પ્રક્રિયાની શરૂઆત બાળ શિક્ષણથી થવી જોઈએ. આ કાર્યની શરૂઆત ઘરમાંથી થતી હોય છે. પરંતુ આપણે મા-બાપ તેનાથી અજ્ઞાત હોઈએ છીએ તેથી તેનો અંત ત્યાં જ લાવી દઈએ છીએ. બાળક જયારે રમકડું કે કોઈ વસ્તુ તોડી-ફોડી નાખે છે કે વેર વિખેર કરી નાખે છે ત્યારે તે કાર્યને મૂર્ખતાભર્યું ન સમજશો. હકીકતમાં હવે લર્નિંગ ટુ નો-જાણવા માટેનાં શિક્ષણની શરૂઆત થઈ રહી છે તેમ સમજીને ધુતકારવાને બદલે ધીરજથી મદદરૂપ થશો, તેને પોંખજો, કાળજીપૂર્વક ઉછેરજો, યથાશકિત પોષણ આપજો. તો જ લાંબા ગાળે લર્નિંગ ટુ ડુ , લર્નિંગ ટુ બી, અને લર્નિંગ ટુ લીવ ટુગેધરના આધાર સ્તંભો મજબૂત થશે ને આ સૃષ્ટિ સુખમય રહેવા લાયક બની જશે. આજનું બાળક આવતીકાલનો નાગરિક છે એ ન ભૂલવું જોઈએ.


## “ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી”

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ ‘ઘરશાળા’ રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં ‘ઘરશાળા’ આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં ‘ઘરશાળા’ આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં ‘ઘરશાળા’ આવે છે ? આપ સૌ ‘ઘરશાળા’ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. ‘ઘરશાળા’ના ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

## ‘ઘરશાળા’ માસિક

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org • www.saraswatividyamandal.org/publication**

# વડીલોના વર્તનનો વારસો

**રણછોડ શાહ**

**ઍમિટી સ્કૂલ,ભરૂચ. સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧**

"કર્યું નહીં કંઈ જ જીવનમાં, છતાં પણ સ્થાન શોધે છે,
સરળતાથી મળે એવું ઘણાં સન્માન શોધે છે;
જવું છે ક્યાં ખરેખર, એ ગતાગમ છે જ નહીં જેને,
મને આશ્ચર્ય છે કે, માર્ગ આસાન શોધે છે."

**- સુનીલ શાહ**

આ જીવસૃષ્ટિ ઉપર જન્મ લેતું પ્રત્યેક બાળક જન્મ સમયે તદ્દન કોરી સ્લેટ જેવું હોય છે. બાળક સદગુણ કે દુર્ગુણ સાથે જન્મતું જ નથી. તદ્દન નિર્દોષ બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તેનામાં રહેલી નિર્દોષતા, ભોળપણ, નિષ્કપટ, નિષ્પાપ, નિરપરાધીપણું, નિષ્કલંકતા વગેરે જેવા સદગુણો ધીમે ધીમે અદૃશ્ય થતા હોય તેવું જોવા મળે છે. બાળક સદગુણોથી વિમુખ થઈ દુર્ગુણો તરફ પ્રયાણ કરે તો તેના માટે કોણ જવાબદાર છે ? પ્રત્યેક બાળક સમાજમાં કોઈકની સાથે યા બીજા સંબંધે જોડાયેલ હોવાથી તેમનામાં રહેલ સ્વભાવગત ખામીઓ અને ખૂબીઓથી પોતાની જાતને અલગ રાખી શકે નહીં. પરંતુ પ્રત્યેક બાળકના જીવનમાં પ્રથમ બે દસકામાં તે મમ્મી-પપ્પા અને શિક્ષકોની સૌથી વધુ નજીક હોય છે. તે સતત ઘર અને શાળાના પ્રભાવમાં રહેતો હોય છે. આ ઉંમરે પ્રત્યેક બાળકના આદર્શ(Role model) ક્યાં તો મમ્મી-પપ્પા અથવા શિક્ષક હોય છે. આ સંજોગોમાં બાળક ઉપર આ બે વડીલોનો પ્રભાવ રહે તે સ્વાભાવિક છે. ત્યારબાદની ઉંમરે વ્યક્તિ જાણે નિર્ણય લેતો હોવાથી તેમાં કોઈ વડીલની ભૂમિકા ભાગ ભજવે છે તેવું કહી શકાય નહીં. બાળક નીચેના જેવા દુર્ગુણોનો ભોગ કેવી રીતે બને છે તે વિશે જોઈએ :

**(૧) ટીકાત્મક વલણ :** કુટુંબ અને શાળા સમાજની લઘુઆવૃતિ છે. સગાઓ અને મિત્રો અવારનવાર ઘરે મળતા હોય છે તો જુદા જુદા સ્વભાવવાળા શિક્ષકો શાળામાં શૈક્ષણિકકાર્ય માટે આવતા હોવાથી બાળકો તેમના સીધા સંપર્કમાં આવે છે. ઘરમાં વડીલો ભેગા મળે ત્યારે જાણેઅજાણે અન્ય મોટી ઉંમરના સગાઓની ટીકા કરતાં જોવા મળે છે. "કાકાનો સ્વભાવ તો ચીડિયો અને ગુસ્સાવાળો છે તેવુ વિધાન બાળક સાંભળે છે; ફોઈ તો સતત મમ્મી વિરુદ્ધ દાદીને કાનભંભેરણી કરે છે; માસાને તો દારૂનું વ્યસન છે; મામા તો અત્યંત ઉડાઉ છે." આ તમામ વિધાનો ટીકાત્મક છે. બાળકના કાને પડતાં તે જાણેઅજાણે તેને ગ્રહણ કરી લે છે. તો શાળામાં શિક્ષકો એકબીજા વિશે બોલતા સાંભળવા મળે છે. 'અ' સાહેબ તો જુઠ્ઠાબોલા છે, 'બ' સાહેબને ભણાવતાં આવડતું નથી, 'ક' સાહેબ તો વર્ગખંડમાં ભણાવતાં ભણાવતાં ગપ્પા મારે છે વગેરે જેવા વિધાનો બાળકને ટીકાખોર ન બનાવે તો જ નવાઈ. વડીલોની વાણીમાં ઉચ્ચારાતા ટીકાત્મક વિધાનો બાળકને પણ તે દિશામાં લઈ જાય છે. શરૂઆતમાં તે પોતાના સાથી મિત્રો વિશે ટીકાત્મક બને છે. ધીમે ધીમે આ સ્વભાવ તેના જીવનનો એક ભાગ બની જાય છે. સમાજમાં બનતી પ્રત્યેક ઘટના બાબતે વાંકી નજરે જોવાની ટેવ પડી જાય છે. તમામ મિત્રો વિશે તેનો અભિગમ ટીકાત્મક બનતાં ધીરે ધીરે બાળક એકલું પડી જાય છે. વડીલો તેમના અભિપ્રાયો આપતી વખતે બાળકની હાજરીની નોંધ લેવાનું ચૂકી જાય તો આવું બનવું સ્વાભાવિક છે.

**(૨) જુઠ્ઠું બોલવું :** નાનપણમાં બાળકને સાચું શું અને ખોટું શું તેની સમજ હોતી નથી. તેને સત્ય-અસત્ય વચ્ચેના ભેદની જાણ હોતી નથી. જેમ જેમ મોટું થતું જાય તેમ તે ઘરમાં ખોટું સાંભળે છે અને પછી બોલે છે. પાડોશી કોઈક વસ્તુ માંગવા આવે તો ઘરમાં હોવા છતાં તે વસ્તુ ખલાસ થઈ ગઈ છે તેવું મમ્મીને કહેતાં સાભળે છે. પપ્પા ખોટું બોલીને ઑફિસે જતા નથી. ભાઈ ઘરમાં હોવા છતાં તેના મિત્રનો ફોન આવે તો મમ્મી ટ્યૂશને ગયો છે તેમ કહે છે. કોઈક વાત છુપાવવા મમ્મી પપ્પાને ખોટું કહેતા બાળક સાંભળી જાય છે. શાળામાં એક શિક્ષક બીજા શિક્ષકને ઉતારી પાડવા તેમના વિશે ખોટી વાતો વર્ગમાં કરે છે. વિદ્યાર્થીએ શિક્ષકને વરઘોડામાં ફરતા જોયા હોય અને

બીમાર હોવાનું કારણ આપી રજા લેતા જુએ છે. આવી અનેક ઘટનાઓ બાળકો જુએ અને સાંભળે છે. ધીરે ધીરે તેઓ પણ તેવું જ વર્તન કરે તે સ્વાભાવિક છે. બાળક જાતે પણ કારણ સાથે અથવા કારણ વિના જુઠ્ઠું બોલતો થઈ જાય છે ધીમે ધીમે માતાપિતા કે શિક્ષકનું કહ્યું ન કરવું હોય તો શું કરવું જોઈએ ? જાતે ખોટું બોલવા માંડે છે. ત્યારે આ વડીલો તેના ઉપર ગુસ્સે થાય છે. 'જુઠ્ઠાડો' છે તેમ કહી તેમને નવાજવાની શરૂઆત કરી દે છે. સાચી વાત ઓ એ છે કે બાળક જે કાંઈ કરે છે તે અન્યો પાસેથી શીખે છે તેવું સ્વીકારવાની વડીલોની તૈયારી હોતી નથી. કોઈક કવિએ સાચું જ કહ્યું છે :

**'' સાચું બોલવાની સલાહ આપે છે બધા, સાહેબ**
**કોઈ એવું કેમ નથી કહેતું કે**
**સાચું સાંભળી પણ લેજો, હોં !''**

(૩) **સરખામણી :** શાળા અને ઘરમાં સતત થતી આ પ્રવૃતિ છે. શિક્ષક વર્ગમાં હોશિયાર વિદ્યાર્થીને વારંવાર પ્રશ્નો પૂછી જવાબ પ્રાપ્ત કરી પ્રોત્સાહન આપે છે. નબળા વિદ્યાર્થીઓ તરફ બેધ્યાન રહે છે. પરીક્ષાનું પરિણામ જાહેર થતાં જે બાળક સારી સફળતા પ્રાપ્ત કરે તેના વખાણ થાય છે. ઘરમાં પણ અન્ય મિત્રો તથા સગાનાં સમવયસ્ક બાળકો સાથે સતત તુલના થયા કરે છે. ધીમે ધીમે બાળકમાં પણ આ ટેવ પડવા લાગે છે. કોઈપણ બે વ્યકિત સરખી હોય શકે નહીં તેવી સામાન્ય સમજનો પણ વડીલોમાં અભાવ જોવા મળે છે. ઘરનાં બે સંતાનોની સતત સરખામણી કર્યા કરતા મમ્મી-પપ્પા અનેકવાર નજરે પડે છે. ''અમારો નાનકો તો ખૂબ હોશિયાર છે, તે હંમેશા વર્ગમાં પ્રથમ આવે છે. મારા ભાઈનો દીકરો કોઈપણ હરીફાઈમાં ભાગ લે તો ઈનામ લીધા વિના તો આવે જ નહીં. કાકા પરદેશથી આવે તો છોકરાં માટે ચોકલેટ લઈને જ આવે, પરંતુ ફોઈ મુંબઈથી આવે ત્યારે હાથ હલાવતાં આવે છે.'' વડીલો બાળકમાં સતત વચ્ચેની સરખામણીના વિચારોના બીજ આવા વિધાનો કરીને રોપતા હોય છે.

(૪) **ગંદકી કરવી :** આ રાષ્ટ્રીય રોગ છે. સમાજમાં થતી ગંદકી માટે આપણે જવાબદાર છીએ તેમ સ્વીકારવા કોઈ તૈયાર નથી. બસ, ટ્રેન કે કારમાં પ્રવાસ કરતી વ્યકિત કચરો ગમે ત્યાં ફેંકી દે છે. ગાડીનો કાચ ઉતારી કે ટ્રેનની બારીમાંથી ચોકલેટનું રેપર, કેળાની છાલ કે નાસ્તો કરેલી પ્લેટ જાહેર રસ્તા ઉપર ફેંકી દેતા અસંખ્ય લોકો નજરે પડે છે. પરદેશમાં પિકનિક અથવા અન્ય જગ્યાએ જતાં લોકો સતત પર્સમાં કચરાની કોથળી (Garbage bag) રાખે છે. તેઓ ભાગ્યે જ જાહેર જગ્યાઓ ઉપર કચરો ફેંકે છે.વાલીઓ શાળાનો સાંસ્કૃતિક કાર્યક્રમ માણતાં માણતાં નાસ્તો કરે છે અને બાળકોને પણ કરાવે છે. છેવટે ફાટેલી કોથળી, તૈયાર નાસ્તાનું ફાટેલું રેપર, ચોકલેટનું રેપર વગેરે ત્યાં જ નાંખીને જતા રહે છે.કોઈપણ ઉત્સવના બીજા દિવસે સવારે શાળાના ગ્રાઉન્ડની મુલાકાત લઈએ તો ગંદકી નજરે પડે છે. મેદાન ઉપર મૂકેલી મોટી મોટી સાઈઝની કચરા પેટીનો ઉપયોગ બહુ જ થોડા વાલીઓ કરે છે. સિનેમા કે જાહેર સમારંભો પૂર્ણ થાય ત્યારે ત્યાં જે ગંદકી નજરે પડે છે તે જોઈને શરમથી માથું ઝૂકી જાય છે. ભોજન સમારંભના અંતે આખા ગ્રાઉન્ડ ઉપર જયાં અને ત્યાં ખાદ્યપદાર્થ વેરાયેલો નજરે પડે છે. હવે તો ઘણી જગ્યાએ ઘરેઘરે(Door to door) કચરો ઉઘરાવવાની વ્યવસ્થા હોવા છતાં મોટાભાગની સોસાયટીઓના રસ્તાઓ ઉપર ઠેરઠેર કાગળના ટુકડા, પ્લાસ્ટિકની કોથળીઓ, પાણી પીને ફેંકેલી બોટલો-ખાલી પાઉચો, શાક સુધારતાં વધેલો કચરો વગેરે જોવા મળે છે. શાળામાં કોઈનો જન્મદિવસ હોય તો વર્ગખંડમાં કચરાની ટોપલી હોવા છતાં ચોકલેટના રેપર આખા વર્ગખંડમાં જોવા મળે છે. આ બાબતે શાળાના શિક્ષકમાં પણ જાગૃતિનો અભાવ જોવા મળે છે. જાહેર રસ્તાઓ ઉપરની ગંદકી માટે વડીલો જવાબદાર છે. તેઓ જ બાળકોમાં આ કુટેવનું આરોપણ કરતા સ્પષ્ટ દેખાય છે.

(૫) **સ્વાર્થીપણું :** અન્યોના ભલા વિશે વિચારવાને બદલે માત્ર 'સ્વ' તરફ વિચારવાની ટેવ બાળકને વડીલો પાસેથી વારસામાં મળે છે. શાળામાં યોજાતા કાર્યક્રમમાં આ અનુભવ અનેક વખત જોવા મળે છે. વાલીઓ પોતાના સંતાનની કૃતિની રજૂઆત પૂર્ણ થાય એટલે તરત જ કાર્યક્રમ

અર્ધવચ્ચેથી છોડીને જતા રહે છે. આ પરિસ્થિતિને ટાળવા કેટલીક શાળાઓ કાર્યક્રમ શરૂ થઈ જાય એટલે ગેટ બંધ કરી દે છે. કેટલીકવાર બાળકોને અન્ય રૂમમાં બેસાડી રાખી કાર્યક્રમ સંપૂર્ણ પૂરો થાય ત્યારબાદ બાળકો વાલીઓને સોંપવામાં આવે છે. આ રીતે વડીલો બાળકને માત્ર 'સ્વ' તરફ દોરી જાય છે. માત્ર પોતે જ ઉત્તમ છે તેવું વિચારતો કરવા પ્રેરે છે. બાળકો તો ઘણીવાર મમ્મી-પપ્પાને તેના મિત્રોની કૃતિઓ જોવા દબાણ કરતાં હોય તેવું જોવા મળે છે. પરંતુ વડીલો તેને ગાંઠતા નથી. કોઈપણ સમારંભમાં કોઈ વસ્તુ વહેંચવામાં આવતી હોય તો વડીલો એક કરતાં વધારે વસ્તુઓ પ્રાપ્ત કરી લેવા પડાપડી કરતા નજરે પડે છે. જરૂર ન હોવા છતાં કાર્યક્રમના પેમ્ફલેટો લઈ રસ્તા ઉપર ફેંકી દેતા લોકોને જોઈએ ત્યારે દુઃખ થાય છે.

**(૬) ઈર્ષા :** વ્યકિતના જીવનના આનંદને સર્વનાશ તરફ દોરી નોતરી જતો આ દુર્ગુણ ભયંકર ખતરનાક છે. માનવ બીજા સાથે પોતાની સરખામણી કરી અન્યોની ઈર્ષા કરવા માટે મજબૂર કરે છે. બાળકો આ બાબતની અત્યંત કાળજીપૂર્વક નોંધ કરે છે. ફોઈ કે મામાને ત્યાં કાર આવે તો આનંદિત થવાને બદલે વડીલો તેઓ ખરાબ કૃત્યો કરીને કાર લાવ્યા છે તેની ચર્ચા બાળકોની ઉપસ્થિતિમાં કરે છે. બાળકનું મન હજુ તો પૂર્ણ વિકસિત થયું નથી. તે કાર જોઈને તેમાં બેસવા લલચાય તે સ્વાભાવિક છે. આ સંજોગોમાં તેને વડીલોની ટીકા અયોગ્ય લાગે છે. વડીલો જાણેઅજાણે બાળકોમાં ઈર્ષાનું બીજારોપણ કરે છે. શાળામાં પણ આવું જ થાય છે. કોઈ ધનવાન બાળક ખૂબ મોંઘી ચોકલેટ જન્મદિવસે વહેંચે તો જેની આર્થિક સ્થિતિ નબળી છે તેવા બાળકોમાં ઈર્ષાનો ભાવ આવવો સ્વાભાવિક છે. ઘર અને શાળાએ બાળકમાં આ ભાવને આગળ વધતો અટકાવવા ખૂબ કાળજીપૂર્વક વ્યવહાર કરવો જોઈએ. ઈર્ષા આગળ વધતાં ધીમે ધીમે તે હિંસામાં પરિવર્તિત થઈ જાય છે. જે વસ્તુ બાળકને સહેલાઈથી પ્રાપ્ત ન થાય તે ગમે તે રસ્તે મેળવવા પ્રયત્ન કરે ત્યારે તે હિંસા અને અસત્યના રસ્તે ચાલે તેવું પણ બને છે.

શાળા અને ઘરની જવાબદારી છે કે ઉપરના જેવા દુર્ગુણોથી બાળકો દૂર રહે તેવી પ્રવૃતિઓનું આયોજન કરે. સંસ્કાર, મૂલ્યો અને નીતિપૂર્વકના આચરણ માટે બાળકોને શિક્ષણ આપે. સદગુણોના વિકાસ માટે પ્રોત્સાહન આપે. વડીલો દુર્ગુણોથી દૂર રહે તેટલું જ નહીં પરંતુ બાળકોમાં સદગુણો સ્થાપિત કરવાનો સજાગ રહી પ્રયત્ન કરે. સદગુણોનું આરોપણ પુસ્તકો વાંચવા કે વંચાવવાથી થશે નહીં. તેનું તો આચરણ કરી ઉદાહરણો દ્વારા શિક્ષણ આપવાની જવાબદારી વડીલોને નિભાવવી પડશે. વડીલોએ વૈચારિક પ્રક્રિયા બદલવાની ખાસ જરૂર છે.

**આચમન :**

**"મુજ વીતી તુજ વીતશે, એવું શા માટે કહેવું ?**
**મેં માણ્યું તું માણશે એમ ન કહી શકાય ?"**

---

**પ્રાથમિક શાળામાં અસરકારક અંગ્રેજી પ્રત્યાયન**

વિકસે છે. મેં જણાવેલા આ મુદ્દાઓ પ્રમાણેની વિવિધ પ્રવૃત્તિઓ જો શિક્ષક બાળક માટે નિષ્ઠાથી વર્ગમાં કરશે તો બાળકનો Vocabulary development આપોઆપ થાય છે. વર્ગમાં Oral work કે Written Work of work Unit પર શિક્ષક ઝડપથી જઇ શકે છે. આ તમામ Activities કરવાથી પ્રાથમિક શાળાના ધોરણ ૪ થી ૮ના બાળકોમાં શિક્ષક સારું પરિણામ મેળવી શકે છે. આમ આજે પ્રાથમિક શાળાઓમાં શિક્ષક – વિદ્યાર્થી પોતાના વિચારો, સંવેદનાઓ, અનુભવો વગેરે અભિવ્યક્તિ અને અર્થગ્રહણ સાથે જોડાય ત્યારે જ આપણું અંગ્રેજી શિક્ષણ અસરકારક બનશે. આ પ્રત્યાયન માટે શિક્ષક – વિદ્યાર્થી – અથવા વિદ્યાર્થી – વિદ્યાર્થી વચ્ચે થાય તો જ આપણે આપણા અંગ્રેજી ભાષાના અધ્યયન નિષ્પત્તિઓ અસરકારક બનાવી શકીશું. ખાનગી શાળાઓના વધતા જતાં પ્રભાવને રોકવા માટે સરકારી પ્રાથમિક શાળાઓના અંગ્રેજી શિક્ષણને પ્રભાવક અને તેજસ્વી બનાવવું તે દરેક શાળાનાં ભાષા શિક્ષકની અનિવાર્ય ફરજ છે. અંગ્રેજી ભાષામાં અભિવ્યક્ત થવાની તક બાળકને શિક્ષકે અવશ્ય આપવી જોઇએ.

# પ્રાથમિક શાળામાં અસરકારક અંગ્રેજી પ્રત્યાયન

**પ્રવીણ કે. મકવાણા**

આચાર્યશ્રી, આંગણકા પ્રાથમિક શાળા, તા. મહુવા, જિ. ભાવનગર.
મો. ૯૪૨૮૬૧૯૮૦૯

પ્રત્યાયનને અંગ્રેજીમાં 'Communication' કહે છે. પ્રત્યાયન મૂળ લેટિન શબ્દ 'કોમ્યૂનિકો' પરથી બનેલો છે. 'Communication' શબ્દનો અર્થ 'To Share' એવો થાય છે. આથી જ એરિસ્ટોટલ કહે છે કે " પ્રત્યાયન એટલે ઇચ્છિત અસર સિદ્ધ કરવા માટે અન્ય પર પ્રભાવ પાડતું સમજાવટ કે સમાધાનનું સાધન."

આજે વિશ્વમાં અંગ્રેજી ભાષા ટેકનોલૉજીના આધુનિક સમયે શીખવી અનિવાર્ય બની છે. ખાસ કરીને વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે, પોતાના હુન્નર, કલા, વ્યવસાયની સજ્જતા કેળવવા, વિશ્વ સામે પોતાના વિચારો મૂકવા માટે તેમજ વિશ્વના વિચારો મેળવવા માટે અંગ્રેજી અનિવાર્ય છે. પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી ભાષાના અસરકારક પ્રત્યાયન માટે વર્ગખંડમાં Communication Approach એટલે કે પ્રત્યાયનલક્ષી અભિગમ શિક્ષકે ધ્યાને લેવો જોઈએ. આ કામ કરવાથી વર્ગના તમામ બાળકોને અંગ્રેજી બોલવાની તક મળશે. આ પાયાની બાબત શિક્ષકે શીખવવાની જરૂર છે. શિક્ષક તરફથી બાળકોને જો ઘણું બધું સાંભળવાની તક પણ વર્ગખંડમાં શિક્ષકને મળે તો વિદ્યાર્થીઓનું પ્રત્યાયન સારુ બને. અસરકારક પ્રત્યાયન માટે શિક્ષકે નીચેની પ્રવૃત્તિઓ વર્ગખંડમાં કરવી અત્યંત જરૂરી છે. જેમાંની કેટલીક નીચે મુજબ છે.

(૧) બાળકો રોજબરોજના અભિવાદનો શિક્ષક સામે કરે અને શિક્ષક તેનો અંગ્રેજી ભાષામાં જ પ્રતિભાવ આપે. જેમકે ...

Teacher enters in class

Students : Good morning sir,

Teacher : very good morning to you all

(૨) શિક્ષક બાળકોને Who, Where, When, What, How many, જેવા પ્રશ્નોના જવાબ પૂછશે અને બાળકો તેના જવાબ આપશે.

Teacher : How many students are absent today ?

Students : four girls and three boys are not present today sir.

(૩) શિક્ષક બાળકો સાથે પરિચિત પરિસ્થિતિમાં સાનુકૂળ સંવાદ કરી શકશે. વિદ્યાર્થીઓ વ્યવહારિક અને નાટકિય સંવાદ કરશે, પોતાના ગમા, અણગમા કે લાગણીઓ વગેરે સંવાદમાં દર્શાવી શકશે.

Mira said : what is your plan from this vacation Krupa ?

Krupa replied that she went to go from tracking.

Mira : I don't like tracking but I like pera ceiling.

(૪) શિક્ષકે વર્ગમાં રોલ-પ્લે, નાટ્યીકરણ, ચર્ચા, પ્રસંગવર્ણન, ચિત્રવર્ણન, જેવી પ્રયુક્તિઓથી અનુભવો પ્રાપ્ત કરશે.

(૫) શિક્ષકે બાળકોને ટૂંકી કોઇ પરિચિત એવી વાર્તાઓ સંભળાવીને તે આધારિત પ્રવૃત્તિઓ કરાવીને કાર્ય કરવાનું છે.

(૬) બાળકો કોઇ સ્થાન, વસ્તુ વગેરે વિશે સાંભળીને ઓળખે, શબ્દોને અનુરૂપ ચિત્ર સાથે જોડે, તે અંગે વાત કરે તો વિદ્યાર્થીઓને મજા આવે છે.

(૭) શિક્ષકે વાર્તાઓ સંભળાવીને બાળકો એવી જ કોઇ વાર્તા પ્રાર્થના સંમેલન કે બાલસભામાં રજૂ કરે તેવું ભાવાત્મક વાતાવરણ પૂરું પાડવું જોઇએ. જેમકે...

Vinu

Vinu climbed up a tree. He sat on a branch. He was cutting the same branch. An old man saw the boy. He said, "Oh Vinu ! Don't cut that branch.You will fall." The boy laughed at old man. He did not follow his advice. He continued to cut the branch. He fell down and broke his leg.

આપણી શાળાના બાળકોને આવી ટૂંકી વાર્તાઓ

શિક્ષક કહે તો બાળકો તેના જવાબ આપીને વધુ સારી રીતે અંગ્રેજી શીખી શકે છે. આવી અનેક જુદા જુદા પ્રકારની ટૂંકી વાર્તાઓ આપવાથી તેના આધારે Comprehension માટેની પ્રવૃત્તિ સરસ થાય છે.

(૮) શિક્ષકે વ્યાવહારિક એવા અર્થપૂર્ણ શબ્દો, વાક્યો, પરિચ્છેદનું વાચન કરાવવું જોઇએ, આમ કરવાથી અંગ્રેજીનો હાવ કે ડર મનમાંથી દૂર થાય છે. જેમકે...

I am a school boy. This is my school.
He is Dhanjibhai. That is my bag.
She is Vanitaben. Her husband is a farmer.
That is a temple. Its flag is very long.
Those are trees.Thair leaves are green.

(૯) બાળકો ફકરાનું શ્રુતલેખન કરે તે માટે લેખન મહાવરાઓ પૂરા પાડવા જોઇએ.જેમકે ..

This is a cupboard. Those are tins.This is a gas lighter. That is a gas cylinder. That is a refrigerator. These are ranges. These are carrots. Those are bottles. These are chocolates. That is a window. This is a big kitchen.

(૧૦) કોઇ ઘટના કે પાત્રો વિશે, તેના લક્ષણો વિશે બાળકો વિગત રજૂ કરે તે તારવી શકે તેવી સમજૂતી આપવી જોઇએ.

This is a pen
This is a my notebook
This is my friend.
That is my teacher.
These are my family members.
Those are trees.
Those are vehicles.

(૧૧) અર્થપૂર્ણ વાક્યો કે ફકરાનું શ્રુતલેખન કરી શકે તે માટે પ્રોત્સાહન આપવું જોઇએ.જેમકે ...

આ રસોડું છે.પેલો સ્ટવ છે. આ થાળીઓ છે. આ ચમચીઓ છે. પેલો ઘડો છે. પેલો ગ્લાસ છે. આ કીટલી છે. પેલી રકાબીઓ છે. પેલું બાસ્કેટ છે. પેલા ફળો છે.

(૧૨) ચિત્ર, ગ્રાફ, નકશા, વાર્તા, પરિચ્છેદ વગેરેની વિગતોનું વર્ગીકરણ કરે તે રીતે સમજૂતી આપવી જોઇએ.

(૧૩) વર્ગમાં અભિવાદન કરીને વિદ્યાર્થી પ્રતિભાવો આપે તેવી સૂચનાઓ આપવી જોઇએ. જેમકે... What is it ?

It is a pencil.

(૧૪) સાદાસરળ પત્ર કે ઇ-મેલ કરે અને જવાબ લખી શકે તે શિક્ષકે થોડું ઘણું શીખવવું જોઇએ.

(૧૫) બાળકો શાળા પુસ્તકાલયમાંથી સામયિકો, અંગ્રેજી ભાષાના પુસ્તકો વાંચે તે માટે શિક્ષકે અંગ્રેજી વર્તમાનપત્ર કે પુસ્તકનો પરિચય અંગ્રેજીમાં આપવો જોઇએ.

(૧૬) સરળ ભાષામાં શિક્ષક કે અન્ય પોતાના મિત્ર કે બહેનપણીને ચિઠ્ઠી લખી, વાંચી શકે તે માટે લાઇટ બિલ, વિઝિટિંગ કાર્ડ પણ આપવા જોઇએ.

(૧૭) બાળકોને અંગ્રેજી ભાષામાં કોઇ પ્રાણી, પક્ષી, વ્યક્તિ વગેરેનો પરિચય આપતાં પણ શીખવવું જોઇએ. જેમકે...

A person who lives on vegetables – vegetarian

A person who writes in newspaper – journalist

Specialist in children's diseases – pediatrician

A shopkeeper who sells the writing materials – stationer

(૧૮) બાળકોને સરળ એવી Rhymes, Action Songs વગેરે ગાઇને સંભળાવવા જોઇએ, તદુપરાંત નવા બીજા શીખવવા જોઇએ.

(૧૯) બાળકોને નાના નાના જોડકડા કે વ્યવસાયકારોનો પરિચય પણ આપવાથી કે નાના પ્રોજેક્ટવર્ક આપવાથી તેના વિવિધ કૌશલ્યો ખીલે છે. વર્ગખંડમાં Classroom, Hospital, Bank, Railway કે જુદી જુદી જગ્યાએ લઇ જઇને અંગ્રેજીમાં વપરાતા શબ્દોની નામાવલીની યાદી તૈયાર કરાવો. આમ કરવાથી Oral work ખૂબ જ સુંદર રીતે થઇ શકે છે. શિક્ષક અને બાળક બંનેને શીખવા અને શીખવવાનો આનંદ મળે છે.

આપણી સરકારી પ્રાથમિક શાળાઓ કે ખાનગી શાળાઓના શિક્ષકે અંગ્રેજી ભાષા શીખવવા મૂળભૂત રીતે કુદરતી ક્રમ L+S+R+W ક્રમશઃ ભાષાના કૌશલ્યો ધ્યાને લેવા જોઇએ. આમ કરવાથી બાળકમાં Self confidence

(અનુસંધાન પૃષ્ઠ ૨૭ ઉપર)

# નિવૃત્ત શિક્ષકોનું શૈક્ષણિક દાયિત્વ

**સંજય આર. તલસાણિયા**

પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભાવનગર.

શાળા અને શિક્ષક અભિન્ન રીતે જોડાયેલા છે. શાળા એ શિક્ષકને મન કર્મભૂમિ કે ધર્મભૂમિ છે. જે શિક્ષકે પોતાની જિંદગીના અણમોલ વર્ષ શાળાને ૨૫-૩૦ વર્ષ સુધી આપી પોતાની કર્મભૂમી સમજી જ્ઞાન અને અનુભવ દ્વારા શાળાના વાતાવરણને સુંદર અને શિક્ષણને ગુણવત્તા સભર બનાવ્યું હોય એ માત્ર વય મર્યાદા પૂર્ણ થતાં વર્ષોનો નાતો પલમાં તોડી દે, છોડી દે એમ માનવાને કારણ નથી. ઘણી વખત કેટલાક શિક્ષકો પણ વર્ષોનો આ જીવંત નાતો વિસરી જતાં હોય છે. ઘણા તો એ રસ્તે જવામાં પણ પાપકર્મ કર્યાની અનુભૂતિ કરે છે, આવું શા માટે ?

જે શાળા થકી આપણી આજીવિકા ચાલી છે, કુટુંબનું ભરણ-પોષણ થયું છે એ શાળા પ્રત્યે આપણું દાયિત્વ કે કૃતત્વ ત્યારે જ અદા થયું કહેવાય કે નિવૃત્તિ પછી પણ એ શાળાને આપણે પોતીકી માનીએ. આજે પણ ઘણા નિવૃત્ત શિક્ષકો છે કે તેઓ નિવૃત્તિ બાદ પણ પોતાની સેવાનો લાભ શાળાને જરૂર પડ્યે તન, મન અને ધન થકી આપે છે એ સર્વે નિવૃત્ત શિક્ષકો આજે જ્યારે યાદ આવે છે ત્યારે તેમના પ્રત્યે સહજ જ નત મસ્તક થઈ જવાય છે.

જેમ યુવાનો દેશની સંપતિ છે એમ વૃદ્ધો પણ આપણાં, સમાજ અને રાષ્ટ્રની અણમોલ સંપત્તિ છે. 'ઘરડા ગાડા વાળે' એ કહેવત આજે ભલે વિસરાતી જતી હોય પરંતુ તેની અગત્યતા આ સંદર્ભે એટલી જ છે. તેઓના વર્ષોના અનુભવ અને જ્ઞાનનો પરિપાક કે જેના થકી તેઓ યુવાનો તેમજ સમાજનું પથદર્શન કરી શકે છે. વેદ વ્યાસે વૃદ્ધાવસ્થામાં ભાગવત, વાલ્મીકિએ વૃદ્ધાવસ્થામાં રામાયણ તેમજ તુલસીદાસે વૃદ્ધાવસ્થામાં પ્રાકૃત ભાષામાં રામાયણ રચ્યું. ૮૦ વર્ષની ઉંમરે કૃષ્ણએ અર્જુનનો રથ હાંકી ગીતા સમજાવી હતી. હોમરે એ અવસ્થામાં 'ઓડીસી' મહાકાવ્ય લખ્યું. વૃદ્ધ થવું એ ગૌરવની વાત છે. એવા જ્ઞાનવૃદ્ધ અને અનુભવવૃદ્ધ નિવૃત્ત શિક્ષકો શાળાનું ગૌરવ ગણી શકાય.

ઘણી વખત એવું પણ બની શકે છે કે શાળામાં નવા આવનાર આચાર્ય તેમના પ્રત્યે દુર્લક્ષ સેવે અથવા અવહેલના કરે છતાં આપણે મનની મોટાઈ દાખવી શાળામાં અવાર-નવાર જઈએ; શિક્ષકો અને આચાર્યને મળીએ અને કહીએ કે જ્યારે પણ જરૂર જણાય તો હું આપને શિક્ષણકાર્ય તેમજ ઈત્તર પ્રવૃત્તિમાં મદદરૂપ બનીશ. આપણી આવી ઔદાર્યતા સામેના કોઈપણ વ્યક્તિને આપણાં પ્રત્યે વિચારવા અચૂક બાધ્ય કરશે. ખાસ કરીને જ્યારે શાળામાં બે-ત્રણ શિક્ષકો રજા પર કે અન્ય કાર્ય અર્થે બહાર હોય ત્યારે જે આચાર્યને વિદ્યાર્થીઓના શિક્ષણની ચિંતા છે તે તમને અચૂક આવકારશે, સન્માન આપશે. એ સમયે તમે શાળાને ખૂબ જ ઉપયોગી થઈ શકો છો.

**આ ઉપરાંત તમે કઈ રીતે શાળાને ઉપયોગી થઈ શકો ?**

- પ્રાર્થના તેમજ વર્ગખંડમાં સુંદર વાર્તાઓ દ્વારા મનોરંજન સાથે મૂલ્યલક્ષી વાતો કરી શકાય.
- જ્ઞાન-વિજ્ઞાનનું અવનવું વાંચન કરી વિદ્યાર્થીઓની જ્ઞાનની ક્ષિતિજ વિસ્તારી શકાય, રસ પેદા કરી શકાય.
- બાળગીતો, ભજનો તેમજ ઋતુગીતો અને દેશભક્તિ ગીતો શીખવી અને ગાઈ બતાવાય.
- દિન-વિશેષની ઉજવણી જેમ કે પર્યાવરણ દિન, મહિલા દિન, બાલ દિન, ઉર્જા દિન વગેરે વિશેષ વાંચન કરી વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી આપી જ્ઞાનમાં વૃદ્ધિ કરી શકાય.
- મહાપુરુષો, સાહિત્યકારો, ક્રાંતિકારીઓ વગેરેની જન્મતિથિ પહેલાં વિશેષ વાંચન કરી વિદ્યાર્થીઓને તેમના જીવનચરિત્રથી પરિચિત કરાવી શકાય.
- સાહિત્યના વિવિધ સ્વરૂપ જેમ કે કાવ્ય, સૉનેટ, હાઈકુ, વાર્તા, ટૂંકી વાર્તા, નવલકથા, એકાંકી, નાટક

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ ઉપર)

# આંબેડકર અને ગાંધી : કેટલીક ગેરસમજૂતીઓ દૂર કરીએ

**નારાયણ દેસાઈ**

**'ગાંધી અને આંબેડકર' કહો કે 'આંબેડકર અને ગાંધી', દલિતોના ઉત્થાન માટેના કોઈના પ્રયત્નો કોઈનાથી ચડિયાતા કે ઊતરતા કહેવા એ બંનેએ એકમેકને સમજવા માટે કરેલા પ્રયત્નો ઉવેખવા બરાબર કહેવાય. માર્ગ ભલે જુદો, પણ મંછા એક હતી – અસ્પૃશ્યતાનિવારણ અને આટલી અમથી વાતને સમજવામાં આપણને નડી ગઈ એ કદાચ બંને માટેની ગેરસમજ. આંબેડકરની જન્મજયંતીનું નિમિત્ત મળ્યું છે તો ભલે યથાશક્તિ, ગેરસમજ દૂર કરીએ ?**

જીવનમાં એક-બે વાર જ મેં ડૉ.આંબેડકરને જોયેલા. તેમાંય પ્રથમવાર યરવડા જેલમાં ૧૯૩૨માં અસ્પૃશ્ય માટેનાં અલગ મતદાર મંડળની વિરુધ્ધ ગાંધીજીએ ઉપવાસ કર્યા ત્યારની યાદ વધુ પાકી છે. જેલની અંદરનો આંબો, આંબા નીચે પાટ પર દુ:ખકાય ગાંધીજી સૂતા છે. ઉપવાસ અંગે એમની જોડે વાત કરવા આવનારાઓમાં ડૉ.આંબેડકર સૌથી વધુ ધ્યાન ખેંચે છે. કારણ અસ્પૃશ્યોના હિતના એ મુખ્ય પ્રતિનિધિ હતા. અસંદિગ્ધતાના સાકાર સ્પરૂપ જેવી એમની વાણી દેશની બંધારણસભામાં જેટલી સ્પષ્ટ હતી એટલી જ એનાં ૧૩-૧૪ વર્ષ પહેલાંની આ વાટાઘાટોમાં પણ મુર્ખ હતી. મહાદેવભાઈ દેસાઈએ પોતાની ડાયરીમાં એની ઠીક-ઠીક નોંધ લીધી છે. ગાંધી-આંબેડકરનો સંવાદ જેટલો મહાદેવભાઈએ નોંધ્યો છે તે આખો ઉતારવાનો અહિં આશય નથી. પણ એમાંનો એક ફકરો પ્રાસંગિક અને પ્રસ્તુત છે. પૂના કરાર પર સહીઓ થયા પછી આંબેડકર ગાંધીજી પાસે આવ્યા ત્યારે ઠકકરબાપાએ કહ્યું, 'આંબેડકરનું પરિવર્તન થયું છે.' ગાંધીજી કહે, 'એ તમે કહો છો, આંબેડકર કયાં કહે છે?' આંબેડકરે કહ્યું, 'હા મહાત્માજી, થયું છે. તમે મને બહુ મદદ કરી. તમારા માણસોએ મને સમજાવવાનો જેટલો પ્રયત્ન કર્યો તેના કરતાં તમે મને સમજવાનો પ્રયત્ન વધારે કર્યો. મને લાગે છે કે એ લોકોના કરતાં મારામાં અને તમારામાં ઘણું સામ્ય છે.' ગાંધીજીએ 'હા' કહી તે સ્વીકાર્યું.

આજે ૬૫-૬૬ વર્ષ પછી એમ લાગે છે કે આ બંને સદ્ગત મહાપુરુષોનું ફરી મિલન થાય તો ગાંધીજી આંબેડકરને કહી શકે કે **'તમારા લોકો મને જેટલું સમજયા એના કરતાં તમે મને વધારે સમજયા હતા.'** બંનેના વિચારોમાં મતભેદો હતા. પણ એકબીજાને સમજવાની તે બંનેએ જેટલી કોશિશ કરેલી તેવી કોશિશ એમના સાથીઓએ નથી કરી. તેને લીધે બંને બાજુએ બંનેના વ્યકિતત્વની મહાનતા સમજવામાં અધૂરપ રહે છે. ગાંધીના ભકતોએ આંબેડકરના ગુણોનું દર્શન કરવામાં જરાય કચાશ ન રાખવી જોઈએ અને આંબેડકરના ભકતોએ ગાંધી વિશેની ગેરસમજૂતીઓ દૂર કરવી જોઈએ.

આંબેડકરને મુખે સદીઓથી સવર્ણ હિંદુ સમાજ દ્વારા દલિતો પર ગુજારવામાં આવેલા નૃશંસ જુલ્મો અંગે ચિત્કાર ઊઠતો હતો. એક આખી જમાત ઉપર નિરંતર કરવામાં આવેલ અપમાનોની સામેની એ ન્યાયોચિત પ્રતિક્રિયા હતી. પરંતુ એ વાત ભુલાવી ન જોઈએ કે એક વર્ગનું પ્રતિનિધિત્વ કરવા છતાંયે આંબેડકરનું અંતઃકરણ સમગ્ર રાષ્ટ્રના હિતથી કદીએ આગળ થયું નહોતું. જાતિ માટે સમર્પિત જીવન હોવા છતાં રાષ્ટ્રનું હિત વીસરાયું નહિં એ બાબાસાહેબની મોટી વિલક્ષણતા હતી.

સ્વરાજ પહેલાંનાં પચાસેક વર્ષોમાં દેશને જે આગેવાનો મળ્યા તે સૌ રાષ્ટ્રીય નેતા હતા. એમનો પ્રદેશ, ધર્મ કે જાતિ પરથી તેઓ ઓળખાતા નહીં. રાજાજીને દેશે બ્રાહ્મણ તરીકે કે અબુલ કલામ આઝાદને મુસ્લિમ તરીકે કે સુભાષબાબુને બંગાળી તરીકે નહીં પણ આખા દેશના નેતા તરીકે ઓળખ્યા હતા. પરંતુ દુર્ભાગ્યે સ્વરાજ પછી એવું રાષ્ટ્રીય નેતૃત્વ ન ખીલવા પામ્યું. જે નેતૃત્વ રાષ્ટ્રીય કહી શકાય એવું હતું તે રાજકીય નેતૃત્વ બની રહ્યું. એકથી વધારે આગેવાનોને વડાપ્રધાન પદેથી નીકળ્યા પછી એમને

સારું નીમવામાં આવેલ સિક્યોરિટી ગાર્ડ સિવાય ભાગ્યે જ બીજાઓએ નેતા તરીકે સ્વીકાર્યા હશે. પણ આ બાબતે બાબસાહેબ આંબેડકર એક ઝળહળતા અપવાદ હતા. તેઓ રાષ્ટ્રપતિ કે વડાપ્રધાન બન્યા નહોતા. પણ એમને કોઈએ મહારાષ્ટ્રના કે મહાર જાતિના નેતા ન માન્યા, રાષ્ટ્રીય નેતા જ માન્યા, એનું કારણ એમનું રાષ્ટ્રીય વ્યકિતત્વ હતું. એક ધર્મનું પ્રતિનિધિત્વ કરનાર નેતા દેશના ભાગલાના નિમિત્ત બન્યા, પણ એક જાતિનું પ્રતિનિધિત્વ કરનાર બાબસાહેબ ભારતના બંધારણના શ્રેષ્ઠ ઘડવૈયા પુરવાર થયા. મનુસ્મૃતિની હોળી કરનાર, બંધારણના સ્મૃતિકાર બન્યા.

બંધારણસભામાં કૉંગ્રેસ બહારના લોકોની યાદી તૈયાર કરીને ગાંધીજી પાસે મોકલવામાં આવી ત્યારે એ યાદીમાં સુધારો કરીને આંબેડકરનું નામ આગ્રહપૂર્વક મૂકનાર ગાંધીજી જ હતા એ આપણામાંથી કેટલાને ખબર હશે ? બંધારણસભામાં એમણે શરૂઆતમાં ભાષણ આપ્યું ત્યારે તેમાં એમનું રાષ્ટ્રીય વ્યક્તિત્વ એવું ઝળકી ઊઠયું કે સૌ આગેવાનોએ ખુશી ખુશીથી બાબાસાહેબનું નામ બંધારણનો ખરડો ઘડનાર સમિતિના પ્રમુખ તરીકે સૂચવ્યું. બાબસાહેબે પોતાની અસાધારણ બૌદ્ધિક પ્રતિભાનો ઉપયોગ, પોતાની કમાણી વધારવામાં ન કરતાં, તેને પોતાનાં કમનસીબ ભાઈબહેનોની સેવામાં વહેવડાવી. વળી તેમણે જાતિનું પ્રતિનિધિત્વ પણ રાષ્ટ્રહિતને અવરોધી રાખ્યું. આ ભારે સંયમ, ત્યાગવૃત્તિ અને દૂરદેશી ભરેલું કામ હતું.

આંબેડકરના સાથીઓ તો શું કહેવા, પણ એમનું નામ જેમના મુખ પર હંમેશા રમતું રહે છે તેવા લોકોએ ગાંધીજી વિશે સમજવામાં જે કચાશ દેખાડી છે તેને હવે તપાસીએ. જે ઉપવાસનો ઉલ્લેખ થયો એને વિશે એમ કહેવામાં આવે છે કે એ અનશન દ્વારા ગાંધીજીએ હરિજનોના હિતમાં બાધા આણી. અસ્પૃશ્યો માટે અલગ મતદાર મંડળની જાહેરાત એ સ્વરાજને પાછું ધકેલવા માટે અંગ્રેજ સરકાર દ્વારા કરવામાં આવેલું કાવતરું જ હતું. પ્રજામાં ભેદ ઊભા કરીને સામ્રાજયને અમર રાખો એ સામ્રાજયવાદનું જૂનું અને જાણીતું સૂત્ર છે. મુસ્લિમોને અલગ મતદાર-મંડળ આપવાથી શરૂ થયેલ સંસ્થાનવાદ છેવટે દેશના ભાગલા પડાવીને જ જંપ્યો. એમ જ જો દલિતો વિશે થયું હોત તો ? તો દેશને ગામેગામ દલિતીસ્થાન થાત અને લાખો ગામડાંમાં નાની લઘુમતી તરીકે વસતી, આર્થિક અને સામાજિક રીતે કમજોર એવી દલિત પ્રજાના શા હાલ થયા હોત એની કલ્પના જ કંપાવી મૂકે છે. મરાઠાવાડ વિદ્યાપીઠના નામમાં બાબાસાહેબ ભીમરાવ રામજી આંબેડકરનું નામ મૂકવાની વાતને પણ ન સાંખી શકતાં જે હિંસા ફાટી નીકળી હતી તેમાં ત્યાંનાં કેટલાંય ગામડાંના હરિજનવાસ ભસ્મિભૂત થયા હતા પ્રમાણમાં તાજો ઈતિહાસ છે. આવી પરિસ્થિતિમાં અલગ મતદાર મંડળની વ્યવસ્થા દલિતો સારું આત્મઘાતક પુરવાર થઈ હોત.

એક-બે દલિત નેતાઓએ જયારે ગાંધીજી અંગે બેફામ વિધાનો કર્યાં ત્યારે એને અંગે દેશભરમાં અને લોકસભામાં પણ વિરોધી પ્રત્યાઘાતો પડયા હતા. આ જોઈ એમાંના એક નેતાએ તો નફટાઈથી એમ પણ કહ્યું કે ગાંધીજીનો વિરોધ કરવાથી આટલી બધી પ્રસિદ્ધિ મળે છે એનો મને ખ્યાલ હોત તો મેં ઘણા વખત પહેલાં જ વિરોધ કર્યો હોત ! નેતાને ગાંધીવિરોધ કરતાંયે પોતાની પ્રસિદ્ધિની વદુ પડી હતીએ તો આ વિધાનથી જ સ્પષ્ટ થતું હતું.

વળી એમ પણ કહેવાયું કે ‘ગાંધીજીએ દલિતો માટે કામ જ શું કર્યું છે ?’ ગાંધીજી સાવ નાનપણથી જ અસ્પૃશ્યતાને પડકારતા હતા એ તો એમની આત્મકથા વાંચનાર સૌ કોઈ જાણે છે. પરમ માતૃભકત ગાંધીએ ઉકાભાઈ ભંગીને ન અડવાની માતૃઆજ્ઞાનો ભંગ કર્યો હતો અને એ વિશે માતા જોડે દલીલ પણ કરી હતી. આત્મકથાને લીધે આફ્રિકામાં બનેલો જે કિસ્સો જાહેર થયો તે હતો એક અસ્પૃશ્ય ક્લાર્કનો રાતનો વપરાયેલો પોટ સાફ કરવામાં કસ્તુરબા કરેલી આનાકાનીથી આવેશમાં આવી ગાંધીજી કસ્તૂરબાને ઘરમાંથી બહાર કાઢવા તૈયાર થઈ ગયા હતા તે. પશ્ચિમમાં આ કિસ્સાનો હવાલો આપી ગાંધીજીને સ્ત્રી જાતિ પ્રત્યે અન્યાય કરનાર તરીકે દેખવામાં

આવે છે. પણ આ કિસ્સામાં ગાંધીજીના કોપ પાછળ કારણ અસ્પૃશ્ય કલાર્ક માટેની એમની લાગણી હતી એ ન ભુલાવું જોઈએ.

દેશમાં આવીને કોચરબમાં આશ્રમ સ્થાપ્યો ત્યારે ઠક્કરબાપાની ભલામણથી ગાંધીજીએ દુદાભાઈ નામના વણકરને આશ્રમમાં સહકુંટુંબ રહેવાની વ્યવસ્થા કરી. એને લીધે આશ્રમને મળતી અમદાવાદના વૈષ્ણવોની આર્થિક મદદ તો બંધ થઈ ગઈ, પણ આશ્રમવાસીઓ માટે પણ આ પ્રયોગ આકરો થઈ પડયો. જેમને પાછળથી ગાંધીજીએ 'આશ્રમના પ્રાણ' તરીકે નવાજયા હતા તે મગનલાલ ગાંધીનાં પત્ની સંતોકબહેનને સારું આ સુધારો ફેરવવો ભારે પડ્યો. એ જોઈ ગાંધીજીએ પોતાના પરમ સાથી મગનલાલભાઈને આશ્રમમાંથી છૂટા કર્યા હતા. તેઓ મદ્રાસ જઈને છ માસ રહ્યા હતા અને ત્યાં વણાટનું કામ શીખ્યા હતા. પછી આખા પરિવારે દુદાભાઈનો સહવાસ સ્વીકાર્યો ત્યારે જ મગનલાલભાઈને આશ્રમમાં પાછા આવવાની છૂટ મળી હતી. આ પ્રસંગે કસ્તૂરબાને પણ આંતરિક મથામણમાંથી પસાર થવું પડ્યું હતું, પણ પતિના પાપ પુણ્યમાં પોતે પણ ભાગીદાર છે એમ વિચારીને તેમણે સમાધાન મેળવ્યું હતું. ગાંધીજી ઉપર એક નહીં અનેકવાર અસ્પૃશ્યતા-નિવારણનાં તેમનાં કાર્યક્રમને લીધે જીવલેણ હુમલા થયા હતા. જગન્નાથપુરીના મંદિરમાં પ્રવેશ કરતાં તેમની ઉપર આક્રમણ થયું હતું. પૂનામાં ગાંધીજીની ગાડી પર બોંબ ફેંકાયો હતો, પણ તેઓ સહેજ બચી ગયા હતા. ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણના કામ માટે આખા દેશમાં મુસાફરી કરી હતી. જેલમાંથી બીજા ઉપવાસને કારણે તેમને જલદી છોડી મૂકવામાં આવ્યા ત્યારે પોતાની થયેલી કેદની સજાનું બાકીનું આખું વરસ તેમણે કોઈ પણ રાજકીય પ્રવૃતિ ન કરતાં હરિજન યાત્રામાં જ ગાળ્યું હતું. ૧૯૩૪માં તેમણે હરિજન સેવક સંઘની સ્થાપના કરી હતી. જે આજ લગી હરિજનોની સેવાના કાર્યમાં રત છે. તે જ કાળમાં ગાંધીજીએ પોતાના મુખપત્રોને 'હરિજન', 'હરિજનબંધુ', અને 'હરિજનસેવક' એવાં નામો આપ્યાં હતાં. જીવનના છેલ્લા દિવસ સુધી ગમે તેટલા કામ વચ્ચે પણ ગાંધીજી હરિજનસેવા માટે ફાળો ઉઘરાવવાનું ચૂકતા નહીં. 'મારું જીવન એ જ મારો સંદેશ' એમ કહેનાર ગાંધીજીના અસ્પૃશ્યતા નિવારણના કામની કોઈ મૂઢમતી જ અવહેલના કરી શકે. ગાંધીજીએ તો એટલે સુધી કહ્યું હતું કે જો કોઈ સનાતની એમ સિદ્ધ કરી આપે કે વેદોમાં અસ્પૃશ્યતાને માન્યતા છે; તો તેઓ વેદોને છોડવા તૈયાર થશે, અસ્પૃશ્યતાને માનવા નહીં. ગાંધીજીને ૧૯૩૧માં 'અર્ધનગ્ન ફકીર' તરીકે વર્ણવનાર વિન્સ્ટન ચર્ચિલ જેવા રાજનૈતિક વિરોધીએ પણ ગાંધીજીની હરિજનસેવાને બિરદાવેલી. *(પાદટીપ: (૧) અહીં ૧૯૩૨ હોવું જોઈએ. 'ગાંધીજીની દિનવારીમાં' જણાવ્યા પ્રમાણે 'હરિજન સેવક સંઘ'ની સ્થાપના ૩૦ સપ્ટેમ્બર ૧૯૩૨ના રોજ થઈ હતી. સં.)*

હરિજનોનો મંદિરપ્રવેશ, એમને માટે શાળાઓ, કૂવાઓ, જાહેર સ્થળો ખુલ્લાં મુકાવવાં વગેરે કામો તો ગાંધીજીએ કરેલાં લોકશિક્ષણનાં ફળ સ્પરૂપ હતાં. એ લોકશિક્ષણનું એટલું જબરદસ્ત પરિણામ આવ્યું કે સ્વરાજ મળતાંની સાથે બંધારણની એકીકલમે દેશ આખામાંથી કાયદેસર રીતે અસ્પૃશ્યતા નાબૂદ થઈ ગઈ. ઈંગ્લેંડ જેવી લોકશાહીમાં સ્ત્રીઓને મતાધિકાર મેળવતાં દાયકાઓ લાગેલા, આફ્રિકામાં કાળા લોકોને સમાન નાગરિક અધિકાર મેળવતાં પેઢીઓ ગયેલી. પણ ભારતમાં અસ્પૃશ્યતા નાબૂદીનો કાયદો સ્વતંત્રતાની સાથે સાથે જ થઈ શક્યો એની પાછળ ગાંધીજીના લોકશિક્ષણનો ફાળો નાનોસૂનો નહોતો.

પણ એ જ સ્વતંત્ર ભારતમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરને ધર્મપરિવર્તન કરવાનો વારો આવ્યો એ પણ હકીકત છે. હકીકત એ હતી કે અસ્પૃશ્યતા કાયદાના ચોપડે ગઈ હતી પણ હિંદુ સમાજના વહેવારમાંથી એ ગઈ નહોતી. હિંદુઓની જાતિવ્યવસ્થા જ એવી છે કે જાત્યંતર કરવું હોય તો જન્માન્તર કરવું પડે. બાબાસાહેબ જેવા સ્વમાની પુરુષો જાતે અને પોતાની જાતિ માટે આવું હડહડતું અપમાન કેમ સહી શકે ? ધર્મપરિવર્તનની બાબત એમના જેવા વિચારશીલ માણસે જરૂર ઊંડો વિચાર કર્યો હશે. તેઓ ઈસ્લામને અંગીકાર કરી શક્યા હોત. ઈસ્લામ

ધર્મ ઠીક ઠીક પ્રમાણમાં સમાનતા બક્ષે છે અને બાબાસાહેબને તો સમનતાની જ શોધ હતી. છતાં તેમણે એ રસ્તે જવાનું કેમ પસંદ નહીં કર્યું હોય ? ઈસ્લામના સ્વીકાર સાથે ભાષા અને સંસ્કાર બદલાતા તેમણે જોયા હતા. ઈસ્લામના આગ્રહીઓએ દેશના ભાગલા પડાવેલા પણ તેમણે જોયા હતા. બાબાસાહેબની રાષ્ટ્રનિષ્ઠા એને માટે તૈયાર નહીં થઈ શકી હોય. ખ્રિસ્તી ધર્મમાં માનવીય સેવાનું મહત્ત્વ છે. પણ તેમાંય એમણે કાળા-ગોરાના ભેદ જોયા હશે, ધર્મને નામે ધર્મ યુદ્ધોનો ઈતિહાસ બાબાસાહેબ જાણતા હતા.

કેટલાક જૈન લોકોએ જયારે મંદિર પ્રવેશના કાયદામાંથી છટકબારી શોધવા એવી દલીલ કરી કે હિંદુ ધર્મનો કાયદો જૈનોને લાગુ પડે; ત્યારે કુશાગ્ર બુદ્ધિવાળા બાબાસાહેબને એ સમજતાં વાર નહિં લાગી હોય કે છેવટે એ લોકો પોતાની આભડછેટની પરંપરાને ટકાવવા જ આ દલીલ કરી રહ્યા હતા. થોડો વખત બાબાસાહેબે શીખ ધર્મ સ્વીકીરવાનો પણ વિચાર કરેલો. કદાચ એમને જ ધ્યાનમાં રાખીને ગુરુગ્રંથસાહેબ, જે ગુરુમુખીમાં છપાય છે તે નાગરીમાં છાપવામાં આવેલો. પણ બંધારણસભામાં જયારે અનામતની વાત નીકળી ત્યારે શીખોના નેતાઓએ કહ્યું કે, અમારામાં જે અછૂત છે તેમને પણ અનામતનો લાભ મળવો જોઈએ. એનાથી બાબાસાહેબ ચોંકી ગયા હતા. છેવટે બૌદ્ધ ધર્મ સ્વીકારતાં પહેલાં એમણે તેનું અધ્યયન કર્યું હતું. એનું નવસંસ્કરણ કર્યું હતું- અને 'ધ બુદ્ધ ઍન્ડ હિઝ ધમ્મા' નામનું પુસ્તક પણ લખ્યું હતું.

આજકાલ 'હરિજન' શબ્દ પણ દલિતોમાં અપ્રિય ગણાય છે. મને તો એક વાર આકાશવાણી પર બોલવા નીમંત્ર્યો ત્યારે મારા ભાષણના ખરડામાંથી 'હરિજન' શબ્દ કાઢી નાખવા કહેવામાં આવેલું. હરિજન શબ્દ તો નરસિંહ મહેતાનો આપેલો છે ને ગાંધીજીએ એને પ્રતિષ્ઠિત કર્યો. એને વિશે સૂગ દેખાડનારાએ તો એટલે સુધી કહી દીધું કે 'અમે જો હરિનાં સંતાન તો એ લોકો શું શેતાનનાં બચ્ચાં છે' છેવટે આવી લાગણી પેદા શા કારણે થઈ હશે? કારણ એ છે કે આપણા વ્યવહારમાંથી અસ્પૃશ્યતા સમૂળગી ગઈ નથી. સમાજમાં એ કલંક જયાં સુધી ચાલુ રહેશે ત્યાં સુધી એ સમાજને માટે ગમે તેટલું સારું નામ આપો તોયે એનો અર્થ હલકો જ થઈ જવાનો. આજે બી.સી(બૅકવર્ડ કલાસ) કે અનુસૂચિત જાતિ શબ્દ વપરાય છે. પણ જો સમાજમાં અસ્પૃશ્યતા ટકી રહેશે તો આ શબ્દોનું પણ અવમૂલ્યન થઈ જશે. શબ્દને ગૌરવ આપે છે એની પાછળનું વ્યકિતત્વ ને તપ. ગાંધીજી 'હરિજન' શબ્દ મારફત એક જાતિને સમ્માનભેર ચાલવાની અને બીજીને સદીઓના પાપનું પ્રાયશ્ચિત કરવાની તક આપેલી . આપણે આપણા વહેવાર વડે અર્ધી સદીમાં જ એ શબ્દનું અવમૂલ્યન કરી નાખ્યું. એ શબ્દની પવિત્ર ભાવનાને પુનઃ પ્રતિષ્ઠિત કરવા અસ્પૃશ્યતા નાબૂદીમાં વિશ્વાસ ધરાવનાર સૌ કોઈએ પોતાના ચિત્તને નિર્મળ કરી સ્નેહ અને કરુણાની લાગણીથી જીવનના દરેક ક્ષેત્રમાંથી અસ્પૃશ્યતાને નિર્મૂળ કરવા પ્રયાસ કરવો પડશે.

બંધારણસભામાં જયારે હરિજનો અને આદિવાસીઓનો પ્રશ્ન ચર્ચાયો ત્યારે બે દિવસ એની ઉપર ખૂબ ચર્ચાઓ થઈ. ઍંગ્લો ઈન્ડિયનો અનામતની વ્યવસ્થા દસ વર્ષ કરતાં વધુ ચાલે તેમ ઈચ્છતા હતા. પણ પંડિત ઠાકુરદાસ ભાર્ગવે જયારે ઠરાવમાં સુધારો મૂકયો કે દસ વર્ષ પછી અનામતની વ્યવસ્થા આપોઆપ ખતમ થશે ત્યારે બાબાસાહેબ આંબેડકરે તરત સુધારાને સ્વીકારી લીધો. એટલે ચર્ચા સમાપ્ત થઈ. ચર્ચા સમેટતાં તેમણે બહુમતીને બર્કના શબ્દોની યાદ આપીને કહ્યું કે 'મોટો સમાજ અને સાંકડાં મન એકસાથે ટકી શકતાં નથી. એટલું ધ્યાનમાં રાખજો.' આંબેડકરના આ ગંભીર ઈશારા પછી એ કલમ પર બીજા જે કાંઈ સુધારાવધારા આવ્યા હતા તે પાછા ખેંચવામાં આવ્યા ને મૂળ કલમ મંજૂર થઈ.

વર્ષો પહેલાં રવીન્દ્રનાથ ઠાકુર પોતાની એક પ્રસિદ્ધ કવિતામાં આવો જ ઈશારો કરી ચૂકયા હતાઃ

***હે મારા દુર્ભાગી દેશ, જેમનું કર્યું છે અપમાન***
***વાકાં વળીને તે સૌના સમાન બનવું પડશે.***

**સર્વોદય પ્રેસ સર્વિસ બુલેટિનમાંથી સાભાર.**

# પરિવાર

**મિતલ પટેલ " પરિભાષા"**

૧૪, ઓમ રેસીડેન્સી, ન્યુ વાવોલ, ગાંધીનગર.

જેમ 'મોતી'ને છીપલું હૂંફરૂપી આવરણ બનાવી અંતરંગ રીતે પોષે અને સંચરે છે ને... તે જ રીતે પરિવાર વ્યકિતને મૂળમાંથી સાચા આનંદનું પોષણ આપી સીંચે છે. જીવવું અને જીવંત રહેવું તેમાં ફરક છે ઘણો.... જીવતા તો તમે દુનિયાના કોઈ પણ ખૂણામાં ભૌતિક વસ્તુઓ વચ્ચે રહી શકો છો પણ જીવંત તો તમે પરિવાર સાથે જ રહી શકો છો.

*વાજતે ગાજતે ઉજવે જિંદગી*
*પરિવારની સંગે હરપળ છે બંદગી*
*એકાંત માણજે નવ થતો એકલો...*
*કુટુંબકબીલાની સંગ જ છે...*
*સાચી જિંદગી...*

RBC , WBC લોહીના નમૂના ભલે મળતા ન આવે પણ જો સમસંવેદી અને લાગણી ઝરણા જયાં ફૂટતા હોય સંગસંગ તો એ સંબંધમાં કલ્પવૃક્ષ સમાન છે જે 'પરિવાર' નામના મૂળિયામાંથી ઉગે છે ને તે જ સાચો પરિવાર છે.

નોકરી, ઘરકામ, જીવનની દોડધામમાં પડેલા આપણે જાણતા અજાણતા Priority..... નક્કી કરવામાં ભૂલ કરી બેસીએ છીએ.

આપણે સૌ એક Goal લઈને ભાગતા ફરીએ છીએ - મારે આટલા રૂપિયા કમાવા છે, આટલો મોટો બંગલો બનાવવાનો છે. Health સાચવવી છે. Gymમાં આટલો Time આપવો છે.

મારા આટલા શોખ પૂરા કરવા છે. આમ બધાની વચ્ચે જ આપણા Life partner, આપણા બાળકોને Quality time આપવાનું ભૂલી જાય છે. તેનો ખ્યાલ ત્યારે જ આવે છે જયારે એક Gap Create થઈ જાય છે. જયારે આ બધા Goal પૂરા કરી તમે નવરા પડો છો ત્યારે પરિવાર યાદ આવે છે. જે તમારાથી ઘણો દૂર ચાલ્યો ગયો હોય છે. જે સમયે Quality time સાથે ચાલી Emotional bonding બાંધવાનો સમય હતો તે ન સચવાયો. હવે બધું છે તોય કંઈ જ નથી તેવો અહેસાસ થાય છે.

Just વિચારો તમને જોઈતી'તી તે બધી જ વસ્તુ ભગવાને તમને આપી દીધી . તમે કરોડો રૂપિયાના માલિક બની ગયા. ૧૦૦ વર્ષ જીવવા જેટલી Health મળી ગઈ. ૪-૫ મોટા બંગલા થઈ ગયા, તમારા બાળકો ભણીગણીને મોટા Officer બની ગયા. વ્યસ્તતામાંથી હવે એક ઠહેરાવ પર તમે આવ્યા ત્યારે લાગણીના શૂન્યાવકાશનો તમને અહેસાસ થાય છે. હવે તમને હૂંફની પોતાનાપણાની જરૂર છે. આજ જરૂરિયાત થોડા વર્ષ પહેલા તમારા બાળકોને - પોતાનાઓને હતી. જે તમે ન આપી શકયા. હવે તેમની પાસે સમય નથી તમને આપવા માટે, ત્યારે તમને યાદ આવ્યું કે આ બધું જ મેળવવાની લ્હાયમાં મારા મમ્મી-પપ્પા સાથે પાંચ મિનિટ પ્રેમથી વાત કરવાનું તો ભૂલી ગયો. ભાઈ-બહેનો સાથે બાળપણને થોડું વાગોળવાનું તો રહી ગયું. જીવનનાં સુખ દુઃખ Share કરવાનું તો રહી ગયું. મિત્રોની ટોળકી સાથે જીવનને માણવાનું તો રહી ગયું. જે બારી મારા પરિવારજનોના હૃદયમાં ખૂલતી હતી તે તો મેં કામના બોજા તળે બંધ કરી દીધી. હવે તમારી જોડે કોઈને Attachment નથી. બધા તમને "બહુ મોટા માણસ બની ગયા" એમ સમજે છે. "મારા પોતાના માણસ છે" એવું માનવાનું ભૂલી ગયા. તમે તમારી ફરતે એક કુંડાળુ દોરી દીધું. જેની અંદર આવવું હવે તમારા પરિવારજનો માટે ઈચ્છે તોય પ્રવેશવું શકય નથી. કારણ કે આખી જિંદગી કુંડાળામાં Career, બાળકો, ભવિષ્ય, કામ કામ ને માત્ર કામ જ રાખ્યું છે.

આજે કાકા, મામા, માસી, ફોઈ, ભાણીયો, ભત્રીજો, વગેરે સંબંધો ફોટોફ્રેમ જેવા બની ગયા છે. પ્રસંગ આવે હાજરી આપવાની, વર્ષે એકાદવાર માંડ ભેગા થાય. Wp અને Fb પર આંગળીના ટેરવે જયાં સંબંધોને ચાંદલા થાય ત્યાં સુખની દિવાળી તો ખાલી selfie મૂકી Fb પર કેટલી

Like આવે છે તેટલી જ સીમિત રહી જાય છે.

અહીં સુધી જ જો તમારી ગાડી અટકી ગયેલ હોય તો ચાલો નીચેની થોડી ટિપ્સથી ફરી ખુશીઓની મુસાફરીને આગળ વધારીએ.

(૧) ૧૫ દિવસે ૧ વાર પરિવારજનોની ખબરઅંતર પૂછી શકીએ Phone પર કે રૂબરુમાં.

(૨) પરિવારજનોના સુખ દુઃખના સમયમાં પોતાના વ્યસ્ત Seduele માંથી સમય કાઢી હાજરી આપી તેમાં સહભાગી અવશ્ય થઈએ.

(૩) પરિવારજનોની વર્ષગાંઠ, એનિવર્સરી જેવા શુભદિનને યાદ રાખી તેની સાથે મળી ઉજવી શકીએ.

(૪) ૬ મહિને ૧ વાર કુંટુંબકબીલો સાથે નજીકની ૧ દિવસની Picnic પણ કરી શકીએ.

(૫) પોતાના દિવસ દરમિયાનના વ્યસ્ત TT માં ૧ કલાક Life partner અને બાળકોને Quality time આપી શકીએ. Quality time એટલે માત્ર સાથે બેસવું ને mobile મંતરવો તે નહીં. Phone, T.V. બધુ બંધ કરી એકબીજાની જોડે વાતો કરવી, બાળકોની દિનચર્યા સાંભળવી, તેની સાથે રમવું, વ્હાલ કરવું.... વગેરે

*પરોવાયેલી માળા મહી રંગબેરંગી મોતીડા ચમકે*
*જુદા વિચારો જુદી છે પસંદ...*
*તોય એક જ પરિવેશમાં પરિવાર મહેકે...*

---

## નિવૃત્ત શિક્ષકોનું શૈક્ષણિક દાયિત્વ

વગેરેથી વિદ્યાર્થીઓને પરિચિત કરાવી રસ જાગૃત કરાવી શકાય.

- સાંસ્કૃતિક કાર્યક્રમોની તૈયારી વખતે નાટકો, રાસ-ગરબા, અભિનય નૃત્ય વગેરેમાં શિક્ષકોને મદદરૂપ થઈ શકાય.
- ચોમાસાની ઋતુમાં શાળાના બગીચામાં નવા છોડ, ક્ષુપ, વેલા અને વૃક્ષોનું વાવેતર અને જતન, સંવર્ધન અને રોપ ઉછેર કરી શાળાના ભાવાવરણમાં આપનું યોગદાન આપી શકીએ.
- જન્માષ્ટમી, દિવાળી તેમજ ઉનાળુ વેકેશન વખતે શાળા અને બાગ-બગીચાની સંભાળ રાખી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રેમ જાગૃત કરી શકાય.
- પગપાળા પ્રવાસ કે સાઇકલ પ્રવાસમાં જોડાઈને વિદ્યાર્થીઓના ઉત્સાહ અને પ્રેરણા વધારી શકાય.
- જળ, વીજળી અને પર્યાવરણના જતન અંગે માર્ગદર્શન આપી રાષ્ટ્રીય સંપત્તિના રક્ષણની ભાવનામાં હકારાત્મક ભૂમિકા ભજવી શકાય.
- વિદ્યાર્થીઓ વાંચન અભિમુખ થાય એ માટે બાળવાર્તા, બાળગીતો, જોક્સ વગેરે સાહિત્ય વિશેષ કે રજાના દિવસો તેમજ વેકેશનમાં મળી રહે એવી ગોઠવણ કરી શકાય.
- શાળામાં સ્થિત વૃક્ષોની ઓળખ વિદ્યાર્થીઓને કરાવીએ તેમજ તેનું ઔષધિય મૂલ્ય શું છે તેનાથી વાકેફ કરાવીએ.
- સંગીત, ચિત્ર, યોગ, કસરત, શૂન્યમાંથી સર્જન વગેરે પ્રત્યે વિદ્યાર્થીઓ રસ કેળવે એ માટે માર્ગદર્શન આપી તેની અંતર્નિહિત કળા વિકસાવીએ.
- જીરો વર્ગ, રજા કે વેકેશનના દિવસોમાં 'શેરી ટ્યૂશન' વિના મૂલ્યે ચલાવીએ, ખાસ ગરીબ અને નબળા બાળકોને વિશેષ ધ્યાન આપીએ.
- શાળામાં ઉજવાતા ઉત્સવો ખાસ તો પ્રવેશોત્સવ, ખેલમહાકુંભ, વાંચનપર્વ વગેરેમાં રસપૂર્વક સહભાગી બનીએ.
- ખાસ તો એ શિક્ષકો કે જે ખૂબ ટેલેન્ટેડ છે પરંતુ શાળાકીય પરિવેશ એમના માટે નવું છે તેથી કદાચ તે હતાશ, નિરાશ છે તો તેમણે સતત પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડીએ જેથી તેમની અંદર રહેલો શિક્ષક જાગૃત રહે.

આ ઉપરાંત પણ આપણી અંતર્નિહિત શક્તિઓનો ઉપયોગ કરી શાળા, શિક્ષણ અને વિદ્યાર્થીઓનો ગુણાત્મક વિકાસ થાય એ આપણું દાયિત્વ છે. ગુજરાત જ નહીં સમગ્ર રાષ્ટ્રના નિવૃત શિક્ષકોમાં આવી મંગલ નૈતિક કર્મનિષ્ઠા જાગૃત થાય એ જ ઈશ્વરને પ્રાર્થના !



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન

**પાલખીવાલા અમિતા મનુભાઈ** ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય

## લાન્સ નાયક કરમસિંહ, પરમવીર ચક્ર
## પરમવીર ચક્ર, શીખ રેજિમેન્ટ પહેલી બટાલિયન
## (સ્વહસ્તે)
## જન્મ : ૧૫ સપ્ટેમ્બર ૧૯૧૫
## મૃત્યુ : ૨૦ જાન્યુઆરી ૧૯૯૪
## (ભારત પાકિસ્તાન યુદ્ધ – ૧૯૪૭)

લાન્સનાયક કરમસિંહનો જન્મ ૧૫ સપ્ટેમ્બર ૧૯૧૫ માં પંજાબના સંગરુર જિલ્લાના ભાલિયા ગામમાં થયો. જયારે તેઓ છ વર્ષના હતા ત્યારે તેમને શાળામાં મોકલવામાં આવ્યા. પરંતુ અસંખ્ય પ્રયત્નો છતાં તેઓ ભણવામાં સફળ ન રહ્યાં. તેમને ભણાવવાનું કોઈના પણ માટે અસંભવ હતું. લગભગ બધાં જ વિષયોમાં નાપાસ કરમસિંહ નું પરિણામ જોતાં જ ધનિક ખેડૂત પિતા સરદાર ઉત્તમસિંઘે એમને કહ્યું, " ઓય...તુ કલસે ખેતીમેં લગ જા ભાઈ ! તેરા કુછ નહીં હોનેવાલા...તુ બસ મજદૂરી કર ! ચલ દફા હો જા યહાં સે ... ' હાથમાં દીકરા કરમનું શાળાનું પરિણામ અને મગજમાં ગુસ્સા સાથે ઉત્તમસિંઘે કરમસિંહને ખેતીવાડીમાં કામ ચાલુ કરી દેવાનું કહ્યું, પરંતુ કરમસિંહને ન તો કૃષિમાં ઋચિ હતી કે ન તો ભણવામાં . કરમ ત્યાંથી જતો રહ્યો. પણ જતાં જતાં પિતાને સંભળાય એમ તો કાંઈ ના બોલ્યો, પણ સ્વગત બબડતો હોય તેમ બોલ્યો, " બાબુજી, મૈં તો પહેલે સે હી કહેતા થા કિ, પઢના લિખના મેરા કામ નહીં હૈ, લેકિન આપ નહીં માને ઔર અબ ભી કહતા હૂઁ કિ યે ખેતબેત કી મજદૂરી ભી મેરા કામ નહીં હૈ, મૈં તો દેશકી સેવા કરના ચાહતા હૂઁ.."

કરમસિંહ ...જેને હાથમાં હળને બદલે મશીનગન જોઈતી હતી. મા ના ખોળાને સ્થાને ભારતમાના ખોળાની તરસ હતી. ખેતરોમાં ચાલતા તેના પગને યુદ્ધનું મેદાન ધમરોળવું હતું. બળદ ગાડાની ઘંટડીઓની રણઝણાટને બદલે મશીનગનની ધણધણાટી બોલાવવી હતી. બાળપણમાં ગામમાં કુશ્તીના મેદાનમાં પણ તેમને પોતાની ઓળખ બનાવવી હતી.

કરમસિંહના મનમાં બાળપણથી જ સાહસિક અને રોમાંચક જિંદગીની ઝંખના હતી. તેમને તો સૈનિક બનવાની ઈચ્છા હતી. એમને તો એમના કાકાના પગલે ચાલવું હતું. કાકા જ એમના આદર્શ હતા. સેનામાં જૂનિયર કમાન્ડિંગ ઑફિસર તરીકે ફરજ બજાવતાં, ખૂબ જ પ્રભાવિત હતાં. અને આથી જ તેમને કાકાની જેમ જ પડકાર ભરી જિંદગી જીવવાની મહેચ્છા હતી. પણ તેમને ક્યાં ખબર હતી કે ટૂંક સમયમાં જ એમના સાહસિક જીવનની શરૂઆત થવામાં હતી ! અને આવનારી જિંદગી તેમને દેશના સર્વોચ્ચ સ્થાને બેસાડવાની હતી ! અને તેનો પાયો નંખાયો ૧૫ સપ્ટેમ્બર ૧૯૪૧ રોજ.

૧૫ સપટેમ્બર ૧૯૪૧.. બીજું વિશ્વયુદ્ધ પૂરજોશમાં ચાલી રહ્યું હતું. એ દિવસોમાં ભારતીય સેનાના એક અધિકારીએ ભરતી માટે કરમસિંહના ગામની બર્નાલીની મુલાકાત લીધી. જોગાનુંજોગ એ જ દિવસે કરમનો જન્મદિવસ હતો. પિતા સામે એ કયારેય કંઈ બોલી નહોતા શકતા. પણ એ દિવસે જન્મદિવસની ભેટરૂપે મળેલી એ તકને ઝડપી લઈને કરમસિંહે પિતાને ધીમાં અવાજે પણ દઢતાથી કહ્યું, પિતાજી મૈં સેનામેં જાના ચાહતા હૂ ! "પિતા કેટલીયેવાર ચૂપ રહ્યાં પછી બોલ્યા અને કહ્યું કે સેનામાં ભરતી થવું એ કોઈ સામાન્ય વાત નથી. મોટી જવાબદારી

હોય છે- દેશ પ્રત્યેની, સુરક્ષાની અને એમાં યુદ્ધના મેદાનમાં તો કયારેક શહીદી પણ વહોરવી પડે છે. કરમની વાત સાંભળીને માતાએ પણ નારાજગી વ્યકત કરી ત્યારે કરમે માને કહ્યું, “મા, તારે બીજા ત્રણ બેટા છે. મને એકને જવા દે ફૌજમાં, દુશ્મનોને મારું. હણું અને તમારું નામ રોશન કરું, ગામનું નામ રોશન કરું. ભારતમાતા મને પોતાના બંને હાથ ફેલાવીને એની પાસે બોલાવી રહી છે.” અને પિતાજીને ઉદ્દેશીને કહ્યું, “ પિતાજી, જે ભારતમાતા એ જન્મ આપ્યો છે એ ભારતમાતા માટે મરવું એ કાંઈ મોટી વાત નથી. ૨૬ વર્ષના કરમની તેની ઉંમર કરતાં પણ આ મોટી વાત સાંભળીને તેના પિતાએ તેને ગળે લગાડી દીધો અને આશીર્વાદ આપતા કહ્યું, “ વાહે ગુરુ તેરી રક્ષા કરે , જા ફતેહ કર બેટે !” જયારે એના કાકાએ પણ કરમનો પક્ષ લેતા કહ્યું કે સારું છે ને, આખો દિવસ ખેતરોમાં લડયા કરે તેના કરતાં મેદાને જંગમાં જઈને લડે... અને કરમસિંહે તક ઝડપી લીધી અને માત્ર ૨૬ વર્ષની ઉંમરમાં જ લશ્કરમાં ભરતી થવા માટેની નોંધણી કરાવી અને એ જ દિવસે ગામનો આ ઝનૂની રખડતો, ઠોઠ નિશાળિયો કરમિયો સિપાહી કરમસિંહ બની ગયો.

કરમસિંહે લશ્કરની પ્રાથમિક ટ્રેનિંગ નૌશરા (પજાંબ) ખાતે લીધી હતી. એ પછી ૧૯૪૨ ના ઑગસ્ટ મહિનામાં તેમની નિમણૂક શીખ રેજિમેન્ટની પ્રથમ ટુકડીમાં કરવામાં આવી હતી. કરમસિંહ દેશ માટે કંઈક કરી છૂટવા માંગતા હતા. પણ હજુ સુધી એમને એવી તક નહોતી મળી. આખરે એ તક એમને ૧૯૪૪ માં મળી, એ વર્ષે ભારત અને જાપાન વચ્ચે તંગદિલી થઈ હતી અને બંને દેશોની આરાકન સરહદ પર હુમલાઓ થઈ રહ્યાં હતાં. કરમસિંહને આરાકન સરહદની સુરક્ષાની મોટી જવાબદારી સોંપવામાં આવી. આખું ઓપરેશન કરમસિંહના ખાતે હતું, આથી તેઓ બહુ ખુશ હતા અને આ તક તેઓ જવા દેવા માંગતા નહોતા. દુશ્મનોને બરોબર પાઠ ભણાવવા તેઓ તૈયાર હતા અને બુધિડોગ, હતિન્શાબાઈન અને મણ્તિુર જેવી સરહદો પર જાપાનીઓ સાથે લડતી વખતે એ એમણે કરી પણ બતાવ્યું. આ લડાઈમાં અનેક વખત તેમણે પોતાના જીવને જોખમમાં નાંખ્યો હતો. આમ ત્યાંથી જ કરમસિંહે પોતાની ધાક એક કુશળ નાયકના રૂપમાં પ્રસ્થાપિત કરી અને પોતાના ઉપરી અધિકારીઓને એ વાતનો અહેસાસ પણ આપ્યો કે કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાં નિર્ણય લઈ શકવાની ક્ષમતાવાળા તેઓ સૈનિક છે. અભૂતપૂર્વ નેતૃત્વ શકિત અને બહાદુરીને કારણે તેઓ આખાયે લશ્કરમાં ‘શૂરવીર’ તરીકેની છાપ ઊભી કરી શક્યા.

કરમસિંહ એક અનુકરણીય સૈનિક હતા. ઈ.સ. ૧૯૪૧માં તેઓ બ્રિટિશ ભારતીય સેનામાં જોડાયા. ૧૯૪૪માં બીજા વિશ્વયુદ્ધ વખતે ચાર ચાર વાર ઘાયલ થયા છતાં બર્મા અભિયાન દરમિયાન ઓપરેશન ‘અંડમિન બોક્સ’ ની લડાઈ વખતે પણ તેમણે અપાર શૂરવીરતા બતાવી બધાને દંગ કરી દીધાં. બર્મા ફ્રન્ટ પર તો તેમને તેમની તાલીમ પૂરી થતાં એક બે દિવસ માં જ લડવા જવા મળ્યું ત્યારે તેમના એક સાથી સૈનિકે પૂછયું કે તેઓ ખુશ છે કે નહી ? ત્યારે કરમસિંહે ખણખણતો જવાબ આપ્યો કે ખુશ તો હોઉં જ ને ! લશ્કરમાં કાંઈ પરેડ કરવા થોડે ભરતી થયો છું.!

૯ મી જન્યુઆરી ૧૯૪૪ના રોજ પાંચમા ભારતીય વિભાગે મોન્ગડોનું નાનું બંદર હાંસલ કર્યું. અને તે દ્વારા બંદરની દક્ષિણે જાપાની સ્થિતિને નબળી કરી. સૈનિકો આગામી ઉદ્દેશને સિદ્ધ કરવા તૈયાર હતા. એ ‘મયુ રેન્જ ’ (mayu range) નો ભાગ હતો, જયાં બે અવાવરુ રેલ્વે ટનલો મોન્ગડો ટેકરીઓ મારફતે બુધિડોન્ગ અને કાલાપાન્ઝીન ઘાટીના લેટવેડેટ (letwedet) શહેરને રસ્તો પૂરો પાડતી હતી. આ હુમલા માટે સૈનિકો અને સ્રોતોને ફરી ગોઠવવા માટે સાતમી ભારતીય વિભાગના એન્જિનિયરો એ એક સાંકડા ટ્રેકને સુધારી દીધું. જેને ‘ નાગાકેડેક પાસ ’ તરીકે ઓળખાવામાં આવે છે. ટેકરીઓ તરફના મોટા વહીવટી ક્ષેત્રને પછીથી ‘ અડમિન બોકસ ’ તરીકે ઓળખવામાં આવ્યું. તા. ૪ ફેબ્રુઆરી ૧૯૪૪ ના રોજ લેફટન્ટ જનરલ હનયાની તદશી દ્વારા ‘ નાગાકેડેક પાસ ’ ના પૂર્વીય છેડે સિન્ઝવેયા નજીક સ્થાપવામાં આવ્યું. જેનો મૂળ હેતુ બીજા ‘ અડમિન બોકસ- સંચાલન બોકસ ’ તરીકે બીજા વિશ્વયુદ્ધમાં ઉપયોગનો હતો.

‘અડમનિ બોકસ’ ને બચાવવા માટે ડાંગરના ખેતરો અને ઉત્તરીય આરાકન જંગલ વચ્ચે પંદર દિવસ સુધી લડતાં લડતાં આ લડાઈ બર્મા યુદ્ધમાં પરિણમી હતી. બર્મા અભિયાન દરમિયાન અંગ્રેજોની જાપાનીઝ સામેની એ

પ્રથમ નિર્ણાયક જીત હતી. અને એ માત્ર જીત નહોતી પણ દૂર પૂર્વના આ નાના ખૂણામાં કઈ રીતે અંગ્રેજોએ જાપાનીઝને હરાવ્યા તેની કથા હતી. ભયંકર હિંસાના આ પંદર દિવસીય યુદ્ધમાં અદ્દ્ભુત માનવ નાટક, લોહિયાળ હાથથી લડાયેલું યુદ્ધ, ઘેરાબંધી તોડવા માટે બહાદુર પ્રયાસો, વધુને વધુ ભયાવહ અને આત્મઘાતી ખર્ચ, કરૂણાંતિકા- આ બધાના અંતે વિજય રહેવા પામ્યો હતો.

શૂરવીરતા અને બહાદુરી કરમસિંહના જન્મજાત આભૂષણો હતાં. ઓપરેશન ' અડમિન બોક્સ ' માં તેમણે બતાવેલી બહાદુરીથી બ્રિટિશ સરકારે અત્યંત પ્રભાવિત થઈને ૧૪ માર્ચ ૧૯૪૪ ના રોજ તેમને પ્રતિષ્ઠિત મિલિટરી ચંદ્રક (સેના પદક) એનાયત કર્યો અને એ સન્માન સાથે જ તેઓને લાન્સ નાયકના પદે બઢતી આપવામાં આવી.

લાન્સ નાયક પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ભારતીય સૈન્યમાં લાન્સ કોર્પોરેલ (ઘોડે સવાર પલટનનો ભાલાવાળો સિપાહી) ની સમકક્ષનો હોદ્દો છે અને ઈ.સ ૧૯૪૭ પહેલાં બ્રિટિશ ઈન્ડિયન આર્મીમાં ઘોડેસવાર સેના ઘટક નાયકની નીચેના પદે લાન્સ દફ્ફદાર (daffadar) ની સમકક્ષ કામગીરી બજાવે છે. જયારે અન્ય યુનિટમાં હવાલદારની સમકક્ષનો હોદ્દો કહેવાય છે. બ્રિટિશ લાન્સ કોર્પોરેલ્સની જેમ સૈનિકના કોટની બાંય પર ‘વી’ (અંગ્રેજી ‘V’) આકૃતિનો પટ્ટો લગાવવામાં આવે છે.

૩ જૂન ૧૯૪૭ ના રોજ બ્રિટિશિસ દેશના ભાગલા માટે તેમની યોજનાની જાહેરાત કરી. તે સમયે દેશ નાના નાના રાજયોમાં વિભાજિત હતો. અંગ્રેજોએ એવો પ્રસ્તાવ રાખ્યો કે જે રિયાસતે હિન્દુસ્તાન કે પાકિસ્તાનના વિભાજિત થયેલા ભાગમાં જોડાવવું હોય તો જોડાઈ શકે છે અથવા સ્વતંત્ર રહેવું હોય તો પણ પોતાની મરજી જાહેર કરી શકે છે. લગભગ બધી જ રિયાસતોએ પોતાનો નિર્ણય જણાવ્યો. પણ તેમાં એક રિયાસત પર મહારાજા હરિસિંહની હુકૂમત હતી. એ રિયાસત જમ્મુ કાશ્મીર હતી. એમણે પોતાની પ્રજાની શું ઈચ્છા છે તે જાણવા રાહ જોઈ. નિર્ણય લેતા પહેલા થોડો સમય માંગ્યો, જે અંગ્રેજોએ આપ્યો પણ ખરો. ભારત અને પાકિસ્તાન બંનેએ આ સમય દરમિયાન શાંતિથી રાહ જોવાની હતી. એક તો ભારત તે સમયે વિભાજનની અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યું હતું. એટલે એ તો રાહ જોવાની નીતિ જ રાખીને બેઠું હતું. પરંતુ પાકિસ્તાન જમ્મુ કાશ્મીર પર પોતાનો ડોળો જમાવીને બેઠું હતું. એને તો લાગતું હતું કે મુસ્લિમ વસ્તી અને સરહદના હિસાબથી જમ્મુ કાશ્મીર તેને જ મળવું જોઈએ. પાકિસ્તાન આ રાહ જોવાના મામલે ધીરજ ગુમાવી બેઠું અને તેણે જમ્મુ કાશ્મીરને રાશન, તેલ , મીઠું, કેરોસીન જે હમેંશથી મોકલાતું હતું તે પુરવઠો મોકલવાનો બંધ કરીને જમ્મુ કાશ્મીરમાં આવી પાયાની ચીજોની અછત સર્જીને દબાણ કરવાનું ચાલું કરી દીધું. એટલું જ નહી પણ ૨૦ ઑક્ટોબર ૧૯૪૭ ના રોજ તો પાકિસ્તાને જમ્મુ કાશ્મીર પર રાજયની સરહદોમાં પુશ્તન આદિવાસી આતંકવાદીઓ મોકલીને ચારે તરફથી હુમલો પણ કરી દીધો. કાશ્મીરે ભારત પાસે ઘૂસણખોરો સામે રક્ષણ માટે ભારતીય સેનાની મદદ માંગી તો ભારતે કહી દીધું કે કાશ્મીર તો સ્વતંત્ર રહેવા માંગે છે માટે તેની વચ્ચે પડવું ઠીક નથી. આથી ગભરાઈને રાજા હરીસિંહે ભારત સાથે જોડાવવાનો પ્રસ્તાવ પત્ર લખી મોકલ્યો. જેનો ભારતે સ્વીકાર કર્યો. હવે લડાઈ ભારત અને પાકિસ્તાન વચ્ચેની થઈ ગઈ. એકબાજુ ભારત એકલું હતું, જયારે પાકિસ્તાન ને અંગ્રેજો ના સૈનિકો, નગરજનો, અધિકારીઓ વગેરેનો ચુપચાપ સથવારો હતો. ૨૮ ઑક્ટોબરથી ભારત આ યુદ્ધનો એક ભાગ બની ગયો અને એક સાથે અનેક મોરચે તેણે લડાઈના પગરણ માંડયા.

એકબાજુ બીજું વિશ્વયુદ્ધ શાંત થઈ ગયું હતું. પણ બીજીબાજુ ભારત અને પાકિસ્તાન વચ્ચેની તંગદિલી આઝાદી પછી વધી રહી હતી. ભૂતકાળમાં બડગામનો મોટો સબક ભારતીય જાંબાઝોએ પાકિસ્તાનીઓને શીખવાડયો હતો. છતાં પણ પાકિસ્તાને ફરીથી જમ્મુ કાશ્મીરના તીથવાલ અને રિચમાર વિસ્તારો પર પોતાનો ડોળો જમાવીને ઘૂસણખોરો દ્વારા અશાંતિ ફેલાવવાનું શરૂ કરી દીધું હતું. ૧૧ ઑક્ટોબર ૧૯૪૮ ના રોજ પાકિસ્તાને ભારતને ધમરોળવાની પૂરેપૂરી તૈયારી કરી લીધી હતી. પહેલાં તીથવાલને ઘેરીને શ્રી નગર ઘાટી પર કબજો જમાવતા, આગળ વધતા કાશ્મીર લઈને જ પાછા જવાનો અને ઈદની ઉજવણી કરવાનો મનસૂબો પાકિસ્તાને ઘડી કાઢયો હતો. અને એ દિવસ આવી પહોંચ્યો જયારે બે દિવસ પછી એટલે કે તા. ૧૩ ઑક્ટોબર ૧૯૪૮ ના રોજ

ઈદના દિવસે પાકિસ્તાન સેના તીથવાલને કબજે લેવા માટે ભારત પર મરણિયા થઈને તૂટી પડી. ભારતીય સેનાએ પણ તાત્કાલિક નિર્ણયો લીધા, હુકમો છોડયા અને ભારતીય સૈનિકો પણ માથે કેસરિયા બાંધીને અને હૈયામાં હામ અને હાથમાં ગન સાથે મેદાને જંગમાં તૂટી પડી. લાન્સ નાયક કરમસિંહને એક ટેકરી પરની પોસ્ટ સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી હતી અને એમની સાથે ત્રણ કમાન્ડરો પણ હતા.

દુશ્મનો સામરિક ક્ષેત્રમાંથી ભારતીય સેનાને હાંકી કાઢવા માટે તોપો, મોર્ટારના ધડાકા કરતા પૂરા જોશ સાથે આગળ વધી રહ્યાં હતાં. ચારે બાજુ અગન- જવાળા અને દુશ્મનોના તાંડવ સામે ભારતીય જવાનો પણ તેનો જડબાતોડ જવાબ આપી રહ્યાં હતા. પણ આખરે એક શીખ રેજિમેન્ટની ટુકડીએ પાકિસ્તાની સેનાની હિંમત તોડી નાંખતા ગોળીઓની રમઝટ અને બોંબ ધડાકાઓ શાંત થઈ ગયા . ભારતીય સેના આનાથી ખુશ થઈ ગઈ પણ તેને કલ્પના પણ નહોતી કે દુશ્મનો તેમની સાથે દાવ ખેલી રહ્યાં છે અને હાર્યા કે તૂટ્યા વિના બેવડી તાકાતથી તેમના પર ત્રાટકવાની તૈયારી કરી રહ્યાં છે.

થોડી જ વારમાં દુશ્મનોએ તોપગોળાઓ અને મોર્ટારોનો વરસાદ વરસાવવાનું શરૂ કરી દીધું. ત્યારે પહેલી ચોકી પર તૈનાત કરમસિંહે પોતાની ટુકડીના જવાનોને એટેકનો હુકમ આપ્યો અને એક પણ પાકિસ્તાની બચીને જવા ના પામે તે અંગેની તાકીદ કરી.

આદેશ મળતા જ ટુકડીના જવાનોએ એટેક શરૂ કરી દીધો. ચારેબાજુ ગોળીઓની રમઝટ, સામસામેના બોંબ ધડાકા, તોપમારો વગેરેથી આખું વાતાવરણ ગંધાઈ ઊઠયું. બે જવાનો સખત રીતે ઘાયલ થઈને બેભાન પડયા. કરમસિંહનો એક હાથ ઘાયલ થવાથી નકામો થઈ ગયો, દુશ્મનો તરફ થી સતત થતા બોંબમારા સામે આપણો દારૂગોળો ખૂટવા લાગ્યો, ગોળીઓની રમઝટ વચ્ચે બાજુની પોસ્ટ પરથી મદદની અપેક્ષા બિલકુલ નહોતી, બચવું મુશ્કેલ હતું, ઘાયલોની પીડા હતી, સંખ્યાબદ્ધ દુશ્મનો અને દુશ્મનોનો તીવ્ર હુમલો. દુશ્મનો સામે આ ટેકરીને બચાવવા માટે કરમસિંહ પાસે જે કંઈ બચ્યું હોય તો જખ્મી કરમસિંહ પોતે અને બીજા બે જવાનો, પણ ત્રણેય જણ ઝનૂનપૂર્વક દુશ્મનો પર તૂટી પડયા હતા. પણ ત્યાં જ અચાનક હવાને ચીરતી એક ગોળી આવી અને તે કરમસિંહના શરીરમાં પેસી ગઈ. કરમસિંહ નીચે પછડાયા. શરીરમાંથી રકતની ધારા જમીન પર રેડાઈ. એક જવાને દોડતા આવીને કરમસિંહને ટેકો આપવા માંડયો ત્યાં જ કરમસિંહે એને દૂર હડસેલીને કહ્યું, ''જવાન , મેરી ચિંતા મત કરો, મેરી જાનસે જયાદા કિંમતી યે ટેકરી હૈ, ઈસે હાથસે મત જાને દેના, તુમ દુશ્મનો કા સામના કરો , યે મેરા ઓર્ડર હૈ..''

સૈનિકે પાછા જઈને બેવડા ઝનૂનથી લડવા માંડયું જાન હથેળીમાં હતી પણ કરમસિંહ ઊભા થઈ ને ઘાયલ હાલતમાં લડવા માંડયા, ગોળાઓની રમઝટ વચ્ચે પણ તેઓ પેલા બે ઘાયલ સૈનિકો ને પાછળ આવેલા મુખ્ય મોરચા સુધી મૂકી આવ્યા. પણ પાછાં આવતાં તેમણે જોયું કે ભારતીય રેજિમેન્ટના મોટા ભાગનાં બંકરો નાશ પામ્યા હતા. અને ભારતીય સૈનિકો શહિદીની ચાદર ઓઢીને એ બંકરોના આંગણે પોઢયા હતા. પલટનના લગભગ બધાં જ બંકરો નાશ થઈ ચૂકયા હતા. જે જોઈને કરમસિંહ આગ-આગ થઈ ગયા અને એમણે અને એમના સાથી જવાનોએ પોઝીશન સંભાળીને થોડા દારૂગોળાથી પણ દુશ્મનોને જવાબ આપવા માંડયો અને બંને ધીરે ધીરે એવી કુનેહથી લડતા ગયા કે પોતાનો ઓછામાં ઓછો દારૂગોળો વપરાય અને વધારેમાં વધારે દુશ્મનો મરે અને આમ કરતાં દુશ્મનો હણાતા ગયા, છેવટે દારૂગોળો ખલાસ થઈ ગયો. પાકિસ્તાની સૈન્યને પીછેહઠ કરવાની ફરજ પડી, અચાનક બે પાકિસ્તાની સૈનિકો એકદમ એમની સામે આવી ગયા, પણ એ લોકો કંઈ વિચારે તે પહેલાં તો કરમસિંહ 'જો બોલે સો નિહાલ'ની સિંહસમી ત્રાડ નાંખીને એમના પર તૂટી પડયા અને મોતને ઘાટ ઉતારી દીધાં.

કરમસિંહની બહાદુરી અને કુનેહના કારણે છ છ, આઠ આઠ વાર હુમલો કરવાં છતા પણ દુશ્મનો નિષ્ફળ રહ્યાં. દુશ્મનોની રણનીતિ નિષ્ક્રિય કરી, કરમસિંહે કેટલાંયને મોતને ઘાટ ઉતાર્યા, બચેલાઓએ ઊભી પૂંછડીએ ભાગવું પડયું, ઓછો દારૂગોળો, માત્ર ત્રણ જણની ટુકડી અને પોતે ઘાયલ છતાં કરમસિંહે દુશ્મનોનો હુમલો નિષ્ફળ બનાવ્યો હતો. કરમસિંહે એક તસુભાર જમીન પણ દુશ્મનો ના હાથમાં નહોતી જવા દીધી. કરમસિંહે ના કસમ તોડી કે ના જમીન

છોડી અને એ વાત સિદ્ધ કરી કે જવાન જખ્મી થઈ શકે છે પણ જયાં સુધી જીવિત છે ત્યાં સુધી હારી નથી શકતો.

કરમસિંહ તેમના સાથીઓ માટે પ્રેરણારૂપ હતા અને દુશ્મનો માટે ભયરૂપ હતા. કટોકટીના સમયમાં તેમણે પોતાને નિર્ભયી, દૃઢ નિશ્ચયી અને આત્મવિશ્વાસુ આગેવાન સિદ્ધ કર્યા છે. કોઈ પણ વસ્તુ કે પરિસ્થિતિ તેમને વશ કરી શકી નહીં, જીતી શકી નહી કે કોઈપણ કઠણાઈ તેમના જુસ્સાને તોડી શકી નહી. આમેય 'સરદાર' નો અર્થ જ 'આગેવાન' થાય છે કોઈપણ વ્યકિત કે જે કટોકટીના સમયમાં પોતાની મનની દઢતાથી અને ઉત્કૃષ્ટ શકિતથી બીજાને દોરી જાય છે તે વ્યકિત 'સરદાર' છે. અને કરમસિંહને એવા જ "nerves of steel" ધરાવતા સરદાર કહી શકાય.

લાન્સ નાયક બન્યા બાદ પાકિસ્તાન સાથે ૧૯૪૮ ના યુદ્ધમાં તેઓએ ફરીથી શૂરવીરતાના દર્શન કરાવ્યા. તેમની આ અભૂતપૂર્વ હિંમત, ફરજ , બહાદુરી , તીવ્ર ગૌરવપૂર્ણ જુસ્સો, લડાઈમાં ઉત્કૃષ્ટ ભૂમિકા , નિષ્ઠાવાન ભકિત અને પરાક્રમ બદલ લાન્સ નાયક કરમસિંહને ભારતના સર્વોચ્ચ શૌર્ય રત્ન પરમવીર ચક્રથી અલંકૃત કરવામાં આવ્યા. ભારતના પ્રથમ પ્રેસિડન્ટ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે તેઓએ જયારે આ સન્માન સ્વીકાર્યું ત્યારે ભારત મા પણ એના આ વીર પુત્રને અહોભાવથી જોઈ રહી. કર્તવ્ય પરાયણતાથી પણ આગળ વધીને બહાદુરીની પરાકાષ્ઠાએ પહોંચવા માટે તેઓને પરમવીર ચક્રથી સન્માનવામાં આવ્યા હતા. ત્યારે અનેક હાથો એમને સલામી આપી રહ્યાં હતાં. લાન્સ નાયક કરમસિંહનું આ શૌર્ય આજે પણ ભારતીય સૈનિકો માટે પ્રેરણારૂપ છે. સપ્ટેમ્બર ૧૯૬૯ માં સશસ્ત્ર દળમાંથી નિવૃત થઈ તેમને માનદ કેપ્ટનની પદવી પણ એનાયત કરવામાં આવી હતી. શીપિંગ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાએ શીપિંગ પ્રધાનમંડળની મંજૂરી અને રક્ષણ અને રક્ષણ હેઠળ એક ઓઈલ ટેન્કરને કરમસિંહનું નામ આપ્યું. પંજાબ સરકારે પણ કરમસિંહની યાદમાં સાનગુરમાં જિલ્લા વહીવટી સંકુલમાં સ્મારકનું નિર્માણ કર્યું હતું. ભારતીય સૈન્ય દર વર્ષે ૨૩ મેને તિથવાલની સ્વતંત્રતા અને રીચમાર ગલીની લડાઈનો ખાસ દિવસ ઉજવે છે. ખરેખર તિથવાલની લડાઈ લાન્સ નાયક કરમસિંહના મહાન કાર્યો માટે યાદ રહેશે. ૧૯૪૭માં ભારતની સ્વતંત્રતા પછી ૧૫ ઑગસ્ટના રોજ ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ તેઓને ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે પસંદ કર્યા હતા.

ભારતીય સીમાના આ જાગ્રત પ્રહરીએ દેશને પોતાની બહાદુરીના વિજયનો ઈતિહાસ આપીને દીર્ઘ આયુષ્ય ભોગવીને ઈ.સ ૧૯૯૪ માં પોતાના ગામમાં શાંતિપૂર્વક અંતિમ શ્વાસ લીધાં. ત્યારે તેમની પત્ની ગુરુદયાલ કૌરને વાહે ગુરુનું સ્મરણ થયું હશે ? એકવાર કરમસિંહ મિત્રોની સાથે કબડ્ડી રમતાં હતાં. ત્યારે જ એક ટેમ્પામાં અનાજની ગુણીઓ આવી. જે ઘરમાં અનાજની ગુણી મૂકવાની હતી ત્યાં ઉપરના માળ પર ચડાવવાની હતી . કરમસિંહે બબ્બે ગુણી એક સાથે ઊંચકીને મેડા પર ચઢાવી દીધી, પણ તેમ કરતાં તેમની હથેળીઓ છોલાઈ અને તેમાંથી લોહી નીકળ્યું, અને ઉપરના માળે પરસાળમાં ઉભેલા કરમસિંહના હાથમાંથી લોહીની ધારા ટપકીને નીચે ઊભેલી ગુરુદયાલ કૌરની માંગમાં પડયું. સ્તબ્ધ ગુરુદયાલ વિચારમાં પડી ગઈ કે કદાચ આમાં વાહે ગુરુની કોઈ મરજી હશે, અને બન્યુ પણ એવું જ કે ગુરુદયાલ વાસ્તવમાં કરમસિંહની જીવનસંગિની બની રહી.

આ અપ્રતિમ સાહસ અને અદ્ભુત મનોબળ ધરાવતી વ્યકિતની - લાન્સ નાયક કરમસિંહની કથા હતી. કે જેઓ કહેતા હતાં કે, જે ભારતમાતાએ જન્મ આપ્યો છે એ ભારતમાતા માટે મરવું એ કંઈ મોટી વાત નથી.

ખાલસા યોદ્ધા કરમસિંહ... કરોડો ભારતવાસીઓની તમને લાખો સલામ !

" હે મુજ માતૃભૂમિ !
રગરગના પ્રતિસ્પંદનમાં બસ, તુ જ રહી છે ઘૂમી !
કણકણ માટી તારી, ગરવા
ભૂત થકી મધમધતી,
નર્યા તેજના સિંચન પામી
મોતી શી ઝગમગતી
હે મુજ માતૃભૂમિ !"

(૧૬૭૫ માં લડાયક મિજાજના લોકો વચ્ચે બંધુત્વ ઉદભવ્યું અને સીખ સમાજમાં સચોટ રીતે જોડાયેલા રહ્યાં તે ખાલસા.)

## હિચકી (૨૦૧૮):

પેરેન્ટ્સ, શિક્ષકો અને બાળકોએ અચૂક જોવા જેવી સુંદર ફિલ્મ. શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચેના મીઠાંમધુરા સંબંધોને દર્શાવતી અને આપણી શિક્ષણ પદ્ધતિના સારા-નરસા પાસાઓને રજૂ કરતી લાગણીસભર ફિલ્મ.

યશરાજ ફિલ્મના બેનર હેઠળ બનેલી ફિલ્મ "હિચકી" હોલિવૂડ મૂવિ "ફ્રન્ટ ઑફ ધી ક્લાસ"થી પ્રેરિત છે.

ટોરેટ સિન્ડ્રોમ નામનાં ન્યૂરોલોજિકલ ડિસઑર્ડરથી પીડાઇ રહેલી નૈના માથુર (રાની મુખર્જી) શિક્ષિકાની નોકરી મેળવવા માટે મુંબઇની જુદી-જુદી સ્કૂલોમાં ઇન્ટરવ્યૂ આપવા જાય છે. પરંતુ વારે-વારે તેનાં ગળામાંથી આવતા વિચિત્ર અવાજોને લીધે તેને ક્યાંય નોકરી મળતી નથી.

આખરે એક મિશનરી સ્કૂલમાં તાત્કાલિક શિક્ષિકાની ભરતી કરવી જરૂરી હોવાથી તેનો ચાન્સ લાગી જાય છે. પરંતુ ત્યાંનો ફક્ત ૧૪ સ્ટુડન્ટસનો ક્લાસ નૈનાને પોતાના ટીચર તરીકે સ્વીકારવા તૈયાર નથી.

સ્કૂલમાં તેમની ગણતરી નબળા અને ઠોઠ વિદ્યાર્થીઓમાં થતી હોવાને લીધે તેઓ હવે બળવાખોર બની ગયા હોય છે.

નૈના માથુર ધીરે ધીરે એ દરેકને પોતપોતાની ખાસિયતોથી વાકેફ કરાવે છે. અંતે, તમામ વિદ્યાર્થીઓને પણ પોતાના ટીચરનું મહત્વ સમજાઇ જાય છે.

મોટા શહેરોમાં જોવા મળતો ગરીબ-અમીરનો ભેદભાવ, હોશિયાર વિદ્યાર્થીઓ પ્રત્યે સ્કૂલ ટીચરનો પક્ષપાત, નબળા વિદ્યાર્થીઓને સહન કરવું પડતું અપમાન અને ભારત સરકારનાં રાઇટ-ટુ-એજ્યુકેશન ઍક્ટ પર આ ફિલ્મ મોટો કટાક્ષ છે. એક શિક્ષકનો વિદ્યાર્થીઓને શીખવાડવા માટે કરવો પડતો સંઘર્ષ, પિતા સાથેના મતભેદો, માતા-ભાઈ સાથેના પ્રેમાળ સંબંધો, પોતાની નબળાઈ સામેની હિંમતભેરની લડત વગેરે ફિલ્મની હાઈલાઈટ્સ છે.

શિક્ષણ ચાર દિવાલો અને છ કલાકના સ્કૂલટાઈમ પૂરતું સીમિત નથી. સ્કૂલમાં શિક્ષકો અને વિધ્યાર્થીઓ બંનેની ભૂમિકા કશુંક શીખવાની હોવી જોઈએ. એક શિક્ષક માટે બધા જ વિદ્યાર્થીઓ સમાન હોવા જોઈએ. તેમાં કોઈ ઉંચનીચ કે પક્ષપાત ન ચાલે. સાચો શિક્ષક વર્ગખંડની દિવાલોને ઓગાળીને જગતને વર્ગમાં લઈ આવતો હોય છે. શિક્ષકે વિદ્યાર્થીમાં જિજ્ઞાસાવૃત્તિ જાગ્રત કરી સંશય કરવાની ટેવ પાડવી જોઈએ. 'જે છે તેમ' સ્વીકારી લેવાનું વલણ ટાળવું જોઈએ.

વિક્ટર હ્યુગોનું એક પ્રચલિત વાક્ય છેઃ 'જે વ્યક્તિ એક શાળા ખોલે છે, તે સંસારનું એક જેલખાનું બંધ કરી દે છે.' કેળવણી એટલે વિવિધ જાણકારીઓનો ઢગલો નહીં. મનુષ્યમાં જે સંપૂર્ણતા ગુપ્ત રીતે વિદ્યમાન છે, તેને પ્રત્યક્ષ કરવી એ જ કેળવણીનું કાર્ય છે. વિશ્વ વિશાળ બને એટલું જ બસ નથી. વ્યક્તિનું મન, તેનું હૃદય પણ વિશાળ બનવું જોઈએ. એ શિક્ષણ દ્વારા જ શક્ય બને છે.

રાની મુખર્જીની એક્ટિંગ ખૂબ જ સુંદર છે, હિચકી વાળી ટીચરના પાત્રમાં જાણે રાની ઓતપ્રોત થઇ ગઇ હોય તેવી અત્યંત પ્રભાવશાળી એક્ટિંગ કરી છે. સ્લમ એરિયાના બાળકોનું પાત્ર ભજવનાર બાળકોએ પણ સુંદર અભિનય થકી ફિલ્મને ચાર ચાંદ લગાવી દીધા છે.

પ્રિન્સિપાલનાં પાત્રમાં દિગ્ગજ અભિનેતા શિવકુમાર સુબ્રમણ્યમ, ગ્રે-શેડેડ ટીચર નીરજ કાબી અને નૈના માથુરનાં માતા-પિતા તરીકે સુપ્રિયા પીળગાવકર તથા સચિન પીળગાવકરનો અભિનય લાજવાબ છે.

ડિરેક્ટરે નાની નાની બાબતની કાળજી લીધી છે. ફિલ્મમાં કોઈપણ સીન નકામો લાગતો નથી. રાનીના પાત્રને સ્ક્રીન પર ખૂબ જ સારી રીતે દર્શાવવામાં આવ્યું છે.

ફિલ્મનું મ્યૂઝિક ફિલ્મને અનૂરુપ છે.

અંતમાં બસ એટલું જ કહેવાનું કે દરેક શિક્ષકે વિદ્યાર્થી ક્યાં જઈ રહ્યો છે, અને શિક્ષકે ક્યાં જવાનું છે તેનું આત્મદર્શન કરવું જોઈએ.

# પ્રકાશન વિભાગ



**શિક્ષણપ્રયોગ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૨૨૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**ડોલ્ટન યોજના**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૭૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**વિરલ વિદ્યાપુરુષ**
ડો. મોહનભાઈ પંચાલ
કિંમત : ૧૦૦/-
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ



**શિક્ષણ વિચાર**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**જીવનલક્ષી શિક્ષણ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**કોઈએ નહોતું કીધું**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૪૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**સ્મરણયાત્રા**
જશીબેન નાયક
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સપનાં થયાં સાકાર**
હરિત પંડ્યા
કિંમત : ૧૨૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સ્મૃતિ સુમન**
કિંમત : ૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**કાળી વાદળી ઉજળી કોર**
જશીબેન નાયક
કિંમત : ૧૬/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સ્મૃતિના અસવાર**
જશીબેન નાયક
કિંમત : ૪૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**LIGHT IN THE EAST**
FREDA WHITLAM
Price : 40/-
Publisher :
Saraswati Vidya Mandal

NEW


**સંભારણાં**
કિંમત : ૧૭૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW


**સ્મૃતિ ઝરણાં**
કિંમત : ૧૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW


**સ્મરણ પુષ્પ**
કિંમત : ૯૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ


NEW


**સરદાર ગાથા**
કિંમત : ૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા • મે-૨૦૧૮ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

# ધરતીનાં તપ

પ્રહલાદ પારેખ



એવું રે તપી ધરતી, એવું રે તપી,
જેવાં તપ રે તપ્યાં'તાં એક દિન પારવતી સતી.
અંગ રે સુકાય, એના રંગ રે સુકાય,
કાયાનાં અમરત એનાં ઊડી ચાલ્યાં જાય,
તોયે ન આવ્યો હજુયે મેહુલો જતિ... એવું રે...
વન રે વિમાસે એનાં જન રે વિમાસે,
પંખીડાં જોતાં એનાં પશુઓ આકાશેઃ
જટાળો એ જોગી ક્યાંયે કળાતો નથી... એવું રે...
કહો ને તમે સૌ તારા દૂરે છો દેખનારા,
કહો ને ડુંગરનાં શિખરો ! આકાશે પહોંચનારાં,
આંખોની વીજ એની ઝબૂકી કહીં ?... એવું રે...
કહો ને સાગરનાં પાણી, તમને છે સંભળાણી
ઘેરી ગંભીર એની આવંતી ક્યાંયે વાણી ?
એની રે કમાન દીઠી તણાઈ કહીં ?... એવું રે..
આવો ને મેહુલિયા ! આવો, ધરતીનાં તપ છોડાવો.
રૂપે ને રંગે નવાં તપસીને એ સુહાવો;
અમરતથી હૈયું એનું દિયો ને ભરી !... એવું રે...

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.